# GARC નો ચોથો અહેવાલ

# ઓગસ્ટ, ૨૦૨૫

## ગુજરાતમાં વિકેન્દ્રિત આયોજન વ્યવસ્થા

ગુજરાત વહીવટી સુધારા પંચ

(GARC)

# વિષયસૂચિ


ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC) વિશે ........ 6

સંક્ષિપ્ત અહેવાલ ........ 8

૧.સંદર્ભ ........ 12

૧.૧ વહીવટી સ્તરે સમિતિનું ગઠન: જિલ્લા, તાલુકા અને પંચાયત ........ 17

જિલ્લા આયોજન મંડળ (District Planning Board) ........ 17

આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો (ATVT) કારોબારી આયોજન સમિતિ ........ 20

૨.ગ્રાંટ, યોજનાઓ અને કાર્યક્રમો ........ 21

૨.૧ વિવેકાધીન ગ્રાંટ ........ 22

૨.૨ વિકાસશીલ તાલુકા યોજના ગ્રાંટ ........ 26

૨.૩ ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના ગ્રાંટ ........ 27

૨.૪ રાષ્ટ્રીય તહેવારો માટે વિશેષ ગ્રાંટ ........ 28

૨.૫ આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો (ATVT) યોજના ........ 30

તાલુકા કક્ષાની કારોબારી સમિતિ ગ્રાંટ ........ 30

ATVT પ્રાંત ગ્રાન્ટ - ........ 31

ATVT પ્રતિ તાલુકા ગ્રાન્ટ ... 31

**૨.૬ ATVT વિકાસશીલ તાલુકા ગ્રાંટ** ... 33

યોજના મુજબ કાર્યસીમા – ... 34

**૨.૭ આયોજન વિભાગ દ્વારા આપવામાં આવતા ગ્રાંટ અને યોજનાઓનું અવલોકન** ... 35

**૩. ગુજરાતમાં બહુસ્તરીય આયોજનમાં પડકારો** ... 46

**૩.૧ કામનું પુનરાવર્તન** ... 47

૩.૨ માનવબળની અછત અને અસમાન કાર્યભાર વિતરણ ... 48

૩.3 પછાત તાલુકાના મૂલ્યાંકન માટે સમયાંતરે સમીક્ષાનો અભાવ ... 51

૩.૪ વિકાસ પરિયોજનાઓના આયોજન અને અમલીકરણમાં નબળું આંતર વિભાગીય સંકલન ... 52

૩.૫ ફંડના મહત્તમ ઉપયોગ માટે વિકાસલક્ષી હેતુઓ અને ક્ષેત્રીય પુરાવાના આધારે માર્ગદર્શિકાને મજબૂત બનાવવી ... 53

૩.૬ પરિયોજના પૂર્ણ કરવા માટે સમર્પિત સમયરેખા સાથે વાર્ષિક આયોજન કેલેન્ડરનો અભાવ ... 53

**૪. ભલામણો** ... 55

સુધારો ૧: સરકારી ઠરાવોનું સંકલન ... 55

**સુધારો ૨: ગુજરામાં બંધારણીય રીતે અધિકૃત જિલ્લા આયોજન સમિતિઓ દ્વારા જિલ્લા-સ્તરીય આયોજનને સુદૃઢ કરવું** ... 56

**સુધારો ૩: વિકાસ કાર્યોની પસંદગી માટે એક જ સત્તા તરીકે એકીકૃત તાલુકા આયોજન સમિતિ** ... 58

સુધારો ૪: આયોજનમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા માટે સંકલિત સોફ્ટવેર સિસ્ટમ ... 61

અમલીકરણ માર્ગદર્શિકા - ....62

સુધારો ૫: કાર્ય ફાળવણી અને કેડર તાકાતનું તર્કસંગતકરણ ....63

અન્ય રાજ્યોના ઉદાહરણ ....65

અમલીકરણ માર્ગદર્શિકા - ....66

સુધારો ૬: તમામ વિકાસ કાર્યો માટે નિશ્ચિત વાર્ષિક આયોજન સમયપત્રક ....67

અન્ય રાજ્યોના ઉદાહરણ- ....69

તબક્કાવાર અમલીકરણ માર્ગદર્શિકા ....71

સુધારો ૭: દેખરેખ અને જવાબદારીમાં સુધારો ....74

અમલીકરણ માર્ગદર્શિકા – ....75

સુધારો ૮: પુરાવા-આધારિત સમયાનુકૂળ પદ્ધતિ દ્વારા પછાત તાલુકાઓને ઓળખવાની પ્રક્રિયાને મજબૂત બનાવવી....77

અન્ય રાજ્યોના ઉદાહરણ ....85

**સુધારો ૯: આયોજન માટે બજેટ ફાળવણીમાં વધારો** ....86

અન્ય રાજ્યોના ઉદાહરણ ....89

અમલીકરણ માર્ગદર્શિકા ....89

જોડાણો ....91

સ્વીકૃતિઓ: .... 126

આભારની ખાસ નોંધ........................................................................................................................................ 128

## ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC) વિશે

ભારતમાં વહીવટી સુધારાઓ પારદર્શિતા, કાર્યક્ષમતા, જવાબદારી અને વહીવટી માળખા અને પ્રક્રિયાઓને સંસ્થાનવાદી પ્રભાવથી મુક્ત કરવા પર કેન્દ્રિત રહ્યા છે. આપણે બંધારણને સ્વીકાર્યું તેને ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે, રાષ્ટ્રને માર્ગદર્શિત કરતી બંધારણીય વહીવટી પ્રણાલીઓ અને તેના માળખા પર આપણને ગર્વ છે. મજબૂત વહીવટી માળખાએ બંધારણીય મૂલ્યોના અસરકારક અમલીકરણ અને જાહેર સેવાઓની પ્રભાવી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. આ સમયે જ્યારે આપણે વિકસિત ભારત @૨૦૪૭ના ધ્યેયને પૂર્ણ કરવા તરફ હરણફાળ ભરી રહ્યા છીએ ત્યારે, ગુજરાત સરકાર પણ આ લક્ષ્ય માટે યોગદાન આપવામાં કોઈ કસર નહિ છોડે.

આપણા દેશ સમક્ષ ગુજરાત સુશાસનનું એક આદર્શ ઉદાહરણ રહ્યું છે અને કેન્દ્ર સરકારની મુખ્ય યોજનાઓના અમલીકરણમાં હંમેશા અગ્રણી રહ્યું છે. ટેક્નોલોજીથી સજ્જ સેવા વિતરણ પ્લેટફોર્મ અને સ્વાગત પ્લેટફોર્મ જેવી ફરિયાદ નિવારણ સેવાઓનો પાયો પણ રાજ્યએ નાખ્યો છે. આ અમૃત કાળમાં જ્યારે આપણે વિકસિત રાષ્ટ્ર બનવા તરફ અગ્રેસર થઇ રહ્યા છીએ ત્યારે, ગુજરાત આધુનિક સમાજની જરૂરિયાતોને પૂર્ણ કરવા તેમજ સરકારી વિભાગોની વધી રહેલી જવાબદારીઓ અને શાસનના બદલાતા સ્વરૂપ સાથે તાલમેલ સ્થાપિત કરવાની પોતાની ક્ષમતાને વિકસિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

ગુજરાત સરકારના અંદાજપત્ર (૨૦૨૫-૨૬)માં ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC) ની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત થયાના એક અઠવાડિયાની અંદર ગુજરાત સરકારે ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સરકારી ઠરાવ દ્વારા ગુજરાત વહીવટી સુધારા પંચની રચના કરી, જેમાં પંચનું સંયોજન, વિચારાર્થ મુદ્દા (Terms of Reference) અને પંચનો સમયગાળો સમાવિષ્ટ છે. ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC) ની સ્થાપના વ્યાપક વહીવટી સુધારાઓને લાગુ કરવા માટે કરવામાં આવી છે. આ પહેલનો હેતુ રાજ્યની સંરચનાત્મક રૂપરેખા, કાર્યપદ્ધતિઓ અને કાર્યકારી પ્રક્રિયાઓને વધુ સારી બનાવવાનો છે. ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ રાજ્યની વહીવટી પ્રણાલીની કાર્યક્ષમતા, અસરકારકતા અને પ્રતિભાવક્ષમતાને મૂળભૂત રીતે મજબૂત બનાવવાના ઉદ્દેશથી પંચ કાર્ય કરશે.

પાયાથી શરૂઆતના અભિગમ (બોટમ-અપ અભિગમ)નો ઉપયોગ કરીને GARC વહીવટી સુધારા લાવવા માંગે છે. તેના માટે પંચ વહીવટી કામગીરી સાથે સંકળાયેલા તમામ હિસ્સેદારો સાથે નજીકથી કામ કરશે અને ફોકસ ગ્રુપ ચર્ચાઓ (FGDs) દ્વારા વહીવટી સુધારાઓ માટે જરૂરી આંતરદૃષ્ટિ મેળવશે. સામાન્ય વહીવટ વિભાગ, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ અને મહેસૂલ વિભાગના તમામ હિસ્સેદારો, નિષ્ણાતો અને ક્ષેત્ર ઉદ્યમીઓ સહિત અન્યો સાથે ફોકસ ગ્રુપ ચર્ચાઓ કરવામાં આવશે. ગુજરાત વહીવટી સુધારા પંચ સંપૂર્ણ-શાસનનો અભિગમ અપનાવશે અને નીચેના મુદ્દાઓ પર વિચારણા કરીને ભલામણો રજૂ કરશે:

I. વહીવટી અને શાસન માળખું (Administrative and Governance Structure)
II. માનવબળ અને માનવ સંસાધનોનું સુયોજન (Rationalization of Manpower and Human Resources)
III. નાણાકીય વ્યવસ્થાપન અને સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ (Financial Management and Resource Optimization)
IV. વિકેન્દ્રીકરણ અને સ્થાનિક શાસન (Decentralization and Local Governance)
V. ટેકનોલોજી અને નવીનતા (Technology and Innovations)
VI. નિરીક્ષણ અને મૂલ્યાંકન માળખું (Monitoring and Evaluation Structure)

## સંક્ષિપ્ત અહેવાલ

ગુજરાત વહીવટી સુધારા પંચ (GARC)ના પ્રસ્તુત અહેવાલમાં ગુજરાતની બહુ-સ્તરીય વિકેન્દ્રિત આયોજનની સ્થિતિનું આકલન કરવામાં આવ્યું છે. વર્તમાનમાં કાર્યરત માળખાનું વિશ્લેષણ કરીને, મુખ્ય પડકારો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે તેમજ કાર્યક્ષમતા, પારદર્શિતા અને પાયાના વિકાસને ઉન્નત કરવા માટે વિવિધ ભલામણો કરવામાં આવી છે. વર્તમાન નીતિઓ, ગ્રાંટના ઉપયોગ અંગેના વલણો અને વહીવટી માળખાઓની વ્યાપક સમીક્ષામાંથી આ નિષ્કર્ષ પ્રાપ્ત થયા છે.

**સંદર્ભ**

વર્ષ ૧૯૭૩ માં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની શરૂઆત સાથે ગુજરાતમાં વિકેન્દ્રિત આયોજનની શરૂઆત કરવામાં આવી હતી. અહીંથી જિલ્લા આયોજન મંડળની શરૂઆત થઇ હતી. ૧૯૯૨માં ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારા બાદ, ગુજરાતમાં બહુ-સ્તરીય આયોજનને જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયત સમિતિઓને સશક્ત બનાવતા કાયદાઓ દ્વારા વધુ મજબૂત બનાવવામાં આવ્યું હતું. મુખ્ય વિચાર "પાયાથી શરૂઆત"નો અભિગમ હતો જ્યાં સ્થાનિક જરૂરિયાતો વિકાસને આગળ ધપાવે છે, ભાગીદારીને પ્રોત્સાહન આપે છે તેમજ સત્તા, કાર્યો અને ભંડોળના હસ્તાંતરણને પ્રોત્સાહન આપે છે. બહુ-સ્તરીય આયોજન માટેના ગુજરાતના માળખામાં જિલ્લા કાર્યકારી આયોજન સમિતિ, તાલુકા આયોજન સમિતિ અને ATVT કાર્યકારી આયોજન સમિતિ જેવી વિવિધ સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ યોજનાઓને સુદ્રઢ કરવા માટે તેમજ સંસાધનોની ફાળવણી માટે જવાબદાર છે.

રાજ્ય બજેટ ફાળવણી એક વ્યૂહાત્મક ગેપ-ફંડિંગ તંત્ર તરીકે કામ કરે છે, જેમાં લવચીકતા પ્રદાન કરવા માટે વિવેકાધીન ગ્રાંટની રચના કરવામાં આવી છે. તેનું સમર્થન કરતી મુખ્ય યોજનાઓમાં વિવેકાધીન ગ્રાંટ, વિકાસશીલ તાલુકા યોજના ગ્રાંટ, ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના ગ્રાંટ, રાષ્ટ્રીય તહેવારો માટે વિશેષ ગ્રાંટ અને આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો (ATVT) યોજનાનો સમાવેશ થાય છે.

## પડકારો

ગુજરાતના વિકેન્દ્રિત આયોજનમાં અનેક પ્રણાલીગત પડકારોનો સામનો કરવો પડે છે જેના લીધે અસરકારકતામાં અવરોધ પેદા થાય છે. ગ્રાંટ ઉપયોગનું અવલોકન કરવાથી સ્થિર ફાળવણી, ઘટતો ઉપયોગ, યોજના-વિશિષ્ટ ઘટાડા, બિનખર્ચિત ભંડોળનો સંચય અને ક્ષેત્રીય અસંતુલન જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ જોવા મળ્યા છે. વધુમાં, આંતરવિભાગીય સંકલન, માનવબળ, કામગીરીની ફાળવણી અને બજેટ વિચારણાના સંદર્ભમાં અનેક પડકારો છે. આ મુદ્દા નીચે સૂચિબદ્ધ છે:

- કામનું પુનરાવર્તન: તાલુકા સ્તરે કાર્યરત ઘણી સમિતિઓ સમાન વિકાસ લક્ષ્યો અને સભ્યો સાથે એક જ ગામ માટે એક જ પ્રકારના કામની પસંદગી કરે છે. તેના પરિણામે બિનજરૂરી વહીવટી પ્રક્રિયાઓ, સમય અને શક્તિનો બગાડ અને અસંતુલિત વિકાસ જોવા મળે છે.
- માનવબળની અછત અને અસમાન કાર્યભાર વિતરણ: તાલુકા અને જિલ્લા સ્તરે આયોજન અને અમલીકરણ માટે કુશળ કર્મચારીઓની મોટાપાયે ઘટ છે.
- પછાત તાલુકાના મૂલ્યાંકન માટે સમયાંતરે સમીક્ષાનો અભાવ: ૫૧ પછાત તાલુકાઓને ૪૫ માનવ વિકાસ સૂચકાંકો પર આધારિત વિશેષ ભંડોળ મળે છે, પણ તેમના વાસ્તવિક વિકાસનું મૂલ્યાંકન કરવા માટે કોઈ નિયમિત સમીક્ષા પદ્ધતિ નથી. તેના લીધે વિકાસ માપદંડોની ગેરરજૂઆતને પ્રોત્સાહન મળે છે જેથી ભંડોળ પ્રાપ્ત થતું રહે

- નબળું આંતર વિભાગીય સંકલન: પ્રોજેક્ટ્સ અને નાણાકીય બાબતોને ટ્રેક કરવા માટે વિવિધ ડિજિટલ પોર્ટલના અસ્તિત્વનો અર્થ એ છે કે વિભાગો સિલોસમાં કામ કરે છે. તાલુકા સ્તરે એક સંકલિત સિસ્ટમનો અભાવ છે.
- ભંડોળના મહત્તમ ઉપયોગ માટે માર્ગદર્શિકાનો અભાવ: વિવિધ યોજનાઓ અંતર્ગતના કાર્યો અંગે સ્પષ્ટ માર્ગદર્શિકાનો અભાવ છે જેના લીધે તેના અર્થઘટન અને અમલીકરણમાં વિસંગતિ જોવા મળે છે.
- વાર્ષિક આયોજન કેલેન્ડરનો અભાવ: ગ્રાંટની મંજૂરી અને ભંડોળ જારી કરવામાં વિલંબના કારણે, એક વર્ષમાં પરિયોજનાઓ પૂર્ણ કરવાની જોગવાઈ હોવા છતાં તેમાં 3-4 વર્ષનો સમય લાગે છે.

આ પડકારોને દૂર કરવા અને ગુજરાતમાં વિકેન્દ્રિત આયોજનને સુધારવા માટે, અહેવાલમાં નીચે મુજબ મુખ્ય ભલામણો પ્રસ્તાવિત કરવામાં આવી છે:

૧ ગુજરાત રાજ્યમાં બહુ-સ્તરીય આયોજનની તમામ નવી જોગવાઈઓનો ઉલ્લેખ કરતો એક એકત્રિત ઠરાવ (GR) સરકાર જાહેર કરી શકે છે.

૨ સરકાર વિવિધ યોજનાઓ અને વિભાગો હેઠળના તમામ જિલ્લા-સ્તરીય આયોજન કાર્યો દરેક જિલ્લામાં સંબંધિત જિલ્લા આયોજન સમિતિ (DPC) ને સોંપવા માટે યોગ્ય આદેશ અથવા જાહેરનામું બહાર પાડવાનું વિચારી શકે છે, જેના દ્વારા સમાંતર અને હવે બિનજરૂરી જિલ્લા આયોજન મંડળ (DPB) માળખાને તબક્કાવાર રીતે દૂર કરી શકાય.

૩ દરેક તાલુકામાં એક એકીકૃત તાલુકા આયોજન મંડળની સ્થાપના કરી શકાય છે જે વિસ્તારના તમામ વિકાસ કાર્યોની દેખરેખ રાખે, કામોનું પુનરાવર્તન ઘટાડે, વહીવટી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરે અને ક્ષેત્રનો સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરે.

૪ ગુજરાતમાં તમામ બહુ-સ્તરીય વિકાસ કાર્યોના આયોજન, મંજૂરી અને દેખરેખ માટે એક સંકલિત, GIS-આધારિત પોર્ટલ વિકસાવવાની ભલામણ કરવામાં આવે છે.

૫ સરકાર પ્રસ્તાવિત એકીકૃત તાલુકા આયોજન સમિતિ હેઠળ અનુદાનના મહત્તમ ઉપયોગ માટે તેને સુવ્યવસ્થિત બનાવી શકે છે અને તાલુકા અને જિલ્લા સ્તરે જરૂરિયાતો અને પ્રાથમિકતાઓના આધારે માનવશક્તિની ભરતી અથવા પુનઃનિયુક્તિ હાથ ધરી શકે છે.

૬ સરકાર આયોજન સંબંધિત તમામ પ્રવૃત્તિઓ માટે એક નિશ્ચિત વાર્ષિક કેલેન્ડર રજૂ કરી શકે છે, જેમાં શરૂઆત, ટ્રેકિંગ અને મૂલ્યાંકનનો સમાવેશ થાય છે.

૭ નિરીક્ષણ અને જવાબદારીને સુવ્યવસ્થિત કરવા માટે સરકાર એક સુદ્દઢ કામગીરી મૂલ્યાંકન પ્રણાલી બનાવી શકે છે. વધુમાં, શ્રેષ્ઠ પ્રદર્શન કરતી જિલ્લા આયોજન કચેરીઓને પ્રોત્સાહન આપવા માટે એક એવોર્ડ સિસ્ટમ વિકસિત કરી શકાય છે.

૮ રાજ્ય એક ગતિશીલ મૂલ્યાંકન પ્રણાલી દ્વારા તમામ તાલુકાઓના પછાતપણાના મૂલ્યાંકન માટે એક વ્યાપક, સામયિક સમીક્ષા પ્રણાલી વિકસાવી શકે છે, અને વિકાસના અલગ અલગ હેતુ અનુસાર સંસાધનોની ફાળવણી કરી શકે છે.


૯ રાજ્યવ્યાપી આયોજન માટે બજેટની ફાળવણી ઉભરતી જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ અનુસાર વધારી શકાય છે, જે આગામી પાંચ વર્ષમાં વર્તમાન ₹૧૪૯૧ કરોડથી આશરે ₹૧૦૦૦૦ કરોડ થઈ શકે છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને સી તથા ડી વર્ગની નગરપાલિકાઓને વધુ ફાળવણી આપીને મોટા કામો ટેન્ડર-આધારિત પ્રક્રિયા દ્વારા હાથ ધરી શકાય છે અને વધુ જરૂરિયાત-આધારિત આયોજન કરી શકાય છે.

## ૧.સંદર્ભ

૧૯૬૦માં રાજ્યની રચના પહેલાંથી ગુજરાતમાં સ્વશાસનનો વારસો રહ્યો છે જેમાં ગ્રામ પરિષદો, પંચાયતો અને પાલિકાઓ દ્વારા વહીવટનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધીના ગ્રામ સ્વરાજના દ્રષ્ટિકોણથી પ્રેરિત થઈને, ગુજરાતના ઘણા ગામડાઓમાં રાષ્ટ્રીય સુધારાઓ પહેલાં સ્થાનિક સંસાધનો અને સમૂહ વિકાસનું સંચાલન કરતી પંચાયતો કાર્યરત હતી. ૧૯૫૭માં બળવંતરાય મહેતા સમિતિએ ત્રિ-સ્તરીય પંચાયતી રાજ પ્રણાલીની ભલામણ કરી હતી જેને ગુજરાત રાજ્યએ ૧૯૬૦માં રાજ્યના ગઠન બાદ અપનાવેલી છે. અમૂલ ડેરી મોડેલ જેવા ગુજરાતના


સહકારી આંદોલનોએ દર્શાવ્યું કે સ્થાનિક લોકો આર્થિક વિકાસને કેવી રીતે આગળ ધપાવી શકે છે. ગુજરાત એ જિલ્લા-સ્તરીય આયોજન મંડળો (૧૯૮૦) અને ત્યારબાદ તાલુકા-સ્તરીય આયોજન સમિતિઓની સ્થાપના કરનારા સૌથી અગ્રણી રાજ્યો પૈકી એક હતું જેમાં આયોજન અને સંસાધનોની ફાળવણી માટે સંબંધિત અધિકારક્ષેત્રોના જનપ્રતિનિધિઓ અને અધિકારીઓનો સમાવેશ થતો હતો. તેના પરિણામે પાયાના સ્તરે નિર્ણય લેવાની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવામાં આવી જેથી તેને વધુ સમાવિષ્ટ અને સહભાગી બનાવી શકાય અને સ્થાનિક જરૂરિયાતો અનુસાર વિકાસ સુનિશ્ચિત કરી શકાય.

ભારતીય જાહેર વહીવટ સંસ્થા અને પંચાયતી રાજ મંત્રાલય દ્વારા તૈયાર કરાયેલા તાજેતરના ડિવોલ્યુશન ઇન્ડેક્સ ૨૦૨૪ અનુસાર આ મજબૂત પાયાને કારણે રાજ્ય સતત સારું પ્રદર્શન કરી શક્યું છે અને ઇન્ડિયન ડિવોલ્યુશન ઓફ પાવર્સના માળખામાં છઠ્ઠું સ્થાન પ્રાપ્ત કરવામાં સક્ષમ બન્યું છે. આ દર્શાવે છે કે સ્થાનિક સંસ્થાઓ નાણાકીય, વહીવટી અને કાર્યાત્મક રીતે સશક્ત છે. તાલુકા અને જિલ્લા સ્તરે સહભાગી આયોજન પર રાજ્યએ સતત ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેમજ ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ (GPDPs) પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. વિકેન્દ્રિત આયોજનને વધુ સુદૃઢ બનાવવા અને સ્થાનિક સ્વશાસનને સુધારવા માટે તે એક સ્પષ્ટ દ્રષ્ટિકોણને દર્શાવે છે.




*આકૃતિ ૦૧: વિકેન્દ્રિત આયોજનના સામાન્ય સિદ્ધાંતો*

આ વિકેન્દ્રિત અભિગમને મજબૂત બનાવવા માટે, રાજ્યના બજેટમાં એક વ્યૂહાત્મક ગેપ-ફંડિંગ પ્રણાલીની જોગવાઈ કરવામાં આવી છે જેના લીધે જિલ્લા-સ્તરીય આયોજનમાં કેન્દ્રિય દૃષ્ટિકોણના સ્થાને સ્થાનિક જરૂરિયાતોને પ્રાથમિકતા આપી શકાય. આ ઉદ્દેશ્યને સહયોગ આપવા માટે જિલ્લાઓ માટે વિશેષ રીતે વિવેકાધીન ગ્રાંટની જોગવાઇ કરવામાં આવી છે (આકૃતિ ૦૨માં દર્શાવ્યા અનુસાર), જે સ્થાનિક વિકાસની પ્રાથમિકતાઓને સંબોધિત કરવામાં મદદરૂપ બને છે. (પ્રકરણ ૦૨માં વિગતવાર ચર્ચા કરવામાં આવી છે).




*આકૃતિ ૦૨: ગુજરાતમાં બહુ-સ્તરીય આયોજનનું હાલનું માળખું*

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ એ સિદ્ધાંત પર આધારિત છે કે રાજ્ય યોજનાના ખર્ચનો આશરે એક તૃતીયાંશ (૬૫:૩૫) હિસ્સો જિલ્લા-સ્તરીય યોજનાઓ માટે ફાળવવામાં આવે. આ હિસ્સામાંથી, ૮૦% રાજ્ય સ્તરે આયોજિત જિલ્લાના વ્યાપક ખર્ચ માટે, જ્યારે ૨૦% ગેપ ફંડિંગ માટે સમર્પિત છે. આ ૨૦%ની અંદર, ૧૫% વિવેકાધીન આયોજન (જિલ્લા, તાલુકા, નગરપાલિકા અને જિલ્લા વહીવટ) માટે અનામત રાખવામાં આવે છે, અને ૫% પ્રોત્સાહન-આધારિત આયોજન માટે અલગ રાખવામાં આવે છે. પહેલા જે ગતિશીલ ભંડોળ હતું તે હવે એક નિશ્ચિત ઘટક છે.

નવીન વિચારોને સ્વીકારવામાં એક રાજ્ય તરીકે ગુજરાત હંમેશા તત્પર રહે છે. વિચારોને અપનાવીને ગુજરાતને રાષ્ટ્રીય સ્તરે એક અગ્રણી રાજ્ય બનવાના વિઝનમાં આગળ લઇ જવા માટે ગુજરાત વહીવટી સુધારા પંચ દ્વારા

આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. પંચનો ઉદ્દેશ છે કે આ અહેવાલના માધ્યમથી વિકેન્દ્રિત આયોજનના પડકારોનો ઉકેલ લાવવામાં આવે (જુઓ આકૃતિ 03) જે રાજ્યની બદલાતી જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ સાથે સંરેખિત છે.

| | | |
|---|---|---|
| સત્તાસોંપણીમાં સુધારો | રાજકોષીય સુયોજન | સંસ્થાકીય માળખાને મજબૂત બનાવવું |
| જનભાગીદારી વધારવી | ટેકનિકલ ક્ષમતાનું નિર્માણ અને વહીવટી કુશળતાનો ઉપયોગ | આયોજન, અમલીકરણ અને દેખરેખ માટે ટેક્નોલોજીનો સમાવેશ |

આકૃતિ *03:* વિકેન્દ્રિત આયોજનમાં પડકારો

આ અહેવાલની શરૂઆતમાં ગુજરાતની વિકેન્દ્રિત આયોજન પ્રણાલી અને તેમાં સમયાંતરે થયેલા વિકાસની રૂપરેખા સમજાવવામાં આવી છે. ત્યારબાદ તે સ્થાનિક શાસન અને આયોજનને વધુ મજબૂત બનાવવા માટે વર્તમાન પડકારો અને નવી તકોનું આકલન કરવામાં આવ્યું છે. આ અહેવાલ વહીવટી કાર્યને સરળ બનાવવા, ગ્રાંટનો વધુ અસરકારક રીતે ઉપયોગ કરવા, સ્થાનિક સ્તરે માનવશક્તિને મજબૂત બનાવવા, વિભાગો વચ્ચે સંકલન સુધારવા અને ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને આયોજનને વધુ સમાવિષ્ટ અને ભવિષ્ય માટે સજ્જ બનાવવા પર કેન્દ્રિત છે. આ પ્રયાસોનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે ગુજરાત તેના મજબૂત વારસાને જાળવીને રાજ્ય સહિત દેશ માટે સ્થાનિક સ્વશાસન અને વિકાસના નવા માપદંડો સ્થાપિત કરે.

## ૧.૧ વહીવટી સ્તરે સમિતિનું ગઠન: જિલ્લા, તાલુકા અને પંચાયત

ગુજરાતમાં વિકેન્દ્રિત આયોજનને જિલ્લા, તાલુકા અને પંચાયત સ્તરે સમર્પિત સમિતિઓ દ્વારા લાગુ કરવામાં આવે છે, જેમાં દરેક સમિતિની ભૂમિકાઓ અને જવાબદારીઓ નિર્ધારિત છે. આ ત્રિ-સ્તરીય વ્યવસ્થામાં સહભાગી અને જરૂરિયાત આધારિત વિકાસના આયોજન માટેના કાર્યો અને સંસ્થાઓની રચના અંગેની રૂપરેખા આ પરિચ્છેદમાં આપવામાં આવી છે.

### જિલ્લા આયોજન મંડળ (District Planning Board)

જિલ્લા આયોજન મંડળ (DPB) વિકેન્દ્રિત આયોજનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે પંચાયતો અને નગરપાલિકાઓ દ્વારા બનાવેલી યોજનાઓને એક સમગ્ર જિલ્લા વિકાસ યોજનામાં જોડે છે. આ યોજનામાં પ્રસ્તાવિત પરિયોજનાઓ, યોજનાઓ અને વિવિધ ક્ષેત્રોમાં સંસાધનો કેવી રીતે વહેંચવામાં આવશે તેની યાદી આપવામાં આવી છે. તેનો ધ્યેય સંતુલિત અને સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપવાનો, ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચેનું અંતર ઘટાડવાનો અને પાયાના સ્તરેથી


સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. તેના સંસ્થાકીય માળખા અને રચના (જુઓ આકૃતિ ૦૪) ને જોવાથી તેના પ્રતિનિધિત્વ, સભ્યોની ભૂમિકાઓ અને જવાબદારીઓને સમજવામાં મદદ મળે છે.




*આકૃતિ ૦૪: જિલ્લા આયોજન મંડળની વર્તમાન રચના*

### જિલ્લા કાર્યકારી આયોજન સમિતિ:


કાર્યકારી આયોજન સમિતિ જિલ્લા આયોજન મંડળના સહયોગ માટે મુખ્ય ભૂમિકા ભજવે છે. ભંડોળ માટેની દરખાસ્તો મંડળ સુધી પહોંચે તે પહેલા આ સમિતિ તેની તપાસ કરે છે અને રાજ્ય સરકારની માર્ગદર્શિકા સાથે સુસંગતતા સુનિશ્ચિત કરે છે. સાથોસાથ સમિતિ યોજનાના અમલીકરણ પર દેખરેખ રાખે છે, અવરોધોની ઓળખ કરે છે અને સુધારાત્મક પગલાં લેવાની ભલામણ કરે છે. (સમિતિની રચના જાણવા માટે આકૃતિ ૦૫ જુઓ.)




*આકૃતિ ૦૫: જિલ્લા કાર્યકારી આયોજન સમિતિની વર્તમાન રચના*

## તાલુકા આયોજન સમિતિ

તાલુકા આયોજન સમિતિઓ ઉપલબ્ધ ભંડોળને ધ્યાનમાં રાખીને ગામડાઓની તાત્કાલિક જરૂરિયાતો અનુસાર દરખાસ્તો તૈયાર કરે છે અને વિકાસ માટેની પ્રાથમિકતાઓ સ્પષ્ટપણે નક્કી કરે છે. તેઓ નિયમિત માસિક બેઠકો દ્વારા તાલુકામાં થયેલા કાર્યોની પ્રગતિની સમીક્ષા પણ કરે છે. સમિતિનું માળખું નીચે આકૃતિ ૦૬માં દર્શાવવામાં આવ્યું છે.




*આકૃતિ ૦૬: તાલુકા આયોજન સમિતિની વર્તમાન રચના*

**આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો (ATVT) કારોબારી આયોજન સમિતિ**

ગામના પ્રોફાઇલના આધારે, ATVT કારોબારી આયોજન સમિતિ એવા ગામોને પ્રાથમિકતા આપે છે જ્યાં મૂળભૂત માળખાકીય સુવિધાઓ અને આવશ્યક સેવાઓનો અભાવ હોય. આ સમિતિ ખૂટતું ઇન્ફ્રાસ્ટ્રક્ચર શોધે છે અને એવી પરિયોજનાઓ પસંદ કરે છે જેના દ્વારા પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરી શકાય અને સમુદાયો માટે મુખ્યત્વે આંતરિક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરા વ્યવસ્થાપન અને પીવાના પાણીની સુવિધાઓ સહિતના ચાર ક્ષેત્રોને લગતી સમસ્યાઓ દૂર કરી શકાય. ફક્ત આ ચાર પ્રકારના કામો માટે જ મંજૂરી આપવામાં આવે છે, અને તેમા સંપૂર્ણપણે સરકારી ગ્રાંટનો ઉપયોગ કરવામાં આવે છે. આ કામગીરીમાં જાહેર ભંડોળના ઉપયોગની મંજૂરી નથી. આકૃતિ ૦૭માં ATVT કારોબારી આયોજન સમિતિની રચના દર્શાવવામાં આવી છે.




*આકૃતિ ૦૭: ATVT કારોબારી આયોજન સમિતિની વર્તમાન રચના*

## ૨.ગ્રાંટ, યોજનાઓ અને કાર્યક્રમો

ગુજરાતમાં બહુ-સ્તરીય આયોજનને હેતુ આધારિત ગ્રાંટ અને યોજનાઓ દ્વારા સહયોગ મળે છે છે જે સ્થાનિક સ્વ-શાસનને મજબૂત બનાવે છે અને વિકાસમાં લોકોની ભાગીદારીને પ્રોત્સાહન આપે છે. આ ભંડોળના લીધે સ્થાનિક સંસ્થાઓને તાત્કાલિક જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદ મળે અને સાથોસાથ આયોજિત પરિયોજનાઓ, વિસ્તાર-આધારિત કાર્યક્રમો અને રાષ્ટ્રીય કાર્યક્રમોની સ્થાનિક સ્તરે ઉજવણી કરવામાં પણ તે સહયોગ કરે છે. મહત્વપૂર્ણ યોજનાઓમાં વિવેકાધીન ગ્રાંટ, વિકાસલક્ષી

તાલુકા યોજના ગ્રાંટ, ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ (MLA-LAD) યોજના ગ્રાંટ, રાષ્ટ્રીય તહેવારો માટે વિશેષ ગ્રાંટ અને આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો (ATVT) યોજનાનો સમાવેશ થાય છે.

## ૨.૧ વિવેકાધીન ગ્રાંટ

વિવેકાધીન ગ્રાંટ એ એવા ભંડોળ છે જે મૂળભૂત રીતે આવશ્યક સ્થાનિક પ્રાથમિકતાઓને પૂર્ણ કરતા કાર્યો અને મૂળભૂત સુવિધાઓ પ્રદાન કરતી નાની પરંતુ મહત્વપૂર્ણ સમૂહ વિકાસ પરિયોજનાઓને પૂર્ણ કરવા માટે આપવામાં આવે છે. મૂળભૂત જરૂરિયાતોના કાર્યોમાં ગ્રામીણ રસ્તાઓ, પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય સેવાઓ, પાણી પુરવઠો, વીજળીકરણ, સ્વચ્છતા અને આવાસ સુધારણાનો સમાવેશ થાય છે. બિન-મૂળભૂત જરૂરિયાતોના કાર્યોમાં વનીકરણ, કૃષિ, નાની સિંચાઈ પરિયોજનાઓ, ભૂમિ સંરક્ષણ, પશુપાલન, ડેરી ફાર્મિંગ, જૂથ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થાઓ સંબંધિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ગ્રાંટમાં ચાર મુખ્ય ઘટકો છે, દરેકનું પોતાનું અલગ બજેટ અને સદર છે.

**અ.) જિલ્લા સ્તરનું ગ્રાંટ - ₹1.5 કરોડ પ્રતિ જિલ્લો:**

આ ગ્રાંટ હેઠળ સરહદી તાલુકા અથવા ગામડા વચ્ચેના રસ્તાઓ, સિંચાઈ, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, વીજળીકરણ વગેરે કાર્યોનો સમાવેશ થાય છે જે બેથી વધુ તાલુકા સાથે જોડાયેલા હોય. આ ગ્રાંટ અંતર્ગત એક કામ માટે મહત્તમ મર્યાદા ₹૧૫ લાખ છે. (આકૃતિ ૦૮ જુઓ)




*આકૃતિ ૦૮: જિલ્લા સ્તરનું ગ્રાંટ*

### અ.) તાલુકા સ્તરે વિવેકાધીન ગ્રાંટ

આ ગ્રાંટ અંતર્ગત તાલુકાઓમાં ગામડાઓની સંખ્યાના આધારે અલગ અલગ રકમ ફાળવવામાં આવે છે. જિલ્લા સ્તરના કાર્યો સહિત  કૃષિ, જમીન સંરક્ષણ, પશુપાલન અને ડેરી સહિતના બિન-મૂળભૂત જરૂરિયાતોના કાર્યો પણ તેમાં આવરી લેવામાં આવે છે. (આકૃતિ ૦૯ જુઓ)



*આકૃતિ ૦૯: તાલુકા સ્તરે વિવેકાધીન ગ્રાંટ*

**ક.) નગર વિકાસ કાર્યો:**

રાજ્યની દરેક નગરપાલિકાને ₹૨૫ લાખનું ગ્રાંટ ફાળવવામાં આવે છે. આ ભંડોળ માટેની મંજૂરી પ્રક્રિયા તેમજ તેની અંતર્ગત થતા કાર્યો વિશે નીચે આકૃતિ ૧૦માં દર્શાવવામાં આવ્યું છે.




*આકૃતિ ૧૦: નગર વિકાસ કાર્યો*

**ડ.) જિલ્લા વહીવટી તંત્ર:**

જિલ્લા વહીવટી તંત્ર હેઠળ, દરેક જિલ્લાને ₹૧ કરોડ મળે છે, જેમાંથી ₹50 લાખ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવે છે.



*આકૃતિ ૧૧: જિલ્લા વહીવટી તંત્ર*

## ૨.૨ વિકાસશીલ તાલુકા યોજના ગ્રાંટ

૨૦૦૪માં, શ્રી વી.આર.એસ. કૌલગી (નિવૃત્ત આઈએએસ) ના નેતૃત્વ હેઠળ કૌલગી સમિતિએ ગુજરાતમાં વિકાસના બદલાતા સ્વરૂપની સમીક્ષા કરી. તેમણે ૪૪ અલગ અલગ સૂચકોનો ઉપયોગ કરીને તમામ ૨૨૫ તાલુકાઓના પછાતપણાના અભ્યાસ કર્યો અને તેમની સરખામણી કરવા માટે એક સંયુક્ત સૂચકાંક બનાવ્યો. આ અભ્યાસના આધારે, ૧૭ જિલ્લાઓમાં ૫૧ તાલુકાઓની ઓળખ કરવામાં આવી જે માનવ વિકાસ સૂચકાંક (HDI) માપદંડોમાં નબળા હતા. આ મુખ્ય યોજનાઓ અંતર્ગત આ તાલુકાઓને "વિકાસશીલ તાલુકા" તરીકે જાહેર કરવામાં આવ્યા.

૫૧ તાલુકાઓના વિકાસ માટે પ્રતિ તાલુકો ₹૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ યોજના હેઠળના કાર્યો ચાર સૂચકો અંતર્ગત જણાતી ખામીઓને દૂર કરે છે - મૂળભૂત જરૂરિયાતો, ગરીબી, શિક્ષણ અને આરોગ્ય.




*આકૃતિ ૧૨: વિકાસશીલ તાલુકા યોજના ગ્રાંટ*

## ૨.૩ ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના ગ્રાંટ

ગુજરાતમાં ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MLA - LAD) અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે. તેના દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓના સૂચનોના આધારે વિધાનસભાના સભ્યો તેમના મતવિસ્તારમાં સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ વિકાસ કાર્યોનું સૂચન કરી શકે છે. (આકૃતિ ૧૩).




*આકૃતિ ૧૩: ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના ગ્રાંટ*

એપ્રિલ ૨૦૨૫થી, ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MLA LADS) માટે વાર્ષિક ફાળવણી ₹૧.૫ કરોડથી વધારીને ₹૨.૫ કરોડ કરવામાં આવી છે. આ વધારાની ફાળવણીના લીધે જળ સંરક્ષણ પરિયોજનાઓને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે.


## ૨.૪ રાષ્ટ્રીય તહેવારો માટે વિશેષ ગ્રાંટ

સમૂહ વિકાસ પરિયોજનાઓને સુગમ બનાવવા તેમજ મહત્વપૂર્ણ દિવસો જેવા કે ૧ મે-ગુજરાત સ્થાપના દિવસ, ૧૫ ઓગસ્ટ-સ્વતંત્રતા દિવસ અને ૨૬ જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસની ગરિમાને જાળવી રાખવા માટે રાષ્ટ્રીય તહેવારો નિમિત્તે જિલ્લાઓ અને ગામડાઓને વિશેષ ગ્રાંટ પ્રદાન કરવામાં આવે છે. આ ગ્રાંટ સુનિશ્ચિત કરે છે કે સમગ્ર રાજ્યમાં રાષ્ટ્રીય ઓળખ, નાગરિક ભાવના અને સાંપ્રદાયિક સદ્ભાવને પ્રોત્સાહન મળે અને છેવાડાના ગામડાઓ સુધી તે પહોંચે. (આકૃતિ ૧૪)

| અનુદાન સ્ત્રોત | હેતુ | ગુજરાત સ્થાપના દિવસ ૧ મે (₹ માં) | સ્વતંત્રતા દિવસ ૧૫ ઓગસ્ટ (₹ માં) | પ્રજાસત્તાક દિવસ ૨૬ જાન્યુઆરી (₹ માં) |
|---|---|---|---|---|
| જિલ્લા આયોજન કચેરી | નગરપાલિકાઓ ધરાવતા શહેરી વિસ્તારોમાં વિકાસ માટે | ૨.૫ કરોડ | ૨.૫ કરોડ | ૨.૫ કરોડ |
| | ગ્રામીણ વિસ્તારોના વિકાસ કાર્ય માટે | ૨.૫ કરોડ | ૨.૫ કરોડ | ૨.૫ કરોડ |
| | મહાનગરપાલિકા ધરાવતા વિસ્તારોમાં વિકાસ કાર્ય માટે | ૨.૫ કરોડ | ૨.૫ કરોડ | ૨.૫ કરોડ |
| | જે જિલ્લામાં જિલ્લા કક્ષાની ઉજવણી થાય છે, તે જિલ્લાના તાલુકાઓને ₹૨૫ લાખ ફાળવવામાં આવે છે. | | | |
| | જે તાલુકામાં તાલુકા કક્ષાની ઉજવણી થાય છે, તે તાલુકાના ગામડાઓને ₹૫ લાખ ફાળવવામાં આવે છે. | | | |

*આકૃતિ ૧૪: રાષ્ટ્રીય તહેવારો માટે વિશેષ ગ્રાંટ – ફાળવણી*

રાજ્ય દ્વારા ત્રણ સ્તરોમાં ફાળવવામાં આવતું ગ્રાંટ માનવ વિકાસ સૂચકાંક સંબંધિત કાર્યો જેમ કે સ્વચ્છતા સુવિધાઓ, આંગણવાડી કેન્દ્રો, શાળાઓ વગેરે માટે છે.




*આકૃતિ ૧૫: રાષ્ટ્રીય તહેવારો માટે વિશેષ ગ્રાંટ - HDI*

## ૨.૫ આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો (ATVT) યોજના

વિકેન્દ્રીકરણના ભાગ રૂપે, રાજ્ય સરકારે તાલુકાને વિકાસના એકમ તરીકે માન્યતા આપીને નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧થી "તાલુકા કેન્દ્રિત અભિગમ" અમલમાં મૂક્યો છે. તાલુકા સ્તરે કાર્યોના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે "આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો" યોજના શરૂ કરી છે. આ યોજનામાં પ્રાંત સ્તરીય સમિતિને નાગરિકોની મૂળભૂત જરૂરિયાતોને લગતા આવશ્યક કાર્યો ઓળખવાની જવાબદારી સોંપવામાં આવી છે અને પ્રાંત અધિકારી કચેરીને આ યોજના અંતર્ગતના કાર્યોનું અમલીકરણ કરવાની સત્તા આપવામાં આવી છે. કેબિનેટ સબ-કમિટીની ભલામણોના આધારે, સરકારી આંગણવાડીઓમાં પેવિંગ બ્લૉક્સ, પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીઓ માટે કમ્પાઉન્ડ વોલ અને મહાનગરપાલિકાઓ, નગરપાલિકા વિસ્તારો, આઉટગ્રોથ વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાં LED લાઇટ સ્થાપન જેવા કામોને પણ મંજૂરી આપીને આ યોજનાનો વ્યાપ વધારવામાં આવ્યો છે.

તાલુકા કક્ષાની કારોબારી સમિતિ ગ્રાંટ




આકૃતિ ૧૬: તાલુકા કારોબારી સમિતિ ગ્રાંટ

## ATVT પ્રાંત ગ્રાન્ટ -

ગ્રામસભાઓ દ્વારા અથવા વિવિધ પદાધિકારીઓની ક્ષેત્રીય મુલાકાતો દરમિયાન સૂચિત કાર્યો માટે તાલુકા દીઠ ₹૨૫ લાખની રકમ ફાળવવામાં આવે છે.




*આકૃતિ ૧૭: ATVT પ્રાંત અધિકારી તરફથી તાલુકા ગ્રાંટ*

## ATVT પ્રતિ તાલુકા ગ્રાન્ટ

ઉપર જણાવેલી જોગવાઇઓ સાથે ₹૨૫ લાખનું ગ્રાંટ




*આકૃતિ ૧૮: ATVT પ્રતિ તાલુકાનું ગ્રાંટ*

ઉપરોક્ત બે ગ્રાંટનો ઉપયોગ ગ્રામ સભાઓ અથવા વિવિધ અધિકારીઓની ક્ષેત્ર મુલાકાત દરમિયાન પ્રસ્તાવિત કાર્યો માટે થઈ શકે છે, જ્યાં પ્રાંત અધિકારી પ્રારંભિક મંજૂરી આપી શકે છે.

## ૨.૬ ATVT વિકાસશીલ તાલુકા ગ્રાંટ

માનવ વિકાસ સૂચકાંક (HDI) સિવાયના કાર્યો વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ પ્રસ્તાવિત છે અને ઉપરોક્ત પ્રક્રિયા મુજબ મંજૂર કરવામાં આવે છે.




*આકૃતિ ૧૯: ATVT વિકાસશીલ તાલુકા ગ્રાન્ટ*

કૌલગી સમિતિ અનુસાર ઉપરોક્ત ગ્રાંટ સદર અંતર્ગત સંબંધિત તાલુકાના પછાતપણાના સૂચકાંકને સુધારવા માટે ATVT વિકાસશીલ તાલુકા યોજના હેઠળના વિકાસ કાર્યો માટે પ્રતિ તાલુકા ₹૧ કરોડની ફાળવણી કરી શકાય છે.

## યોજના મુજબ કાર્યસીમા –

વિકેન્દ્રિત આયોજનની તમામ યોજનાઓ માટે યોજનાવાર કાર્યસીમા નીચે રજૂ કરવામાં આવી છે.

| | યોજનાઓ | પ્રતિ કાર્ય લઘુત્તમ મર્યાદા (₹ માં) | પ્રતિ કાર્ય મહત્તમ મર્યાદા (₹ માં) |
|---|---|---|---|
| | **વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ યોજના મુજબ વિગતો** | | |
| 01 | વિવેકાધીન જોગવાઈઓ<br>A. તાલુકા વિવેકાધીન અનુદાન<br>B. કલેક્ટર અનુદાન (જિલ્લા વહીવટી તંત્ર)<br>C. જિલ્લા કક્ષાનું વિવેકાધીન અનુદાન | લાગુ પડતું નથી | A થી C: ૧૫ લાખ<br>(કામ અનુસાર અમુક કિસ્સામાં અલગ અલગ નિર્ધારિત મર્યાદા) |
| 02 | પ્રોત્સાહન જોગવાઈઓ | લાગુ પડતું નથી | ૧૫ લાખ |
| 03 | ભૌગોલિક રીતે પછાત વિસ્તાર | લાગુ પડતું નથી | ૧૫ લાખ |
| | **અન્ય** | | |
| 04 | ધારાસભ્ય ભંડોળ | લાગુ પડતું નથી | સામાન્ય રીતે ૫ લાખ (કામ અનુસાર અમુક કિસ્સામાં અલગ અલગ નિર્ધારિત મર્યાદા) |
| 05 | વિકાસશીલ તાલુકો | લાગુ પડતું નથી | કોઈ મર્યાદા નથી |
| 06 | રાષ્ટ્રીય ઉત્સવ | ૨ લાખ | ૨૫ લાખ |
| 07 | ATVT યોજના | લાગુ પડતું નથી | ૫ લાખ |

*આકૃતિ ૨૦: યોજના મુજબ કાર્યસીમા*

## ૨.૭ આયોજન વિભાગ દ્વારા આપવામાં આવતા ગ્રાંટ અને યોજનાઓનું અવલોકન

અગાઉના પરિચ્છેદનો હેતુ બહુ-સ્તરીય આયોજનમાં વિકાસ લક્ષ્યોને પૂર્ણ કરવામાં ફાળો આપતા ભંડોળના પ્રકારોનો પરિચય આપવાનો હતો. આ પરિચ્છેદમાં ફાળવણી અને ઉપયોગ અંગેની સમજ મેળવવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં યોજનાઓ અને ગ્રાંટ અંગેનો ડેટા રજૂ કરવામાં આવ્યો છે.

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન યોજનાવાર ગ્રાંટની ફાળવણી અને ઉપયોગ દર્શાવતું કોષ્ટક -


| યોજનાનું નામ (જૂન ૨૦૨૫ મુજબ) | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિવેકાધીન | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | | ૨૦૨૩-૨૪ | | ૨૦૨૪-૨૫ | |
| | કુલ ફાળવેલ ગ્રાંટ | ગ્રાંટનો કુલ ઉપયોગ | કુલ ફાળવેલ ગ્રાંટ | ગ્રાંટનો કુલ ઉપયોગ | કુલ ફાળવેલ ગ્રાંટ | ગ્રાંટનો કુલ ઉપયોગ | કુલ ફાળવેલ ગ્રાંટ | ગ્રાંટનો કુલ ઉપયોગ | કુલ ફાળવેલ ગ્રાંટ | ગ્રાંટનો કુલ ઉપયોગ |
| પ્રોત્સાહન | ૪૧૩.૦૯ | ૪૧૩.૦૩ | ૪૧૩.૦૯ | ૪૧૪.૨૦ | ૪૧૩.૩૪ | ૪૧૩.૭૪ | ૪૧૩.૮૪ | ૪૦૮.૭૯ | ૪૧૪.૩૪ | ૩૮૭.૯૦ |
| ભૌગોલિક રીતે પછાત વિસ્તાર | ૮.૧૩ | ૬.૦૬ | ૮.૧૩ | ૭.૫૭ | ૮.૧૩ | ૭.૭૮ | ૮.૧૩ | ૭.૧૯ | ૮.૧૩ | ૬.૫૩ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધારાસભ્ય ભંડોળ | ૫.૨૯ | ૫.૨૬ | ૫.૨૯ | ૫.૩૧ | ૫.૨૯ | ૫.૨૪ | ૫.૨૯ | ૫.૧૯ | ૫.૨૯ | ૫.૨૪ |
| વિકાસશીલ તાલુકો | ૦.૦૦ | ૦.૦૦ | ૨૭૩.૦૦ | ૨૭૩.૪૩ | ૨૭૩.૦૦ | ૨૭૦.૦૪ | ૨૭૩.૦૦ | ૨૫૦.૨૬ | ૨૭૩.૦૦ | ૧૯૦.૩૭ |
| ATVT | ૧૦૦.૦૦ | ૧૦૦.૫૦ | ૧૦૦.૦૦ | ૧૦૧.૩૭ | ૧૦૦.૦૦ | ૧૦૦.૯૧ | ૧૦૨.૦૦ | ૧૦૨.૧૯ | ૧૦૨.૦૦ | ૭૬.૭૭ |
| રાષ્ટ્રીય ઉત્સવ | ૪૧૭.૨૫ | ૪૧૪.૫૦ | ૪૪૬.૨૫ | ૪૪૪.૮૪ | ૪૪૬.૫૦ | ૪૪૬.૧૩ | ૪૪૮.૦૦ | ૪૪૪.૮૩ | ૪૪૮.૦૦ | ૪૩૨.૧૮ |
| કુલ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૨.૭૫ | ૪૬.૮૬ | ૫૨.૬૫ | ૪૫.૩૩ | ૫૭.૬૦ | ૪૭.૩૩ | ૪૭.૫૦ | ૨૭.૯૦ |
| યોજનાનું નામ | **૯૪૩.૭૫** | **૯૩૯.૩૪** | **૧૨૯૮.૫૦** | **૧૨૯૩.૫૭** | **૧૨૯૮.૯૦** | **૧૨૮૯.૧૮** | **૧૩૦૭.૮૫** | **૧૨૬૪.૭૯** | **૧૨૯૮.૨૫** | **૧૧૨૬.૮૮** |

*કોષ્ટક ૦૧: એકીકૃત ગ્રાંટ ઉપયોગ*

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ₹૧,૨૯૮ કરોડનું ગ્રાંટ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ જેટલું જ છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં માત્ર થોડો વધારો થયો છે. ચાર વર્ષના સમયગાળામાં નોંધપાત્ર વધારો થયો નથી. આ સમયગાળા દરમિયાન વિવિધ યોજનાઓમાં ગ્રાંટને વિભાજિત કરવાની રીત પણ સમાન રહી છે. (કોષ્ટક ૦૧)


ગ્રાંટ ફાળવણીના વર્ષના આધારે કુલ ગ્રાંટ ભંડોળનો વર્ષવાર ઉપયોગ (કરોડમાં)




*આકૃતિ ૨૧: ત્રણ વર્ષનો ભંડોળ ઉપયોગ (કુલ આયોજન બજેટ, જૂન ૨૦૨૫ મુજબ)*

ગ્રાંટ ફાળવણીના વર્ષ (આકૃતિ ૨૧) ના આધારે  ભંડોળના વર્ષવાર ઉપયોગનું વિશ્લેષણ કરતી વખતે, તે જ વર્ષના ખર્ચમાં ઘટાડો જોવા મળે છે. ૨૦૨૨-૨૩માં ફાળવવામાં આવેલા કુલ ₹૧,૨૯૯ કરોડ ગ્રાંટમાંથી, લગભગ ૪૦% (₹૫૧૩.૫૫ કરોડ) તે જ વર્ષમાં ઉપયોગમાં લેવામાં આવ્યા હતા, જ્યારે લગભગ ૩૦% (₹૩૯૬ કરોડ) આગામી વર્ષમાં (૨૦૨૩-૨૪) ખર્ચવામાં આવ્યા હતા. તેનાથી વિપરીત, ૨૦૨૪-૨૫માં ફાળવવામાં આવેલા ₹૧,૨૯૮ કરોડના ગ્રાંટમાંથી ફાળવણીના વર્ષ દરમિયાન ફક્ત ૨૭% (₹૩૬૦ કરોડ) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મંજૂરીના વર્ષમાં ગ્રાંટ ઉપયોગના દરમાં તે લગભગ ૩૩% નો ઘટાડો દર્શાવે છે અને વિલંબિત ખર્ચના વધી રહેલા વલણ તરફ સૂચન કરે છે. આ વલણ સમયાંતરે ફાળવવામાં આવેલી ગ્રાન્ટનો ભરાવો દર્શાવે છે.

ગ્રાંટ કોઈ પણ વર્ષનું હોય, કુલ ભંડોળના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૨૦૨૨-૨૩માં ₹૧,૨૧૮ કરોડની સામે ૨૦૨૪-૨૫માં આશરે ૨૪% ઘટીને ₹૯૨૨ કરોડનો ઘટાડો જોવા મળ્યો છે ( તેમાં રાષ્ટ્રીય ઉત્સવ ગ્રાંટના આંકડાનો પણ સમાવેશ થાય છે). વાર્ષિક ગ્રાંટ મંજૂરીઓ લગભગ ₹૧,૩૦૦ કરોડ (૨૦૨૪-૨૫) જેટલી જ રહી છે. જો ભંડોળના ઉપયોગની વર્તમાન ગતિમાં નોંધપાત્ર વધારો નહીં થાય, તો સમય જતાં બિનખર્ચિત ભંડોળનો ભરાવો થશે.




*આકૃતિ ૨૨: ગ્રાંટના ઉપયોગમાં ઘટાડાનું ચિત્રણ, જૂન ૨૦૨૫ મુજબ*

## ખર્ચ અને ઉપયોગની સ્થિતિ %માં (જુલાઈ ૨૦૨૫ સુધી)

| વર્ષ | કુલ ફાળવેલ ગ્રાંટ (₹ કરોડ) | વાસ્તવિક ખર્ચ (₹ કરોડ) | % વપરાશ |
|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૨૯૮.૯૦ | ૧૦૯૯.૯૯ | ૮૪.૭% |

| | | | |
|---|---|---|---|
| ૨૦૨૩-૨૪ | ૧૩૦૭.૮૫ | ૮૯૭.૭૭ | ૬૮.૬% |
| ૨૦૨૪-૨૫ | ૧૨૯૮.૨૫ | ૫૫૦.૮૪ | ૪૨.૪% |

*કોષ્ટક ૦૪ (અ): એકંદર ખર્ચ કાર્યક્ષમતાની વર્તમાન સ્થિતિ (વપરાયેલા ગ્રાંટની ટકાવારી)*

ઉપરોક્ત કોષ્ટક અનુસાર છેલ્લા અમુક વર્ષથી વર્તમાન વર્ષ સુધીમાં ગ્રાંટના ઉપયોગની ટકાવારીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ દર્શાવે છે કે ભંડોળનો ઉપયોગ એકથી વધારે વર્ષ સુધી લંબાય છે, જેના લીધે વિકાસ પરિયોજનાઓ પૂર્ણ થવામાં વધુ સમય લાગી રહ્યો છે.

| યોજનાનું નામ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ |
| --- | --- | --- | --- |
| વિવેકાધીન | ૮૫.૦% | ૭૧.૩% | ૪૮.૬% |
| પ્રોત્સાહન | ૮૯.૫% | ૬૭.૯% | ૪૭.૫% |
| ભૌગોલિક રીતે પછાત વિસ્તાર | ૮૩.૩% | ૭૩.૫% | ૫૩.૫% |
| ધારાસભ્ય ભંડોળ | ૮૫.૧% | ૬૨.૦% | ૨૮.૦% |
| વિકાસશીલ તાલુકો | ૮૩.૩% | ૫૭.૪% | ૧૭.૧% |
| ATVT | ૮૬.૯% | ૭૬.૬% | ૫૪.૨% |
| રાષ્ટ્રીય ઉત્સવ | ૬૩.૨% | ૩૯.૧% | ૧૨.૨% |

કોષ્ટક ૦૪ (બ): યોજના મુજબ ઉપયોગ (ફાળવવામાં આવેલા ગ્રાંટની ટકાવારી)

કોષ્ટક ૦૪ (બ)માં દર્શાવ્યા પ્રમાણે, તમામ પરિયોજના શ્રેણીઓમાં વિકાસ પરિયોજનાઓ માટે ઉપયોગમાં લેવાતા ભંડોળની માત્રામાં ઘટાડો જોવા મળ્યો છે.

| | | રકમ (₹ કરોડમાં) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | ક્ષેત્ર | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | | ૨૦૨૩-૨૪ | | ૨૦૨૪-૨૫ | |
| ૧ | માર્ગ, પાથ-વે, પેવર-બ્લૉક અને ફૂટપાથ | ૩૮૪.૧૪ | ૪૦.૮૯% | ૪૭૧.૬૧ | ૩૬.૪૬% | ૫૩૬.૬૯ | ૪૧.૬૩% | ૫૩૬.૨૧ | ૪૨.૪૦% | ૪૮૦.૩૩ | ૪૨.૬૨% |
| ૨ | જળ સંસાધનો | ૧૧૦.૭૫ | ૧૧.૭૯% | ૧૪૩.૪૧ | ૧૧.૦૯% | ૧૪૮.૫૫ | ૧૧.૫૨% | ૧૩૪.૩૭ | ૧૦.૬૩% | ૧૨૩.૨૬ | ૧૦.૯૪% |
| 3 | શિક્ષણ | ૯૪.૨૨ | ૧૦.૦૩% | ૧૦૩.૩૩ | ૭.૯૯% | ૧૩૬.૯૮ | ૧૦.૬૩% | ૧૩૧.૭૯ | ૧૦.૪૨% | ૧૧૫.૫૫ | ૧૦.૨૫% |
| ૪ | સ્વચ્છતા અને ગટર વ્યવસ્થા | ૧૧૨.૬૫ | ૧૧.૯૯% | ૧૨૪.૮૬ | ૯.૬૫% | ૧૩૧.૩૫ | ૧૦.૧૯% | ૧૨૮.૦૨ | ૧૦.૧૨% | ૧૧૦.૫૨ | ૯.૮૧% |


| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ભૂમિ સંરક્ષણ | ૫૪.૮૩ | ૫.૮૪% | ૫૨.૮૪ | ૪.૦૮% | ૬૩.૯૯ | ૪.૯૬% | ૬૪.૮૩ | ૫.૧૩% | ૫૮.૩૨ | ૫.૧૮% |
| ૬ | સ્મશાનમાં માળખાકીય સુવિધાઓ | ૪૭.૧૨ | ૫.૦૨% | ૫૨.૩૬ | ૪.૦૫% | ૫૭.૮૧ | ૪.૪૮% | ૫૬.૫૨ | ૪.૪૭% | ૫૭.૯૭ | ૫.૧૪% |
| ૭ | ICDS સંબંધિત | ૨૭.૮૩ | ૨.૯૬% | ૨૨.૩૯ | ૧.૭૩% | ૨૮.૬૪ | ૨.૨૨% | ૪૧.૩૧ | ૩.૨૭% | ૩૧.૩૯ | ૨.૭૯% |
| ૮ | વીજળીકરણ | ૧૩.૧૬ | ૧.૪૦% | ૨૩.૭૭ | ૧.૮૪% | ૩૧.૪૫ | ૨.૪૪% | ૨૮.૪૯ | ૨.૨૫% | ૨૯.૮૧ | ૨.૬૫% |
| ૯ | આરોગ્ય | ૨૨.૦૬ | ૨.૩૫% | ૧૮૭.૭૯ | ૧૪.૫૨% | ૨૭.૧૧ | ૨.૧૦% | ૨૪.૩૪ | ૧.૯૨% | ૨૪.૦૩ | ૨.૧૩% |
| ૧૦ | શ્રમ કલ્યાણ | ૫.૪૯ | ૦.૫૮% | ૧૨.૫ | ૦.૯૭% | ૨૦.૨૫ | ૧.૫૭% | ૨૨.૧૫ | ૧.૭૫% | ૨૦.૬૪ | ૧.૮૩% |
| ૧૧ | અન્ય વિકાસ કાર્યો | ૧૫.૮૬ | ૧.૬૯% | ૨૭.૦૯ | ૨.૦૯% | ૨૨.૧૮ | ૧.૭૨% | ૧૮.૪૬ | ૧.૪૬% | ૧૬.૬૫ | ૧.૪૮% |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | સ્થાનિક વિકાસ | ૧૫.૪૮ | ૧.૬૫% | ૨૨.૭૫ | ૧.૭૬% | ૨૭.૪૮ | ૨.૧૩% | ૧૯.૯૮ | ૧.૫૮% | ૧૫.૪૪ | ૧.૩૭% |
| ૧૩ | સિંચાઈ | ૯.૨૧ | ૦.૯૮% | ૮.૬૯ | ૦.૬૭% | ૧૧.૫૫ | ૦.૯૦% | ૧૦.૪૫ | ૦.૮૩% | ૧૪.૭૬ | ૧.૩૧% |
| ૧૪ | સમૂહ વિકાસ અને પંચાયતો | ૫.૮ | ૦.૬૨% | ૧૫.૬૬ | ૧.૨૧% | ૧૫.૮૧ | ૧.૨૩% | ૧૬.૬૫ | ૧.૩૨% | ૧૪.૦૯ | ૧.૨૫% |
| ૧૫ | પશુપાલન | ૨.૩૯ | ૦.૨૫% | ૧.૩૩ | ૦.૧૦% | ૨.૮૯ | ૦.૨૨% | ૨.૨ | ૦.૧૭% | ૫.૬૩ | ૦.૫૦% |
| ૧૬ | જાહેર પરિવહન | ૧.૩૫ | ૦.૧૪% | ૪ | ૦.૩૧% | ૫.૭૪ | ૦.૪૫% | ૬.૭૩ | ૦.૫૩% | ૩.૯૧ | ૦.૩૫% |
| ૧૭ | રમતગમત સંબંધિત | ૨.૧૩ | ૦.૨૩% | ૮.૭૧ | ૦.૬૭% | ૧૦.૦૬ | ૦.૭૮% | ૬.૫૮ | ૦.૫૨% | ૨.૬૭ | ૦.૨૪% |
| ૧૮ | વનીકરણ | ૦.૬૮ | ૦.૦૭% | ૧.૦૫ | ૦.૦૮% | ૧.૧૭ | ૦.૦૯% | ૨.૫૫ | ૦.૨૦% | ૦.૮૫ | ૦.૦૮% |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતો | ૧.૫૧ | 0.૧૬ % | 0.૬ | 0.0૫ % | 0.૬૭ | 0.0૫ % | ૧.0૬ | 0.0૮ % | 0.૫૨ | 0.0૫ % |
| ૨0 | કૃષિ | ૬.૮૭ | 0.૭3 % | ૭.૧૫ | 0.૫૫ % | ૭.૮૯ | 0.૬૧ % | ૧0.૭3 | 0.૮૫ % | 0.3૪ | 0.03 % |
| ૨૧ | ડેરી વિકાસ | 3.૭૫ | 0.૪0 % | 0.૯૮ | 0.0૮ % | 0.૫૨ | 0.0૪ % | 0.૬૮ | 0.0૫ % | 0.૨ | 0.0૨ % |
| ૨૨ | મહિલા અને પછાત વર્ગ કલ્યાણ | 0.૧ | 0.0૧ % | 0.0૫ | 0.00 % | 0.૧ | 0.0૧ % | 0.03 | 0.00 % | 0.0૧ | 0.00 % |
| ૨3 | ગ્રામીણ અને નાના ઉદ્યોગો | ૧.૯૬ | 0.૨૧ % | 0.૬૪ | 0.0૫ % | 0.૨૭ | 0.0૨ % | 0.૪૫ | 0.0૪ % | 0 | 0.00 % |
| ૨૪ | પ્રવાસન | 0.0૧ | 0.00 % | 0 | 0.00 % | 0.0૨ | 0.00 % | 0.૨૬ | 0.0૨ % | 0 | 0.00 % |
| | કુલ | ૯3૯.3૪ | | ૧૨૯3.૫૭ | | ૧૨૮૯.૧૮ | | ૧૨૬૪.૭૯ | | ૧૧૨૬.૮૮ | |

*કોષ્ટક ૦૫: મંજૂર ગ્રાંટના ક્ષેત્ર અનુસાર વિભાજન અંગેનો એકીકૃત ડેટા*

વિકાસ પરિયોજનાઓમાં ફાળવવામાં આવેલા ભંડોળનો સૌથી મોટો હિસ્સો રસ્તાઓ, પાથ-વે અને ફૂટપાથ પરિયોજનાઓને મળે છે. આરોગ્ય અને શિક્ષણ જેવી પરિયોજનાઓની સરખામણીએ સરકાર રસ્તાઓ, જળ સંસાધનો અને સ્વચ્છતા જેવી લાંબા ગાળાની પરિયોજનાઓમાં નોંધપાત્ર રીતે વધુ સંસાધનોનો ખર્ચ કરે છે. (આકૃતિ ૨૩). ડેટાનો ગ્રાફિક નીચે મુજબ છે –




*આકૃતિ ૨૩: વિવિધ ક્ષેત્રોમાં ગ્રાંટની ટકાવારી*

## ૩. ગુજરાતમાં બહુસ્તરીય આયોજનમાં પડકારો

અસરકારક બહુ-સ્તરીય આયોજન તરફ ગુજરાતને આગળ લઇ જવાના પ્રયાસોમાં, વિવિધ પ્રણાલીગત પડકારો અવારનવાર જોવા મળે છે. વિકાસ કાર્યો માટે વહીવટી વ્યવસ્થા મજબૂત છે, પરંતુ વિવિધ યોજનાઓ, જેમાં અલગ અલગ ગ્રાંટ અને મંજૂરી માટે બહુવિધ સત્તા હોવાથી, આ યોજનાઓના વાસ્તવિક અમલીકરણમાં ઘણા અવરોધ સામે આવે છે. બીજો પડકાર માનવબળની અછત છે, ખાસ કરીને કુશળ કર્મચારીઓની જેઓ પાયાના સ્તરે યોગ્ય આયોજન, અમલીકરણ અને દેખરેખ માટે જરૂરી છે.

વધુમાં, ગ્રાંટના ઉપયોગને લગતી સમસ્યાઓના લીધે સ્થાનિક સંસ્થાઓની કામગીરી ઘણીવાર પ્રભાવિત થાય છે. નાણાકીય વ્યવસ્થાપનમાં મુશ્કેલીઓ, ભંડોળ ફાળવવામાં વિલંબ અને ભંડોળનો અસરકારક રીતે ઉપયોગ કરવાની મર્યાદિત ક્ષમતા જેવી બાબતોના લીધે નિર્ધારિત વિકાસ કામગીરીની અસરકારકતામાં ઘટાડો થાય છે. વહીવટી વિલંબના લીધે મહત્વપૂર્ણ પરિયોજનાઓની મંજૂરી પ્રક્રિયા અને અમલીકરણની કામગીરી ધીમી થવાથી પરિસ્થિતિ વધુ ખરાબ બને છે. વિવિધ વહીવટી સ્તરે અથવા બેવડાતી યોજનાઓના લીધે, એક જ પ્રકારના કાર્યનું પુનરાવર્તન થવાનું જોખમ પણ રહેલું છે. તેના પરિણામે લીધે બિનકાર્યક્ષમતા જોવા મળે છે અને સંસાધનોનો બગાડ થાય છે. વધુમાં, આયોજન અને નિરીક્ષણમાં ટેકનોલોજીનું સંકલન હજુ પણ એક મોટો પડકાર છે, કારણ કે આધુનિક, પારદર્શક અને ડેટા-આધારિત શાસન માટે જરૂર છે તેના કરતા તેને અપનાવવાની ગતિ ધીમી છે.

## ૩.૧ કામનું પુનરાવર્તન

બહુ-સ્તરીય આયોજન અંતર્ગત, ગ્રામ્ય વિસ્તારો માટે એક જ પ્રકારના વિકાસ કાર્યોની પસંદગી કરતી વખતે કાર્યોનું પુનરાવર્તન/બેવડાઇ જવાનું ધ્યાનમાં આવ્યું છે. આવું ત્યારે થાય છે જ્યારે સમાન ગામડાઓ માટેના આયોજનની જવાબદારી વિવિધ સમિતિઓ પાસે હોય પરંતુ તાલુકા સ્તરે આ સમિતિઓ અલગ અલગ સમયે આ વિકાસ કાર્યોની પસંદગી કરે છે. ભૌતિક માળખાગત સુવિધાઓ અને સામાજિક માળખાગત સુવિધાઓ (HDI સંબંધિત)ને લગતી પરિયોજનાઓ અલગ અલગ સદર અંતર્ગત શરૂ કરવાની હોય છે. અલગ અલગ સમિતિઓ જ્યારે એક જ પ્રકારના ઉદ્દેશ માટે કામ કરતી હોય છે ત્યારે કામગીરીમાં પુનરાવર્તન થાય છે, જેના લીધે વહીવટી પ્રક્રિયામાં વધારો થવાની સાથોસાથ સમય અને ઊર્જાનો બગાડ થાય છે.


કામમાં પુનરાવર્તન થવાના લીધે, ગામનો વ્યાપક અથવા તો સંતુલિત વિકાસ થતો નથી. સમાન કાર્યોના સંકલન સાથે, તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોની વિવિધ યોજનાઓ, જેમ કે મનરેગા, નાણા પંચ સહાયક ગ્રાંટ, ધારાસભ્ય અને સાંસદ ગ્રાંટ, ૧૫% વિવેકાધીન જોગવાઈઓ વગેરે દ્વારા વધુ સંતુલિત પ્રાદેશિક વિકાસ સુનિશ્ચિત કરી શકાય છે. ઉપરાંત, વિકાસ મુખ્યત્વે ભૌતિક માળખાગત સુવિધાઓના નિર્માણની આસપાસ કેન્દ્રિત છે, જ્યારે સામાજિક સૂચકો અનુસાર સામાજિક માળખાગત સુવિધાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.

## ૩.૨ માનવબળની અછત અને અસમાન કાર્યભાર વિતરણ

તાલુકા અને જિલ્લા સ્તરે પરિયોજનાઓના આયોજન અને અમલીકરણ માટે માનવશક્તિની અછત એક ગંભીર વિષય છે. ઉદાહરણ તરીકે, ગ્રામ વિકાસ યોજના તૈયાર કરવાની પ્રક્રિયામાં એવી જોગવાઈ છે કે તાલીમબદ્ધ નિષ્ણાતો જરૂરિયાત અને ડેટાના આધારે તકનીકી સહાય અથવા બજેટનો અંદાજ આપી શકે છે. જોકે, આ જોગવાઈઓને પર્યાપ્ત રીતે ધ્યાનમાં લેવામાં આવતી નથી.

ક્ષેત્રીય કર્મચારીઓના કાર્યભાર વિતરણ પર પણ વ્યાપક પુનર્વિચારની જરૂર છે. હાલમાં, ૨૪૮ તાલુકાઓમાં, મદદનીશ ઇજનેર/અધિક મદદનીશ ઇજનેરની કુલ મંજૂર સંખ્યા ૫૭૧ છે. જેમાંથી ૪૩૫ જગ્યાઓ (૭૬%) ભરાઈ ગઈ છે અને ૨૪% જગ્યાઓ ખાલી છે. તેથી, તાલુકા સ્તરે, એક A.E./A.A.E. લગભગ ૫૪ ગામડાઓનું ધ્યાન રાખે છે અને તેઓ દર વર્ષે ૧૨ કરોડના મૂલ્યના આશરે ૭૫૦ કામોનું નિરીક્ષણ કરે છે. આ અતિશય ભારણને કારણે, દરેક કામનું નિરીક્ષણ અને તેને પૂર્ણ કરવું મુશ્કેલ બને છે.

ATVT યોજના હેઠળ, નીચે આકૃતિ ૨૪માં પ્રાંત ઓફિસની વિગતો આપવામાં આવી છે જેમાં મંજૂર થયેલી જગ્યા, ભરાયેલી જગ્યા અને ખાલી જગ્યાઓ દર્શાવવામાં આવી છે.




આકૃતિ ૨૪: પ્રાંત કચેરીઓમાં ટેકનિકલ હોદ્દાઓની ખાલી જગ્યાઓ

જેમ જોઈ શકાય છે, પ્રાંત અધિકારી હેઠળ વિવિધ સંવર્ગની મંજૂર જગ્યાઓ અને ભરાયેલી જગ્યાઓ વચ્ચે ઘણો તફાવત જોવા છે.


વધુમાં, વિકાસ કાર્ય ગ્રાંટ સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) દ્વારા ફાળવવામાં આવે છે, અને જિલ્લા આયોજન અધિકારી કાર્યની સમીક્ષા કરે છે. જોકે, ATVT વિકાસ કાર્યોનું અમલીકરણ પ્રાંત અધિકારી (મહેસૂલ) દ્વારા કરવામાં આવે છે. ફાળવણી અને અમલીકરણ માટે અલગ અલગ સત્તાઓ હોવાથી, પડકારો સામે આવે છે.

અમદાવાદ, સુરત અને વડોદરા મહાનગરપાલિકા વિસ્તારોમાં, સાંસદો અને ધારાસભ્યો (અમદાવાદ-૧૪, સુરત-૯, વડોદરા-૪, રાજકોટ-૩) ના ગ્રાંટ માટેના આયોજન કાર્યની સમગ્ર પ્રક્રિયા મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવે છે. જો કે, તે જ જિલ્લાઓના જિલ્લા આયોજન અધિકારી દ્વારા આયોજન સંબંધિત કાર્યો માટે પ્રારંભિક મંજૂરી, વહીવટી મંજૂરી અને ગ્રાંટ ફાળવણી પ્રક્રિયામાં અસંગતતા જોવા મળે તેવી સંભાવના છે. તેના લીધે વહીવટી સમસ્યાઓ ઊભી થઈ શકે છે કારણ કે મોટા અને નાના જિલ્લાઓ વચ્ચે કામનું સ્વરૂપ અલગ અલગ હોય છે પરંતુ વધુ કાર્યભાર સંભાળવા માટે વધારાનો સ્ટાફ ઉપલબ્ધ નથી.

તમામ જિલ્લાઓની ભૌગોલિક પરિસ્થિતિઓ અને જિલ્લામાં નાણાકીય જોગવાઈની માત્રાને ધ્યાનમાં રાખીને જિલ્લા આયોજન કચેરીઓનું પુનર્ગઠન કરવાની જરૂર છે. ઉદાહરણ તરીકે, MPLADS યોજના હેઠળ, લોકસભાના ૨૬ અને રાજ્યસભા ૧૧ સાંસદોને વાર્ષિક ₹૫ કરોડનું ગ્રાંટ ફાળવવામાં આવે છે. પ્રારંભિક મંજૂરી, વહીવટી મંજૂરી, ગ્રાંટની ફાળવણી અને આ કામોની દેખરેખ સંબંધિત તમામ કામગીરી જિલ્લા આયોજન કચેરી દ્વારા કરવામાં આવે છે. રાજ્યસભા સાંસદો ગુજરાતના કોઈપણ જિલ્લાને નોડલ જિલ્લા તરીકે પસંદ કરી શકે છે, તેથી અમદાવાદ જેવા મોટા જિલ્લાઓ ઘણીવાર ૬ થી ૭ સાંસદો માટે ગ્રાંટ કાર્ય સંભાળે છે, જ્યારે અન્ય જિલ્લાઓ ૧ કે ૨ સાંસદો માટે કાર્ય સંભાળે છે.

## ૩.૩ પછાત તાલુકાના મૂલ્યાંકન માટે સમયાંતરે સમીક્ષાનો અભાવ

રાજ્યના સામાજિક-આર્થિક સંતુલિત વિકાસને ધ્યાનમાં રાખીને, ગુજરાત સરકારે ૧૯૭૧ થી ૨૦૦૪ સુધી તાલુકા સ્તરે પછાતપણાને ઓળખવા માટે વિવિધ સમિતિઓની રચના કરી છે. આ સમિતિઓનું સંક્ષિપ્ત વિવરણ નીચે દર્શાવવામાં આવ્યું છે:



*આકૃતિ ૨૫: પછાત વિસ્તારોના વિકાસ માટેની સમિતિઓનું વિહંગાવલોકન*

સમયાંતરે, ગુજરાતે પછાત વિસ્તારોને ઓળખવા માટે પોતાનો અભિગમ વિકસાવ્યો, જેની શરૂઆત આર્થિક અને માળખાગત સુવિધાઓમાં તફાવત (૧૯૭૧) થી કરવામાં આવી. ત્યારબાદ તેને જીવનધોરણ અને મૂળભૂત જરૂરિયાતો (૧૯૮૫) સુધી વિસ્તરિત કરીને જીવનની ગુણવત્તા અને સામાજિક વિકાસ (૨૦૦૬) ને આવરી લેતું વ્યાપક ૪૪-સૂચકો વાળુ માળખું અપનાવ્યું. ત્યારબાદની સમીક્ષાઓમાં માનવ વિકાસ અને વહીવટી ફેરફારોના આધારે તાલુકાઓનો ઉમેરો થયો, જેના પરિણામે ૧૭ જિલ્લાઓના ૫૧ તાલુકાઓને મુખ્ય યોજના હેઠળ વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરવામાં આવ્યા.

૨૦૦૬માં કૌલગી સમિતિ દ્વારા સૂચવવામાં આવેલા ૪૪ માપદંડોએ તે સમયે વિકાસની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે મજબૂત પાયો નાખ્યો હતો. ત્યારથી, ગુજરાતે આ પૈકી ઘણા સૂચકોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં ઘણા ક્ષેત્રો હવે સંતૃપ્તિ સુધી પહોંચી ગયા છે. આ પ્રગતિના કારણે, આ માળખાને વર્તમાન પરિસ્થિતિ અનુરૂપ અદ્યતન કરવાની જરૂરત છે, જેમાં વસ્તીસંખ્યામાં પરિવર્તન, સ્થાળાંતરની પ્રવૃત્તિઓ અને સ્થાનિક વિકાસ રૂપરેખામાં બદલાવ સામેલ છે. વધુ લવચીક, આંકડા પર આધારિત અને ભવિષ્ય-કેન્દ્રિત દૃષ્ટિકોણનો ઉપયોગ કરવાથી એ સુનિશ્ચિત થશે કે રેન્કિંગ વર્તમાન જરૂરિયાતોને પ્રતિબિંબિત કરે અને વધુ સટીક અને અસરકારક વિકાસ કાર્યોની યોજના બનાવવામાં મદદ મળે.

## ૩.૪ વિકાસ પરિયોજનાઓના આયોજન અને અમલીકરણમાં નબળું આંતર વિભાગીય સંકલન

વિકાસ પરિયોજનાઓના આયોજન અને અમલીકરણ માટે વિભાગો વચ્ચે સંકલન માટે કેન્દ્રિત પ્રયાસો કરવામાં આવે એ સમયની જરૂરિયાત છે. અત્યારે તાલુકા સ્તરની વિવિધ સમિતિઓ કાર્યરત છે, પરંતુ તાલુકા સ્તરે એવી કોઈ એકીકૃત, સંકલિત પ્રણાલી નથી જે વિકાસ કાર્યોની તમામ માહિતી - જેમ કે યોજનાઓ, બજેટ અને પ્રગતિની સ્થિતિ વગેરેને એકસાથે લાવે. તેના લીધે, વિવિધ વિભાગો અને આયોજન સંસ્થાઓ અલગ અલગ તાલુકા સમિતિઓમાં એક જ પ્રકારનું કાર્ય હાથ

ધરે એવું બની શકે છે. પરિણામે, સમાન વિકાસ લક્ષ્યો હોવા છતાં, તાલુકા સ્તરે અલગ અલગ નિર્ણયો લેવાની પ્રક્રિયા થાય છે. તાલુકા કક્ષાએ વિકાસ માટે તેમજ સંકલિત આયોજનને સરળ બનાવવા માટે ઉપલબ્ધ સંસાધનોને એકીકૃત કરવાની તાત્કાલિક જરૂર છે.

## ૩.૫ ફંડના મહત્તમ ઉપયોગ માટે વિકાસલક્ષી હેતુઓ અને ક્ષેત્રીય પુરાવાના આધારે માર્ગદર્શિકાને મજબૂત બનાવવી

તાજેતરના વર્ષોમાં, વિકાસ યોજનાઓ માટેનું કુલ બજેટ લગભગ સમાન રહ્યું છે. જો કે, સ્પષ્ટ નિયમો અને સુવ્યવસ્થિત પ્રક્રિયાઓ દ્વારા ઉપલબ્ધ સંસાધનોની અસર નોંધપાત્ર રીતે વધારી શકાય છે. જો કાર્યોની એક એવી સ્પષ્ટ યાદી બનાવવામાં આવે જે નિર્ધારિત વિકાસના લક્ષ્યોની પૂર્તતા કરતા હોય અને ક્ષેત્ર વિશ્લેષણના ડેટાથી સમર્થિત હોય, તો તમામ જિલ્લાઓમાં આયોજન અને અમલીકરણને વધુ સુસંગત અને કેન્દ્રિત બનાવવામાં મદદ મળી શકે છે.

જિલ્લા આયોજન મંડળમાં, પ્રત્યક્ષ પરિણામોના આકલનના આધારે પરિયોજનાઓને પ્રાથમિકતા આપવા માટે સ્પષ્ટ માપદંડો નક્કી કરવાથી, તેમજ મંજૂરીની પ્રક્રિયાને સરળ અને વધુ સુસંગત બનાવવાથી નિર્ણયો ઝડપથી લઇ શકાય છે અને જવાબદારીમાં સુધારો થઈ શકે છે. તેના પરિણામે, સૌથી મહત્વપૂર્ણ પરિયોજનાઓ માટે ભંડોળનો ઉપયોગ કરવામાં મદદ મળશે અને એ સુનિશ્ચિત થશે કે સ્થાનિક સ્તરે ટોચની પ્રાથમિકતા ધરાવતી જરૂરિયાતો માટે સંસાધનોનો ઉપયોગ થાય છે. આ કામગીરીથી રાજ્યના વિકાસના વિઝનને અનુરૂપ પ્રત્યક્ષ સુધારા લાવવાનું શક્ય બનશે.

## ૩.૬ પરિયોજના પૂર્ણ કરવા માટે સમર્પિત સમયરેખા સાથે વાર્ષિક આયોજન કેલેન્ડરનો અભાવ

એક વર્ષમાં પરિયોજના પૂર્ણ કરવાની જોગવાઈ હોવા છતાં, એવું જોવા મળ્યું છે કે ક્યારેક પરિયોજના પૂર્ણ થવામાં ત્રણથી ચાર વર્ષ જેટલો સમય લાગી જાય છે. પરિયોજનાને સાકાર કરવામાં થયેલા વિલંબ માટે ગ્રાંટની મંજૂરી અને ત્યારબાદ ભંડોળ જારી કરવામાં થથા વિલંબ પણ જવાબદાર છે. કોઈ નિશ્ચિત સમયમર્યાદા ન હોવાથી, પરિયોજનાની શરૂઆત અને તેની સમાપ્તિ અચોક્કસ અને જવાબદારીથી વિમુખ બની જાય છે.

આકૃતિ ૨૧ (પરિચ્છેદ ૨.૭)માં દર્શાવ્યા પ્રમાણે, વર્ષવાર ગ્રાંટના ઉપયોગનું વિશ્લેષણ એ જ વર્ષના ખર્ચમાં ઘટાડો દર્શાવે છે. ૨૦૨૨-૨૩માં ફાળવવામાં આવેલા કુલ ₹૧,૨૯૯ કરોડમાંથી, લગભગ ૪૦% (₹૫૧૩.૫૫ કરોડ) તે જ વર્ષમાં વપરાયા હતા, અને લગભગ ૩૦% (₹૩૯૬ કરોડ) આગામી વર્ષે (૨૦૨૩-૨૪) ખર્ચાયા હતા. તેની સરખામણીએ, ૨૦૨૪-૨૫માં ફાળવવામાં આવેલા ₹૧,૨૯૮ કરોડમાંથી, ફાળવણીના વર્ષમાં ફક્ત ૨૭% (₹૩૬૦ કરોડ) ખર્ચાયા હતા. ફાળવણીના વર્ષના ઉપયોગના દરમાં તે ૩૩% ઘટાડો અને ખર્ચ કરવામાં વધી રહેલા વિલંબને દર્શાવે છે. તેના પરિણામે સમયાંતરે ગ્રાંટનો ભરાવો થાય છે.

જ્યારે કોઈ પરિયોજના માટે કોઈ નિર્ધારિત સમયરેખા સ્પષ્ટ ન હોય, ત્યારે ભંડોળની ફાળવણી અને કામ શરૂ થઈ ગયા બાદ તેની જવાબદારી નિર્ધારિત કરવાનું મુશ્કેલ બની જાય છે. આ પરિસ્થિતિના લીધે યોગ્ય આયોજન કેલેન્ડર હોય તે જરૂરી બન્યું છે જેમાં કાર્યોની અનુસૂચિ હશે અને ભંડોળના ઉપયોગ અંગે પણ માર્ગદર્શિત કરશે.

## ૪. ભલામણો

હાલના વિકેન્દ્રિત આયોજન માળખાના વિશ્લેષણના આધારે, આ પ્રકરણ વહીવટી પ્રક્રિયાઓને મજબૂત બનાવવા અને સહભાગી શાસનને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય ભલામણો રજૂ કરે છે, જેનો હેતુ ગુજરાતમાં વિકેન્દ્રિત આયોજનની સંપૂર્ણ સંભાવનાને સાકાર કરવાનો છે.

### સુધારો ૧: સરકારી ઠરાવોનું સંકલન

વિકેન્દ્રિત જિલ્લા આયોજનને માર્ગદર્શન આપવા માટે, એક સરકારી ઠરાવ (GR) પ્રસ્તાવિત છે. આ ઠરાવમાં હાથ ધરી શકાય તેવા તમામ પ્રકારના વિકાસ કાર્યોની યાદી આપવામાં આવશે તેમજ શક્ય હોય ત્યાં, સ્પષ્ટતા જાળવવા માટે કયા પ્રકારના કામો હાથ ધરી શકાતા નથી, તે પણ જણાવવામાં આવશે. તેમાં કાર્યની દરખાસ્તો માટે એક ચોક્કસ ફોર્મેટ સામેલ હશે, જેમાં કાર્યની પ્રકૃતિ, તેની આવશ્યકતા, અપેક્ષિત લાભો અને ચોક્કસ સ્થાન જેવી વિગતો આવરી શકાય છે. ઠરાવમાં સમયસીમા, સમિતિઓની ભૂમિકા, દરેક પરિયોજના માટે વધારવામાં આવેલી નાણાકીય મર્યાદા અને અમલીકરણ પ્રક્રિયા પણ સ્પષ્ટ રીતે ઉલ્લેખિત કરવામાં આવશે. સરકાર પ્રાથમિકતાના ધોરણે કાર્યો આપવાનું પણ નક્કી કરી શકે છે.

વિકેન્દ્રિત જિલ્લા આયોજન યોજના હેઠળ કુલ પાંચ અલગ અલગ ઘટકો છે, જેમાં દરેકમાં વિવિધ પેટા-ઘટકોનો સમાવેશ થાય છે. તેનો સમાવેશ બે મુખ્ય આદેશો હેઠળ થાય છે: એક ગેપ ફંડિંગ દ્વારા ભૌતિક માળખાગત સુવિધાઓ બનાવવા માટે, અને બીજો સામાજિક માળખાગત સુવિધાઓમાં વધારો કરતી સુવિધાઓ વિકસિત કરવા માટે. તેથી, આ પાંચ ઘટકોને આ બે મુખ્ય ઘટકોમાં ફરીથી ગોઠવી શકાય છે, અને વિવિધ ઘટકો હેઠળ ફાળવવામાં આવેલા ગ્રાંટને નવા બનાવેલા બે વ્યાપક ઘટકોમાં સંયોજિત કરી શકાય છે.

પરિયોજનાની દરખાસ્તો રજૂ કરવા, ટેકનિકલ અને વહીવટી મંજૂરીઓ મેળવવા, માલ અને સેવાઓ ખરીદવા અને એકીકૃત બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતા તમામ વિકાસ કાર્યોના નાણાકીય અહેવાલો તૈયાર કરવા માટેની પ્રમાણભૂત પ્રક્રિયાઓ આ ઠરાવ નક્કી કરી શકે છે. સમયની બચત અને વહીવટી ભારણ ઘટાડવા માટે આ ઠરાવ માત્ર આવશ્યક દસ્તાવેજો ઉલ્લેખિત કરી શકે છે જેથી શક્ય બને ત્યાં પેપરલેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાય.

સૂક્ષ્મ ભલામણ: સમાન પ્રકારના કામો માટે, ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના હેઠળ મંજૂર કરાયેલા કામો સિવાય, તમામ મંજૂર થયેલા કામો પર મંજૂરી પદ્ધતિઓ લાગુ પડશે.

નિશ્ચિત વાર્ષિક આયોજન સમયપત્રક (આ અહેવાલમાં સુધારા-૬માં તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે) નું ચુસ્ત પાલન કરવા પર ભાર મૂકવામાં આવશે જેથી આયોજન, મંજૂરી અને ભંડોળની ફાળવણીના તમામ તબક્કા નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું સુનિશ્ચિત કરી શકાય અને પરિયોજના શરૂ કરવામાં થતો વિલંબ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય. એકીકૃત ઠરાવની રૂપરેખા આ અહેવાલના પરિશિષ્ટ ૧માં આપવામાં આવી છે..

**ભલામણ ૪.૧:** ગુજરાત રાજ્યમાં બહુ-સ્તરીય આયોજનની તમામ નવી જોગવાઈઓનો ઉલ્લેખ કરતો એક સંકલિત ઠરાવ સરકાર બનાવી શકે છે.

## સુધારો ૨: ગુજરામાં બંધારણીય રીતે અધિકૃત જિલ્લા આયોજન સમિતિઓ દ્વારા જિલ્લા-સ્તરીય આયોજનને સુદૃઢ કરવું

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩ZD મુજબ, દરેક રાજ્યએ પંચાયતો દ્વારા તૈયાર કરાયેલા વિકાસ યોજનાઓને એકીકૃત કરવા માટે અને સમગ્ર જિલ્લા માટે વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે જિલ્લા સ્તરે જિલ્લા આયોજન સમિતિ (DPC) ની રચના કરવી જરૂરી છે. આ બંધારણીય જરૂરિયાતને અનુરૂપ, ગુજરાત સરકારે ગુજરાત જિલ્લા આયોજન સમિતિ

અધિનિયમ, ૨૦૦૮ ઘડ્યો છે, જે DPCની રચના, સત્તાઓ અને કાર્યોની જોગવાઈ કરે છે. DPC એક પ્રતિનિધિ સંસ્થા છે જેમાં તેના સભ્યોના ઓછામાં ઓછા ૮૦ ટકા (૪/૫) સભ્યો જિલ્લાની પંચાયતો અને નગરપાલિકાઓના ચૂંટાયેલા સભ્યો હોય છે.

તદનુસાર, ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં DPCની રચના કરવામાં આવી છે. આ સમિતિઓમાં ગુજરાત DPC કાયદાની કલમ ૩ હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આયોજન અધિકારી અને વિષય નિષ્ણાતોનો સમાવેશ થાય છે. કાયદા હેઠળના નિયમો ૨૦૧૬માં સૂચિત કરવામાં આવ્યા હતા, અને ત્યારબાદના સરકારી આદેશોમાં દરેક જિલ્લા માટે જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓના સભ્યોની સંખ્યા નિર્ધારિત કરવામાં આવી છે.

એ નોંધવું મહત્વપૂર્ણ છે કે DPCsની સ્થાપના છતાં, જિલ્લા આયોજન બોર્ડ (DPB) નામની એક કારોબારી સમિતિ તમામ જિલ્લાઓમાં કાર્યરત છે. ૧૯૮૦ના દાયકાથી વહીવટી તંત્ર તરીકે રચાયેલા જિલ્લા આયોજન બોર્ડ (DPB) એ જિલ્લા સ્તરે વિકાસલક્ષી પ્રયાસોના સંકલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જોકે, ૭૩મા બંધારણીય સુધારાના અમલ અને ત્યારબાદ પ્રતિનિધિ અને વૈધાનિક સંસ્થાઓ તરીકે જિલ્લા આયોજન સમિતિઓ (DPCs) ની સ્થાપના સાથે, હવે જિલ્લા-સ્તરીય આયોજન પ્રક્રિયાઓને લોકશાહી વિકેન્દ્રીકરણના બંધારણીય દ્રષ્ટિકોણ સાથે વધુ સુસંગત બનાવવાની તક છે.

જિલ્લા આયોજન સમિતિઓ (DPCs) બંધારણીય રીતે ફરજિયાત, કાયદેસર રીતે સમર્થિત અને પ્રતિનિધિ સંસ્થાઓ છે, જ્યારે જિલ્લા આયોજન બોર્ડ (DPBs) ફક્ત કાર્યકારી વ્યવસ્થા છે, જેનો કોઈ કાયદાકીય દરજ્જો નથી. તેથી આયોજન અને સંકલન કાર્યોને સત્તાવાર રીતે DPBs પાસેથી લઇને DPCsને સોંપવા એ કાયદાકીય અને તાર્કિક રીતે ઉચિત છે. આ ફેરફાર બંધારણનું અનુપાલન સુનિશ્ચિત કરશે અને જિલ્લા સ્તરના આયોજનને વધુ સહભાગી અને વિકેન્દ્રિત બનાવશે.


**ભલામણ ૪.૨:** સરકાર દરેક જિલ્લામાં જિલ્લા આયોજન સમિતિ (DPC) ને વિવિધ યોજનાઓ અને વિભાગો હેઠળના તમામ જિલ્લા સ્તરના આયોજન કાર્યો સોંપવા માટે આદેશ અથવા જાહેરનામું બહાર પાડવાનું વિચારી શકે છે. તેના લીધે હવે બિનજરૂરી બની ગયેલા જિલ્લા આયોજન બોર્ડ (DPB)ના માળખાને તબક્કાવાર દૂર કરી શકાશે. આ ફેરફાર ૭૩મા બંધારણીય સુધારાને અનુરૂપ, ગુજરાતમાં જિલ્લા આયોજન પ્રક્રિયાને વધુ કાયદેસર, જવાબદાર અને સહભાગી બનાવશે.

### સુધારો ૩: વિકાસ કાર્યોની પસંદગી માટે એક જ સત્તા તરીકે એકીકૃત તાલુકા આયોજન સમિતિ

ગ્રામીણ સ્તરે, વિકેન્દ્રિત આયોજનની વિવિધ જોગવાઈઓ હેઠળ ઘણીવાર સમાન વિકાસ કાર્યો તાલુકા સ્તરે અલગ અલગ સમિતિઓ દ્વારા અલગ અલગ સમયે પસંદ કરવામાં આવે છે જેમ કે તાલુકા આયોજન સમિતિ (તાલુકા સ્તરના વિવેકાધીન ગ્રાંટ માટે), ATVT કારોબારી આયોજન સમિતિ (ATVT જોગવાઈ માટે), અને તાલુકા પંચાયત આયોજન સમિતિ (નાણા પંચ માટે). આ પ્રણાલીના લીધે કામોનું પુનરાવર્તન થાય છે, વહીવટી પ્રક્રિયામાં વધારો થાય છે અને સમય અને ઊર્જાનો બગાડ થાય છે. ઘણા સભ્યો એક કરતાં વધુ સમિતિઓમાં બેસે છે, તેમજ નિર્ણયો માટે સર્વસંમતિ અને પરામર્શની જરૂર હોવાથી કામગીરી બેવડાઇ જાય છે. આ પરિસ્થિતિમાં તાલુકા સ્તરે એક એકીકૃત સંસ્થા હોવી જોઈએ જે તમામ વિકેન્દ્રિત આયોજન યોજનાઓ હેઠળના કાર્યો પસંદ કરવા માટે જવાબદાર હોય. આ એક જ સંસ્થામાં પંચાયત વિભાગ, શહેરી વિકાસ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ અને અન્ય વિકેન્દ્રિત યોજનાઓનો સમાવેશ થશે, જેથી પુનરાવર્તનને ઘટાડી શકાય અને સુવ્યવસ્થિત વહીવટી પ્રક્રિયા દ્વારા તે ક્ષેત્રનો સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરી શકાય.

## સંયુક્ત તાલુકા આયોજન સમિતિની રચના

પ્રસ્તાવિત તાલુકા આયોજન સમિતિમાં આકૃતિ ૨૬માં દર્શાવેલ સભ્યોનો સમાવેશ થઈ શકે છે. ભૌગોલિક સ્થિતિ, વસ્તી, પછાતપણાનું સ્તર અથવા અન્ય વહીવટી મર્યાદા જેવા પરિબળોના આધારે બોર્ડમાં સભ્યોની સંખ્યા દરેક તાલુકામાં અલગ અલગ હોઈ શકે છે. જરૂર પડે ત્યારે, અસરકારક વિકેન્દ્રિત આયોજન સુનિશ્ચિત કરવા માટે બોર્ડ પરામર્શ માટે વધારાના હિસ્સેદારોને પણ સામેલ કરી શકે છે.




*આકૃતિ ૨૬: પ્રસ્તાવિત એકીકૃત તાલુકા આયોજન સમિતિનું બંધારણ*


## તાલુકા આયોજન સમિતિની ભૂમિકાઓ અને જવાબદારીઓ

આ સમિતિ તાલુકા સ્તરે તમામ વિકેન્દ્રિત આયોજન જોગવાઈઓ હેઠળ વિકાસ કાર્યોને મંજૂરી આપવા, પ્રાથમિકતા આપવા અને ભલામણ કરવા માટે એકમાત્ર સત્તા રહેશે. આ સમિતિ એક વ્યાપક તાલુકા વિકાસ આયોજન તૈયાર કરશે જેમાં ખામીઓની ઓળખ કરીને ગ્રામ્ય અને શહેરી વિસ્તારોની જરૂરિયાતોને સંબોંધિત કરવામાં આવશે, વિશેષ રૂપે C અને D શ્રેણીની નગરપાલિકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જેથી સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરી શકાય.

આ સમિતિ મંજૂર થયેલી પરિયોજના માટે ભંડોળની ફાળવણી અને તેના ઉપયોગનું પણ સંચાલન કરશે અને પરિયોજનામાં નાણાકીય નિયમોનું અનુપાલન અને સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું સુનિશ્ચિત કરશે. વધુમાં, સમિતિ દ્વારા નિયમિતપણે પરિયોજનાની પ્રગતિ, ગુણવત્તા અને ખર્ચની સમીક્ષા કરવામાં આવશે. સમિતિના અધ્યક્ષની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે, જેમાં એ બાબત ધ્યાને લેવામાં આવશે કે દરેક તાલુકો પ્રાંત અધિકારી અથવા નાયબ જિલ્લા વિકાસ અધિકારીના અધિકારક્ષેત્રમાં આવે છે.

## સુવ્યવસ્થિત આયોજન પ્રક્રિયા

વધુ સારી કાર્યક્ષમતા અને સંકલન માટે એક સુવ્યવસ્થિત આયોજન પ્રક્રિયા હોવી જોઈએ જે આ ભલામણને સહયોગ કરે. આ પ્રક્રિયા પાયાથી શરૂઆતના અભિગમને અનુસરે છે, જ્યાં આયોજન સ્થાનિક સ્તરે શરૂ થાય છે. આ યોજનાઓ સ્થાનિક પરિસ્થિતિઓ અને સ્થાનિક સમુદાયોની જરૂરિયાતોને અનુરૂપ હોય તે સુનિશ્ચિત કરવામાં આવે છે. આ પ્રક્રિયાના પગલાં આકૃતિ ૨૭માં દર્શાવવામાં આવ્યા છે.




*આકૃતિ ૨૭: સુવ્યવસ્થિત આયોજન પ્રક્રિયા*

**ભલામણ ૪.3:** વિસ્તારના તમામ વિકાસ કાર્યોનું નિરીક્ષણ કરવા માટે દરેક તાલુકામાં એકીકૃત તાલુકા આયોજન સમિતિની સ્થાપના કરી શકાય છે. આ પ્રક્રિયાથી કામોનું પુનરાવર્તન ઘટશે, વહીવટી પ્રક્રિયાઓ સુવ્યવસ્થિત બનશે અને ક્ષેત્રનો સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરી શકાશે.

## સુધારો ૪: આયોજનમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા માટે સંકલિત સોફ્ટવેર સિસ્ટમ

ગુજરાતમાં તમામ વિકાસલક્ષી યોજનાઓ માટે એક સંકલિત સોફ્ટવેર સિસ્ટમ વિકસાવવી જોઈએ. તેના લીધે ગ્રામીણ સ્તરે હાથ ધરવામાં આવેલા તમામ વિકાસ કાર્યોની માહિતી એક જ સ્રોતમાંથી ઉપલબ્ધ થશે, તેમજ પારદર્શિતા અને કાર્યક્ષમતામાં

સુધારો થશે. પોર્ટલમાં પરિયોજનાની શરૂઆતથી લઈને UTC જારી કરવા સુધીના તમામ પગલાં સામેલ હોવા જોઈએ અને તે ઇન્ટિગ્રેટેડ ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (IFMS) પોર્ટલ સાથે પણ જોડાયેલું હોવું જોઈએ.

દરેક નવી વિકાસ પરિયોજનાની ઓળખ અને રેકોર્ડ રાખવા માટે તમામ નવી શરૂ થયેલી પરિયોજના માટે એક વિશિષ્ટ ID (યુનિક ID) હોવો જોઇએ. આ ID પરિયોજનાઓની યાદી બનાવવામાં પણ મદદરૂપ થશે. તેની જવાબદારી પ્રસ્થાપિત કરવા માટે એવી સુવિધા વિકસિત કરવી જોઇએ જેમાં આ ID મારફતે જાહેર જનતા પરિયોજનાઓની સ્થિતિ અંગે જાણી શકે. સચોટ અપડેટ્સ પ્રદાન કરવા માટે રિઅલ-ટાઇમ ડેટા એન્ટ્રીમાં જીઓ-ટેગિંગ અને કામની શરૂઆત પહેલાના અને ત્યારબાદના ફોટા સામેલ હોવા જોઇએ. વધુમાં, સામાજિક ઓડિટને પ્રોત્સાહન આપવા અને પાયાના સ્તરે લોકશાહીને મજબૂત બનાવવા માટે કાર્યોની પ્રગતિના અપડેટ્સ સમયાંતરે SMS દ્વારા ગ્રામ સભાના સભ્યોને મોકલવા જોઈએ.

ગામની તમામ સંપત્તિઓનું જીઓ-ટેગિંગ અને ફોટોગ્રાફિક સર્વે સાથે રિઅલ-ટાઇમ ડેટા એન્ટ્રી વ્યાવસાયિક એજન્સીઓ દ્વારા કરી શકાય છે. તમામ નવી સંપત્તિઓ પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે જે નાગરિકો માટે પણ જાહેર કરવામાં આવશે.

---

અમલીકરણ માર્ગદર્શિકા -

વિગતવાર અમલીકરણ માર્ગદર્શિકા માટે, GARC (જૂન ૨૦૨૫) ના ત્રીજા અહેવાલમાં સુધારો #૪, "તાલુકાઓ અને ગામડાઓમાં તમામ સરકારી સંપત્તિઓ અને સેવાઓની GIS-આધારિત સંપત્તિ યાદી" નો સંદર્ભ લઈ શકાય છે.

**ભલામણ ૪.૪:** ગુજરાતમાં તમામ બહુ-સ્તરીય વિકાસ કાર્યોના આયોજન, મંજૂરી અને નિરીક્ષણ માટે એક સંકલિત, GIS-આધારિત પોર્ટલ વિકસાવવાની ભલામણ કરવામાં આવે છે.

## સુધારો ૫: કાર્ય ફાળવણી અને કેડર તાકાતનું તર્કસંગતકરણ

વિવિધ સમિતિઓ અંતર્ગત અલગ અલગ ગ્રાંટ હોવાથી, ભવિષ્યના અભિગમ તરીકે એકીકૃત તાલુકા આયોજન સમિતિનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવે છે. પ્રોત્સાહન અને ભૌગોલિક રીતે પછાત વિસ્તાર યોજનાઓ (નિયમિત વિવેકાધીન ગ્રાંટ ઉપરાંત નાના ગ્રાંટ) હેઠળના નાના ગ્રાંટને વિવેકાધીન જોગવાઈમાં ભેળવી દેવાની ભલામણ કરવામાં આવે છે. તેનાથી ફાળવણીની પ્રક્રિયા સરળ બનશે, વધારાની વહીવટી કામગીરી ઘટશે અને કાર્યક્ષમતામાં સુધારો થશે. ગ્રામ્ય સ્તરે મંજૂર કરાયેલ કોઈપણ વિકાસ કાર્ય માટે ગ્રામસભાનો ઠરાવ ફરજિયાત રહેશે અને તમામ ગ્રાન્ટિંગ એજન્સીઓએ ગ્રામસભા દ્વારા તૈયાર કરાયેલ વિકાસ યોજના અનુસાર પરિયોજનાઓને મંજૂરી આપવાની રહેશે.

જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ અને ઉપલબ્ધ ગ્રાંટના આધારે, નાના જિલ્લાઓમાં વાર્ષિક અંદાજે ૧૦૦૦થી ૧૨૦૦ કામો હાથ ધરવામાં આવે છે જ્યારે મોટા જિલ્લાઓમાં ૩૫૦૦થી ૩૭૦૦ કામો હાથ ધરવામાં આવે છે. જિલ્લા આયોજન કચેરીમાં વિવિધ યોજનાઓ હેઠળ ગ્રાંટ ફાળવવાનું એકમ તાલુકો છે અને ઘણી યોજનાઓમાં, ગામડાઓની સંખ્યાને ધ્યાનમાં લેવામાં આવે છે અને વસ્તીને ધ્યાનમાં લેવામાં આવતી નથી.

જિલ્લા આયોજન કચેરીમાં વિવિધ ગ્રાંટની ફાળવણીમાં વધારો થયો છે અને સમયાંતરે યોજનાઓની સંખ્યા પણ વધી છે. આ પ્રકારે વિકાસકાર્યોના વિસ્તરણથી તેમજ વધુ તાલુકાઓ અને ગામડાઓમાં નવા ગ્રાંટની ફાળવણીના લીધે, જિલ્લા આયોજન કચેરીમાં કાર્યબળમાં વધારો કરવાની જરૂરિયાત છે. મંજૂર કરેલી જગ્યાઓની સંખ્યામાં વ્યૂહાત્મક રીતે વધારો કરીને તેમજ મુખ્ય જગ્યાઓ ભરીને (ખાસ કરીને ટેકનિકલ અને આંકડાકીય ક્ષેત્રોમાં), કાર્યભારનું વિતરણ વધુ સારી રીતે થઇ શકે છે અને વહીવટી પ્રક્રિયાઓમાં પણ સહયોગ કરી શકાય છે.

જિલ્લા આયોજન કચેરીમાં, ખાસ કરીને આંકડા સહાયકો અને સંશોધન સહાયકોનો ઉમેરો કરવો મહત્વપૂર્ણ છે. દર બે તાલુકા માટે ૧ આંકડા સહાયકની જરૂર છે. વિકાસશીલ તાલુકાઓના કાર્ય અને તેના મહત્વને ધ્યાનમાં લેતા, ત્રણ વિકાસશીલ તાલુકાવાળા જિલ્લામાં ૧ વધારાના સંશોધન સહાયકની જરૂર છે. આઠ કે તેથી વધુ વિકાસશીલ તાલુકા ધરાવતા બે જિલ્લામાં ૨ વધારાના સંશોધન સહાયકોની જરૂર છે. મહાનગરપાલિકાઓને ફાળવવામાં આવેલા ગ્રાંટ અને તાલુકાઓની સંખ્યાને ધ્યાનમાં લેતા, કુલ ૭ સંશોધન અધિકારીઓની જરૂર છે. સૂચિત સ્ટાફ વધારા દર્શાવતું કોષ્ટક પરિશિષ્ટ ૪માં આપવામાં આવ્યું છે.

જિલ્લા સ્તરે જિલ્લા આંકડા અધિકારીની કચેરીનું નિરીક્ષણ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી દ્વારા કરવામાં આવે છે, અને કચેરીની કામગીરી સામાન્ય વહીવટ વિભાગને રિપોર્ટ કરવામાં આવે છે. આ રીતે, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી જિલ્લા સ્તરે જિલ્લા આંકડા અધિકારી અને સામાન્ય વહીવટ વિભાગ વચ્ચે સેતુ તરીકે કાર્ય કરે છે. જિલ્લા સ્તરે જિલ્લા આયોજન અધિકારીની કચેરીનું નિરીક્ષણ સીધું સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) દ્વારા કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં જિલ્લા આયોજન કચેરીઓ અને સામાન્ય વહીવટ વિભાગ વચ્ચે હાલમાં કોઈ મધ્યસ્થી કચેરી/સેલ નથી. જિલ્લા સ્તરે કરવામાં આવતા કાર્ય સંબંધિત પ્રશ્નો સીધા સામાન્ય વહીવટ વિભાગને રજૂ કરવામાં આવે છે. પરંતુ જો જિલ્લા આયોજન કચેરીના કાર્યનું નિરીક્ષણ કરવા માટે વિભાગ/એચઓડી ખાતે એક સેલ બનાવવામાં આવે, તો નિરીક્ષણ યોગ્ય રીતે થઈ શકે છે અને વહીવટને સરળ બનાવી શકાય છે. સેલની સૂચિત રચના પરિશિષ્ટ ૫માં રજૂ કરવામાં આવી છે. પરિયોજનાના આયોજનની દેખરેખ રાખવા અને કાર્યભારના સમાન વિતરણને સુનિશ્ચિત કરવા માટે આ સેલ માનવશક્તિની ઉપલબ્ધતા અને તકનીકી ક્ષમતાને વધુ વેગ આપશે તેવી અપેક્ષા છે.

**સૂક્ષ્મ ભલામણ:** નિયમિત ટેકનિકલ સ્ટાફની અછતને આંશિક રીતે દૂર કરવા માટે, સરકાર જિલ્લા અધિકારીઓને એન્જિનિયરિંગ કોલેજો અથવા ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI)ના એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓને નિશ્ચિત સમયગાળાની પરિયોજનાઓ માટે એપ્રેન્ટિસ તરીકે રાખવાની મંજૂરી આપી શકે છે. આનાથી શૈક્ષણિક સંસ્થાઓ અને સરકાર વચ્ચેનો

સંવાદ મજબૂત થશે અને સંસાધનોનો વધુ સારો ઉપયોગ પણ સુનિશ્ચિત થશે. આ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓને રાજ્યના વિકાસમાં યોગદાન આપવાનો વ્યવહારુ અનુભવ પણ મળશે.

પરિયોજનાનો સમયગાળો, કાર્યની પ્રકૃતિ અને રહેવાના ખર્ચને ધ્યાનમાં લઇને, તાલુકા ગ્રાંટનો એક ભાગ વિદ્યાર્થીઓના વેતનની ચૂકવણી માટે અલગ રાખી શકાય છે. જિલ્લા કલેક્ટર અથવા જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ એપ્રેન્ટિસશીપ કાર્યક્રમ શરૂ કરી શકાય છે. તાજેતરમાં નિવૃત્ત થયેલા ઇજનેરો, કે જેમણે સરકારમાં વ્યાપક સેવા આપી છે, તેમની કલેક્ટર અથવા ડીડીઓ સ્તરના અધિકારી દ્વારા સીધી ભરતી કરી શકાય છે, અને એક માર્ગદર્શક તરીકે તેઓ પરિયોજનાના આયોજન અને વિકાસ માટે વિદ્યાર્થીઓને વ્યવહારુ માર્ગદર્શન આપી શકે છે.

## અન્ય રાજ્યોના ઉદાહરણ

### રાજસ્થાન - એકીકૃત પંચાયત ગ્રાંટ એકત્રીકરણ

રાજસ્થાન સરકારે અલગ અલગ નાના અનુદાનોને એકત્રિત કરીને "પંચાયત રાજ ફંડ" બનાવ્યું છે જેનું સંચાલન જિલ્લા સ્તરે થાય છે. તેના લીધે વિવેકાધીન, પછાત વિસ્તાર ગ્રાંટ અને વિવેકાધીન ઉત્સવ ગ્રાંટ જેવા ગ્રાંટના બહુવિધ સ્રોત ઓછા થયા અને વિતરણ અને ફાળવણીની કામગીરી સુવ્યવસ્થિત થઇ. હવે એકીકૃત વ્યવસ્થા દ્વારા ગ્રાંટ ફાળવવામાં આવે છે અને નિર્ણયો ગ્રામ સભાના ઠરાવો સાથે સુસંગત છે.

સ્થાનિક આયોજનમાં ટેકનિકલ માનવશક્તિ ઉમેરવા માટે વિવિધ રાજ્યોએ ઉપયોગી રીતો શોધી કાઢી છે. આંધ્રપ્રદેશમાં, એક યુનિવર્સિટી ઇન્ટર્નશિપ કાર્યક્રમ દ્વારા આયોજન અને ટેકનિકલ મેપિંગને સહયોગ આપવા માટે જિલ્લા અને મંડળ કચેરીઓમાં પૂર્વસ્નાતક અને એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા. ભારત સરકારના NATS કાર્યક્રમ હેઠળ, મહારાષ્ટ્ર અને ઓડિશા જેવા રાજ્યો વિકાસલક્ષી એન્જિનિયરિંગ કાર્યો માટે સ્નાતક વિદ્યાર્થીઓને એપ્રેન્ટિસશીપમાં

સામેલ કરે છે, જેનું માર્ગદર્શન મોટાભાગે નિવૃત્ત ઇજનેરો દ્વારા કરવામાં આવે છે. કેરળના પીપલ્સ પ્લાને ટેકનિકલ વોલેન્ટિયર કોર્પ્સ રજૂ કર્યું, જેમાં ગ્રામ પંચાયતોને પ્રોજેક્ટ ડિઝાઇન અને ચકાસણીમાં મદદરૂપ થવા માટે નિવૃત્ત નિષ્ણાતો અને સ્નાતક સ્વયંસેવકોને એકસાથે લાવવામાં આવ્યા. તેના પરિણામે સ્ટાફની ઘટ દૂર કરવામાં મદદ મળી. આ ઉદાહરણો દર્શાવે છે કે વિદ્યાર્થી એપ્રેન્ટિસશીપ અને નિષ્ણાત સ્વયંસેવકો સ્થાનિક આયોજનમાં ટેકનિકલ ક્ષમતાને કેવી રીતે મજબૂત બનાવી શકે છે.

---

અમલીકરણ માર્ગદર્શિકા -

**કાર્યક્ષમ ભંડોળ વ્યવસ્થાપન માટે ગ્રાંટનું સુયોજન**


વિવિધ ગ્રાંટને એકસાથે લાવીને તેમનું સંચાલન સુવ્યવસ્થિત કરવું તેમજ સમયસર ભંડોળની ફાળવણી કરીને તેમાં પુનરાવર્તનને દૂર કરવાનો ઉદ્દેશ્ય છે.

પ્રસ્તાવ મુજબ, પ્રોત્સાહન ગ્રાંટ અને ખાસ પછાત વિસ્તાર ગ્રાંટને એક જ વિવેકાધીન જોગવાઈમાં ભેળવી દેવામાં આવશે, જેનાથી હિસાબ અને ફાળવણી સરળ બનશે. ત્યારબાદ એકીકૃત તાલુકા આયોજન સમિતિ આ સંયુક્ત ગ્રાંટ અંતર્ગત આવતા તમામ વિકાસ કાર્યોને આવરી લેતું એક વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરશે. આ સમિતિ એકમાત્ર આયોજન સત્તા તરીકે કાર્ય કરશે, જેના લીધે પરિયોજનાની દરખાસ્તોને હવે વિવિધ વિભાગીય સમિતિઓમાંથી પસાર થવાની જરૂર નહિ રહે. બોર્ડ દ્વારા તાલુકા સ્તરના વિકાસ કાર્યો માટે તમામ દરખાસ્તની સમીક્ષા કરવામાં આવશે તેમજ પ્રાથમિકતા નક્કી કર્યા બાદ તેને મંજૂરી આપવામાં આવશે, ભલે ભંડોળ કોઈ પણ વિભાગ પાસેથી આવવાનું હોય. મંજૂરી બાદ, જિલ્લા આયોજન કચેરી (DPO) સંબંધિત અમલીકરણ સત્તાને ગ્રાંટ જારી કરશે, જેનાથી પ્રક્રિયા ઝડપી અને વધુ સુવ્યવસ્થિત બનશે.

**ભલામણ ૪.૫:** પ્રસ્તાવિત એકીકૃત તાલુકા આયોજન અંતર્ગત ગ્રાંટના શ્રેષ્ઠ ઉપયોગ માટે સરકાર ગ્રાંટને સુયોજિત કરી શકે છે અને માનવશક્તિની જરૂરિયાતનું મૂલ્યાંકન કરીને તાલુકા અને જિલ્લા સ્તરની પ્રાથમિકતાઓ અને જરૂરિયાતના આધારે ભરતી અથવા પુનઃનિયુક્તિનો પ્રસ્તાવ મૂકી શકે છે.

## સુધારો ૬: તમામ વિકાસ કાર્યો માટે નિશ્ચિત વાર્ષિક આયોજન સમયપત્રક

તાલુકાઓમાં તમામ વિકાસ કાર્યોના આયોજન માટે એક ચુસ્ત વાર્ષિક સમયપત્રક પરિયોજનાને શરૂ કરવા માટે, તેના ટ્રેકિંગ અને મૂલ્યાંકન માટે ખૂબ જ ઉપયોગી થશે. સમયમર્યાદા યોગ્ય રીતે વ્યાખ્યાયિત હોવાથી જવાબદારી નિર્ધારિત કરવામાં પણ આ સમયપત્રક મદદરૂપ બનશે. આયોજન પ્રક્રિયા માટેનું પ્રસ્તાવિત વાર્ષિક સમયપત્ર આકૃતિ ૨૭માં દર્શાવવામાં આવ્યું છે, અને અમલીકરણ માર્ગદર્શિકા અંતર્ગત દરેક તબક્કાને વિગતવાર સમજાવવામાં આવ્યા છે.




*આકૃતિ ૨૭: પ્રસ્તાવિત વાર્ષિક આયોજન કેલેન્ડર*

સંકલિત ઠરાવમાં આયોજન માટે વાર્ષિક સમયપત્રકની રૂપરેખા જાણ માટે સામેલ રહેશે.

કાર્યની જોગવાઈમાં વધારો/ફેરફાર ફક્ત એક જ વાર મંજૂર કરવાનો રહેશે. અમલીકરણ અધિકારીએ યોગ્ય કારણ સાથે દરખાસ્ત રજૂ કરવી આવશ્યક છે, અને જિલ્લા કલેક્ટર લેખિતમાં કારણો નોંધ્યા પછી જ તેને મંજૂરી આપી શકે છે.

**સૂક્ષ્મ ભલામણ:** નાણા વિભાગ ત્રણ વર્ષની રોલિંગ ફાળવણીને અગાઉથી મંજૂરી આપી શકે છે. ટેન્ડરિંગ પ્રક્રિયા પહેલાં એક સૂચક ફાળવણી પણ કરી શકાય છે, જેથી આયોજિત કાર્ય નિર્ધારિત નાણાકીય વર્ષમાં એપ્રિલના અંત સુધીમાં શરૂ થઈ શકે.

અન્ય રાજ્યોના ઉદાહરણ-

**૧. પીપલ્સ પ્લાન અભિયાન (પીપીસી) – કર્ણાટક, ઓડિશા, છત્તીસગઢ, વગેરે.**

પીપલ્સ પ્લાન અભિયાન હેઠળ, રાજ્યો એક નિશ્ચિત આયોજન કેલેન્ડરનું પાલન કરે છે. ગ્રામ પંચાયતો નિર્ધારિત સમયમર્યાદામાં વિકાસ યોજનાઓ તૈયાર કરે છે - સર્વેક્ષણોથી શરૂ કરીને ગ્રામ સભા પાસેથી મંજૂરી મેળવે છે અને અંતે તેમને તાલુકા પંચાયત યોજનાઓ અને રાજ્ય યોજનામાં સામેલ કરે છે. ઉદાહરણ તરીકે, કર્ણાટકે ગ્રામ યોજનાથી જિલ્લા યોજના સુધીની સ્પષ્ટ સમયરેખા રજૂ કરી છે: ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ક્ષેત્ર સર્વેક્ષણ, નવેમ્બર સુધીમાં ગ્રામ સભાની મંજૂરી, ડિસેમ્બરમાં તાલુકા-સ્તરીય એકત્રીકરણ અને માર્ચ સુધીમાં રાજ્ય સ્તરે રજૂ કરવી.

**૨. સિક્કિમ - "આફનો ગાંવ આફાય બનાઉ" સંકલિત આયોજન**

સિક્કિમ દ્વારા શરૂ કરવામાં આવેલ રાજ્ય વિકાસની પહેલ અંતર્ગત દરેક ગામને એક નિર્ધારિત સમયમર્યાદામાં યોજનાઓ તૈયાર કરવાની રહે છે. આ પ્રક્રિયામાં સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન, ખામીઓનું વિશ્લેષણ અને ગ્રામ સભા દ્વારા મંજૂર કરાયેલ પ્રાથમિકતાવાળી યોજનાઓ તૈયાર કરવાનો સમાવેશ થાય છે. આ ગ્રામ્ય યોજનાઓને ડિસેમ્બર સુધીમાં જિલ્લા-સ્તરીય યોજનામાં સંકલિત કરવી આવશ્યક છે.

**૩. જિલ્લા આયોજન વિભાગ (DPD) – કર્ણાટક રાજ્ય**

કર્ણાટકમાં જિલ્લા આયોજન વિભાગ ગ્રામ વિકાસ યોજનાઓ બનાવવા માટે વાર્ષિક કેલેન્ડર માર્ગદર્શિકા બહાર પાડે છે. આ પ્રક્રિયા એપ્રિલમાં સર્વેક્ષણોથી શરૂ થાય છે અને ડિસેમ્બરમાં યોજનાને અંતિમ સ્વરૂપ આપવા સુધી ચાલે છે. માર્ગદર્શિકા તકનીકી અંદાજો અને વહીવટી મંજૂરીઓ માટે જરૂરી પગલાં પણ વ્યાખ્યાયિત કરે છે.

## તબક્કાવાર અમલીકરણ માર્ગદર્શિકા

**૧**

**તૈયારીનો તબક્કો - પાયો નાખવો (ગત નાણાકીય વર્ષના જૂન - મધ્ય જુલાઈમાં, જે આગામી વર્ષ માટે યોજના ઘડશે)**

- જિલ્લા આંકડા કચેરી સામાજિક-આર્થિક સૂચકો, માળખાગત સુવિધાઓની સ્થિતિ અને સંસાધનોના મેપિંગ પર ધ્યાન કેન્દ્રિત કરીને ગામદીઠ વ્યાપક સર્વેક્ષણો શરૂ કરશે અને કામગીરી પૂર્ણ કરશે.
- ડીએસઓ, ગ્રામ પંચાયત સચિવો અને ગ્રામ્ય સ્તરના કર્મચારીઓ સાથે મળીને કામ કરશે જેથી સુનિશ્ચિત કરી શકાય કે તમામ ડેટા સંપૂર્ણ અને જમીની સ્તરે યોગ્ય રીતે ચકાસાયેલ છે.
- એકત્રિત કરવામાં આવેલ તમામ ડેટા સચોટ અને અધિકૃત હોવો જોઈએ અને તમામ સંબંધિત હિસ્સેદારોને સરળતાથી મળી શકે તેના માટે ગ્રામ-સ્તરના એટલાસ પોર્ટલ પર તાત્કાલિક અપડેટ થવો જોઈએ.
- સમયસર સર્વેક્ષણ પૂર્ણ કરવા અને પોર્ટલ અપડેટ્સ માટે જરૂરી માનવ અને તકનીકી સંસાધનોની ફાળવણી.

**૨**

**આયોજન તબક્કો - જરૂરિયાતો ઓળખવી અને યોજનાઓ ઘડવી (ઓગસ્ટ)**

- ગ્રામ પંચાયત, તેના ચૂંટાયેલા સભ્યો અને સચિવના નેતૃત્વ હેઠળ, ગામની વર્તમાન માળખાગત સુવિધાઓની તુલના આદર્શ ધોરણો અને સર્વેક્ષણો દ્વારા નિર્ધારિત કરાયેલી જરૂરિયાતો સાથે કરીને ખૂટતી કડીઓનું વિશ્લેષણ કરશે.
- ગ્રામ સભાઓ, સ્વ-સહાય જૂથો અને સ્થાનિક હિસ્સેદારોને સામેલ કરીને વિકાસ જરૂરિયાતો નક્કી કરવા અને પ્રાથમિકતા આપવા માટે એક સહભાગી પ્રક્રિયા અનુસરવામાં આવશે.
- ગ્રામ સ્તરના એટલાસ પોર્ટલ અને સર્વેક્ષણ ડેટાનો ઉપયોગ કરીને, પંચાયત ઉપલબ્ધ સ્થાનિક સંસાધનોની ઓળખ કરશે.
- **એક ગ્રામ વિકાસ યોજના (VDP)** મુસદ્દો તૈયાર કરવામાં આવશે, જેમાં પ્રસ્તાવિત પરિયોજનાઓ, અંદાજિત ખર્ચ, સંભવિત ભંડોળ સ્રોતો, અપેક્ષિત પરિણામો, લાભાર્થીઓ અને આ યોજના રાજ્ય અને રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યો સાથે કેવી રીતે સુસંગત છે તેની વિગતો સામેલ હશે.

**૩**

**સમર્થન તબક્કો - સમુદાય અને તાલુકા દ્વારા (સપ્ટેમ્બર - ઓક્ટોબર)**

ગ્રામ પંચાયતે સમયસર ગ્રામસભાઓનું આયોજન અને તેનો વ્યાપક પ્રચાર સુનિશ્ચિત કરવાનો રહેશે, જેથી ગ્રામ વિકાસ યોજના (VDP)નો મુસદ્દો સ્પષ્ટ રીતે રજૂ કરી શકાય.

તમામ પ્રસ્તાવિત કાર્યો, તેમના કારણો અને અંદાજિત ખર્ચની વિગતો પારદર્શિતા સાથે જાહેર કરવાની રહેશે જેથી તેના વિશે ચર્ચા થઇ શકે અને યોગ્ય પ્રતિસાદ મેળવી શકાય.

ગ્રામસભાના ઠરાવ દ્વારા યોજનાની ઔપચારિક રીતે મંજૂરી મેળવવાની રહેશે, જેમાં વિગતવાર કાર્યનોંધ સામેલ હોવી જોઇએ.

પારદર્શિતા અને સામુહિક જાગરૂકતા સુનિશ્ચિત કરવા માટે મંજૂર થયેલ ગ્રામ વિકાસ યોજનાને સાર્વજનિક રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

**૪**

**તાલુકા આયોજન મંડળ દ્વારા કામોની સમીક્ષા (ઓક્ટોબર)**

ગ્રામ પંચાયતોએ તેમના ગ્રામ સભા દ્વારા મંજૂર કરાયેલા VDPs તાત્કાલિક તાલુકા આયોજન બોર્ડ સમક્ષ રજૂ કરવાના રહેશે.

ત્યારબાદ મંડળ તાકીદ, અસરકારકતા, વ્યવહારક્ષમતા અને વ્યાપક તાલુકા-સ્તરના વિકાસ ઉદ્દેશ્યો અને સંસાધન ઉપલબ્ધતા સાથે સંરેખણના આધારે ગ્રામ વિકાસ યોજનાઓની સમીક્ષા કરીને પ્રાથમિકતા આપશે.

તાલુકા આયોજન મંડળ તાલુકાના વિવિધ ગામોની યોજનાઓનું સંકલન કરશે જેથી ઓવરલેપ દૂર થાય અને કામનું પુનરાવર્તન ટાળી શકાય.

વહીવટી વિલંબ ઘટાડવા અને સમયસર નિર્ણયો સુનિશ્ચિત કરવા માટે ઝડપી મંજૂરી પ્રક્રિયા સ્થાપિત કરવામાં આવશે.

**૫**

**મંજૂરીનો તબક્કો - જિલ્લા આયોજન મંડળ દ્વારા (નવેમ્બર)**

તાલુકા આયોજન મંડળે નવેમ્બરની શરૂઆતમાં તેમના મંજૂર કરેલા કાર્યો અને એકત્રિત યોજનાઓની યાદી જિલ્લા આયોજન મંડળ (DPB) સમક્ષ રજૂ કરવી આવશ્યક છે.

જિલ્લા વિકાસ યોજના અને રાજ્યની પ્રાથમિકતાઓ સાથે સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં આ યોજનાઓની વ્યૂહાત્મક સમીક્ષા.

જિલ્લા આયોજન મંડળ (DPB) વિવિધ તાલુકાઓ વચ્ચે યોગ્ય સંકલન અને જિલ્લામાં પ્રસ્તાવિત પરિયોજનાઓમાં સંઘર્ષ અથવા ઓવરલેપને ઉકેલવા માટે પણ જવાબદાર છે.

DPB ની મંજૂરી પ્રસ્તાવિત વિકેન્દ્રિત કાર્યો માટે અંતિમ સૈદ્ધાંતિક વહીવટી મંજૂરી દર્શાવે છે.

| ક્રમ | તબક્કો | | |
|---|---|---|---|
| ૬ | **કામો માટે ટેકનિકલ અંદાજ રજૂ કરવા (ડિસેમ્બર)** | સંબંધિત વિભાગો અથવા અમલીકરણ એજન્સીઓએ મંજૂર થયેલા તમામ કામો માટે વિગતવાર ટેકનિકલ અંદાજ તૈયાર કરવાના રહેશે. | વાસ્તવિક અને નિર્ધારિત ધોરણોનું પાલન કરતા હોય તેવા અંદાજો યોગ્ય નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલા હોવા જોઇએ |
| | | ઝડપી વહીવટી મંજૂરી માટે ડિસેમ્બરના અંત સુધીમાં જિલ્લા આયોજન કચેરી/સંબંધિત સત્તાને સમયસર રજૂઆત કરવી જરૂરી છે. | પ્રક્રિયા ઝડપી બનાવવા અને પેપરવર્ક ઘટાડવા માટે સંકલિત પોર્ટલ દ્વારા ડિજિટલ રજૂઆતની ભલામણ કરવામાં આવે છે. |
| ૭ | **કામની વહીવટી મંજૂરી અને ટેન્ડરની જાહેરાત (જાન્યુઆરી)** | રજૂ થયેલા ટેકનિકલ અંદાજોના આધારે જિલ્લા આયોજન કચેરી અને સંબંધિત વિભાગોએ વહીવટી મંજૂરીઓને પ્રાથમિકતા આપીને ઝડપી બનાવવી જોઇએ. | વહીવટી મંજૂરી મળ્યા બાદ તુરંત જ ટેન્ડરિંગ પ્રક્રિયા શરૂ કરવાની રહેશે. |
| | | ટેન્ડર દસ્તાવેજો વ્યાપક, પારદર્શક અને સરકારી ખરીદ પ્રક્રિયાની માર્ગદર્શિકાનું પાલન કરતા હોવા જોઇએ. | પારદર્શિતા વધારવા, પ્રક્રિયા ઝડપી બનાવવા અને વધુ કન્ટ્રાક્ટરોને આકર્ષવા માટે ઇ-ટેન્ડરિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૮ | **વર્ક ઓર્ડર જારી કરવા અને ટેન્ડરને અંતિમ સ્વરૂપ આપવું (માર્ચ - એપ્રિલ)** | ટેન્ડર મૂલ્યાંકન ૩૧ માર્ચ સુધીમાં પૂર્ણ થવું જોઇએ, અને જો જરૂરી હોય તો નાણા વિભાગ દ્વારા અગાઉથી અધિકૃત કરીને ૧૫ એપ્રિલ સુધીમાં વર્ક ઓર્ડર જારી કરવા જોઇએ. | દરેક વર્ક ઓર્ડરમાં કાર્યક્ષેત્ર, સમયસીમા, ગુણવત્તા ધોરણો, ચુકવણીઓ અને દંડ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત હોવા જોઇએ, અને સમયમર્યાદાનું કડક પાલન થવું જોઇએ જેથી પરિયોજના આગામી માર્ચ સુધીમાં પૂર્ણ થઇ શકે. |
| | | એક મજબૂત બહુ-સ્તરીય નિરીક્ષણ પ્રણાલી સ્થાપિત કરવાની રહેશે, જેમાં નિયમિત સ્થળ મુલાકાતો, બોર્ડ અને વિભાગોની સમયાંતરે થતી સમીક્ષાઓ અને સમુદાયો તરફથી પ્રતિસાદ સામેલ હોય. | ચુસ્ત ગુણવત્તા નિયંત્રણ, નિયમિત ઓડિટ અને સ્પષ્ટ ફરિયાદ નિવારણ પ્રણાલી સાથે રિઅલ-ટાઇમ નિરીક્ષણને સક્ષમ કરવા માટે જીઓ-ટેગિંગ અને મોબાઇલ એપ્લિકેશનોનો ઉપયોગ. |

## ૯ કાર્યોનું સમાપન : (આગામી માર્ચ-એપ્રિલ)

**ભલામણ ૪.૬** - સરકાર આયોજન સંબંધિત તમામ પ્રવૃત્તિઓ માટે એક નિશ્ચિત વાર્ષિક કેલેન્ડર રજૂ કરી શકે છે, જેમાં શરૂઆત, ટ્રેકિંગ અને મૂલ્યાંકનને સમાવિષ્ટ કરવામાં આવે.

સુધારો ૭: દેખરેખ અને જવાબદારીમાં સુધારો

તમામ આયોજન ગ્રામ પંચાયત સ્તરેથી શરૂ થશે, અને ત્યારબાદ પ્રાંત અધિકારી દ્વારા દરખાસ્તો તાલુકા આયોજન મંડળને મોકલવામાં આવશે. ત્યાંથી દરખાસ્તો જિલ્લા આયોજન મંડળ સમક્ષ રજૂ થશે, જ્યાં કલેક્ટર, પ્રભારી સચિવ અને જિલ્લાના પ્રભારી મંત્રી દ્વારા મંજૂરી આપવામાં આવશે.

**સૂક્ષ્મ ભલામણ:** વિકાસશીલ તાલુકા કાર્યોની સમીક્ષા/નિરીક્ષણ માટે જિલ્લા સ્તરે કલેક્ટરની અધ્યક્ષતામાં બે મહિનાના સમયગાળામાં નિયમિત બેઠકો યોજવી જોઈએ, અને અહેવાલો જિલ્લા અને સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ના સંબંધિત પ્રભારી સચિવને મોકલવા જોઈએ. આ સમીક્ષામાં ફક્ત માળખાકીય સુવિધાઓનું નિર્માણ જ નહીં પરંતુ સામાજિક સૂચકોનો પણ સમાવેશ થવો જોઈએ.

વહીવટી મંજૂરી સાથે અમલીકરણ અધિકારીનું પ્રમાણપત્ર હોવુ જોઇએ જેમાં જણાવવામાં આવ્યું હોય કે આ બાબતે સ્થળ અંગે કોઈ વિવાદ કે અન્ય સમસ્યાઓ નથી અને ગ્રાંટની ફાળવણી બાદ કામ શરૂ થઇ શકે છે.

પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, કાર્યપાલક ઇજનેર (રાજ્ય), માર્ગ અને મકાન અને કાર્યપાલક ઇજનેર (પંચાયત), માર્ગ અને મકાનના કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં અમુક ગુણોનો સમાવેશ કરવા અંગે સરકાર વિચારી શકે છે જેથી યોજનાઓ પર યોગ્ય ધ્યાન આપવામાં આવે.

**સૂક્ષ્મ ભલામણ:** સરકાર આદેશ આપી શકે છે કે આ વિવિધ યોજનાઓ હેઠળ કોઈપણ પ્રકારના કામનું આયોજન કરતી વખતે, જે ગામોને છેલ્લા સતત ચાર નાણાકીય વર્ષોથી કોઈ ગ્રાંટ ન મળ્યું હોય તેમને પ્રાથમિકતાના ધોરણે સામેલ કરવામાં આવશે.

અન્ય રાજ્યોના ઉદાહરણ-

ઉત્તર પ્રદેશ – મહત્વાકાંક્ષી જિલ્લા અને બ્લોક મોનિટરિંગ, જિલ્લા-સ્તરીય દેખરેખ સમિતિઓ (DLMCs)

- રાજ્ય દ્વારા મહાત્વાકાંક્ષી જિલ્લા/તાલુકા માટે ત્રણ-દિવસીય સમીક્ષાઓ કરવામાં આવે છે જેમાં ઉચ્ચ સ્તરીય અધિકારીઓ સ્વાસ્થ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ અને સામાજિક વિકાસ ક્ષેત્રમાં પરિણામોનું મૂલ્યાંકન કરે છે.
- આ ક્ષેત્રોના પરિણામોનું પ્રદર્શન તેમની કારકિર્દીને પ્રભાવિત કરી શકે છે જેમાં પરિયોજનાના નિરીક્ષણને જવાબદારી અને કારકિર્દી મૂલ્યાંકન સાથે જોડવામાં આવ્યું છે.
- દરેક જિલ્લામાં, જિલ્લા-સ્તરીય નિરીક્ષણ સમિતિઓ (DLMCs) ની રચના કરવામાં આવી છે, જેનું નેતૃત્વ સૌથી વરિષ્ઠ ધારાસભ્ય કરે છે. આ સમિતિઓમાં ધારાસભ્યો, સ્થાનિક પંચાયત સભ્યો, જિલ્લા અધિકારીઓ અને બેંકરોનો સમાવેશ થાય છે.
- આ સમિતિઓ દર ત્રણ મહિને એકવાર યોજનાઓના અમલીકરણ પર દેખરેખ રાખવા તેમજ ભંડોળના દુરૂપયોગ જેવા મુદ્દાઓની ઓળખ કરવા માટે મળે છે. આ સમિતિઓ દ્વારા જારી થયેલા સૂચનો પર 30 દિવસની અંદર કાર્યવાહી કરવી આવશ્યક છે.

---

<u>અમલીકરણ માર્ગદર્શિકા –</u>

**૪.૭.૧. વ્યાપક નિરીક્ષણ અને મૂલ્યાંકન (M&E) માળખું:**

નિરીક્ષણ ફક્ત માળખાગત સુવિધાઓના નિર્માણ સુધી મર્યાદિત નહિ રહે, પરંતુ સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવા માટે શિક્ષણ, આરોગ્ય, લિંગ સમાનતા અને સમુદાય સુખાકારી જેવા સામાજિક સૂચકોને પણ આવરી લેશે. વિકાસશીલ તાલુકા કાર્યોની સમીક્ષા અને નિરીક્ષણ માટે જિલ્લા સ્તરે કલેક્ટરની અધ્યક્ષતામાં નિયમિત દ્વિમાસિક બેઠકો બોલાવવામાં આવશે. આ બેઠકો

ઉચ્ચ-સ્તરીય નિરીક્ષણ અને ભૌતિક અને નાણાકીય પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે મહત્વપૂર્ણ છે. તેઓ સ્થળ અંગેના વિવાદો, નાણાકીય વિસંગતતાઓ અને અન્ય કાર્યકારી પડકારોને ઓળખવા અને ઉકેલ લાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે પણ કાર્ય કરશે.

**૪.૭.૨. ઉન્નત કાળજી અને ગુણવત્તાની ખાતરી:**

વહીવટી મંજૂરી માટેની દરેક વિનંતી સાથે અમલીકરણ અધિકારીનું પ્રમાણપત્ર હોવું ફરજિયાત છે. આ પ્રમાણપત્રમાં નીચેની બાબતો સ્પષ્ટપણે હોવી જોઇએ:

- વર્તમાનમાં સ્થળ પર કોઈ વિવાદ નથી.
- કામ શરૂ થવામાં અથવા પૂર્ણ થવામાં અવરોધ ઊભા કરે તેવી અન્ય કોઈ સંભવિત સમસ્યાઓ નથી.
- ગ્રાંટની ફાળવણી બાદ કામ ત્વરિત શરૂ થઇ શકે છે.

**૪.૭.૩. કામગીરી આધારિત જવાબદારી:**

શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા જિલ્લા આયોજન અધિકારીને (DPO) પુરસ્કૃત કરી શકાય છે. શ્રેષ્ઠ પ્રદર્શન કરતા તાલુકાઓ અને જિલ્લાઓની ઓળખ કરતી રેન્કિંગ પ્રણાલીનો તેમાં ઉપયોગ કરી શકાય છે.

**ભલામણ ૪.૭** - સરકાર એક મજબૂત કામગીરી મૂલ્યાંકન પ્રણાલી રાખીને નિરીક્ષણ અને જવાબદારીને સુવ્યવસ્થિત કરી શકે છે. વધુમાં, શ્રેષ્ઠ પ્રદર્શન કરતી જિલ્લા આયોજન કચેરીઓને પ્રોત્સાહન આપવા માટે એક એવોર્ડ સિસ્ટમ ઘડી શકાય છે.

## સુધારો ૮: પુરાવા-આધારિત સમયાનુકૂળ પદ્ધતિ દ્વારા પછાત તાલુકાઓને ઓળખવાની પ્રક્રિયાને મજબૂત બનાવવી

પછાત તાલુકાઓની સ્થિતિ સુધારવા માટે ગુજરાતે લાંબા સમયથી કામગીરી કરી છે, જે વિવિધ સમિતિઓના કાર્ય દ્વારા દર્શાવવામાં આવ્યું છે - હાથી સમિતિ (૧૯૭૧), આઈ.જી. પટેલ સમિતિ (૧૯૮૫), અને કૌલગી સમિતિ (૨૦૦૬) - જેની ચર્ચા આ અહેવાલના પરિચ્છેદ ૩.૩માં કરવામાં આવી છે. આ દરેક સમિતિએ તત્કાલીન સમયની જરૂરિયાતો અને વાસ્તવિકતાઓ અનુસાર "પછાતપણા"ની વ્યાખ્યા કરી હતી અને એ સુનિશ્ચિત કર્યું હતું કે તેમના માપદંડો એ સમયની વાસ્તવિક પરિસ્થિતિ અને તે સમયગાળામાં સૌથી સુસંગત બાબતોને પ્રતિબિંબિત કરે.

શરૂઆતના વર્ષોમાં, પછાતપણાના માપદંડો પરિણામલક્ષી હતા. તે રસ્તા, વીજળીકરણ, પીવાનું પાણી અને સિંચાઈ જેવી મૂળભૂત વિકાસ જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરતા હતા. આ ક્ષેત્રો નિશ્ચિત સમયગાળા માટે મહત્વપૂર્ણ હતા પણ રાજ્યના સંપૂર્ણ વિસ્તારમાં હજુ પણ આવશ્યક સુવિધાઓનો અભાવ હતો. તેથી, વિકાસની પ્રાથમિકતાઓ અંતિમ પરિણામો દ્વારા માપવામાં આવતી હતી, જેમાં લક્ષ્યો ચોક્કસ માળખાકીય પરિયોજનાની પૂર્ણતા સાથે જોડાયેલા હતા.

જેમ જેમ ગુજરાતે વિવિધ સરકારો હેઠળ પ્રગતિ કરી અને સતત વિકાસનું સાક્ષી બન્યું, તેમ તેમ પછાતપણાને વ્યાખ્યાયિત કરવાની કામગીરી ધીમે ધીમે પ્રક્રિયા-લક્ષી અભિગમ તરફ વળી. આ નવી પદ્ધતિમાં સમય જતાં થયેલા ફેરફારો પર ધ્યાન આપવામાં આવ્યું, જેમાં પદ્ધતિ, કામગીરીનું યોગ્ય અમલીકરણ અને માનવ વિકાસ પાસાઓ પર વધુ ભાર મૂકવામાં આવ્યો. તેમાં માનવ વિકાસ સૂચકાંક (HDI) સંબંધિત માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો. તાજેતરના વર્ષોમાં જ્યારે રાજ્યના મોટાભાગના ભાગોમાં મૂળભૂત સુવિધાઓ પહોંચી ગઇ છે, ત્યારે તે વધુ સુસંગત બન્યું છે.

હાલમાં ઉપયોગમાં લેવાતા ઘણા સૂચકો ૨૦૦૧ની વસ્તી ગણતરી, ૧૯૯૭ની આર્થિક વસ્તી ગણતરી, ૨૦૦૩ની પશુધન વસ્તી ગણતરી અને ૧૯૯૯ની ઉદ્યોગ વસ્તી ગણતરી જેવા સત્તાવાર ડેટા સ્ત્રોતોમાંથી લેવામાં આવ્યા હતા. આ પરિણામ-આધારિત સૂચકોનો ઉપયોગ કરીને, કૌલગી સમિતિએ ગુજરાતના તમામ તાલુકાઓને તેમના પ્રદર્શન અનુસાર ક્રમાંકિત કર્યા. આ સંયુક્ત સ્કોરિંગના આધારે, ૨૦૦૬માં ૩૦ સૌથી ઓછા પ્રદર્શન કરનારા તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે ઓળખવામાં આવ્યા હતા. પાછળથી, ૨૦૦૯માં, ૧૫ માનવ વિકાસ સૂચકોનો ઉપયોગ કરીને મૂલ્યાંકનના આધારે, આ યાદીમાં બીજા ૧૧ તાલુકા ઉમેરવામાં આવ્યા, જેના લીધે કુલ ૪૧ વિકાસશીલ તાલુકા જાહેર થયા જેમાં ૪૪ સૂચકોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

ક્ષેત્રીય સદર અને પેટા સદર હેઠળ જૂથબદ્ધ આ ૪૪ સૂચકોનું સંક્ષિપ્ત વિવરણ નીચે દર્શાવવામાં આવ્યું છે.

સંપૂર્ણ યાદી પરિશિષ્ટ ૨માં ઉપલબ્ધ છે.

કૌલગી સમિતિ દ્વારા નક્કી કરાયેલા ૪૪ ક્ષેત્રીય સૂચકો –

| ક્રમ | ક્ષેત્ર | સૂચકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જીવન સ્તર | ૧૧ |
| | i. વસ્તી વિષયક<br>ii. પરિવારો સુધી મૂળભૂત સુવિધાઓની પહોંચ<br>iii. ગરીબી રેખા નીચેના પરિવારો | |

| | | |
|---|---|---|
| ૨ | આર્થિક સૂચકો | ૧૫ |
| | i. કૃષિ<br>ii. પશુપાલન<br>iii. ઉદ્યોગો | |
| 3 | માળખાકીય સૂચકો | ૮ |
| | i. વસ્તી વિષયક<br>ii. પરિવારો સુધી મૂળભૂત સુવિધાઓની પહોંચ<br>iii. ગરીબી રેખા નીચેના પરિવારો | |
| ૪ | સામાજિક વિકાસ સૂચકો | ૧૦ |
| | i. શિક્ષણ<br>ii. આરોગ્ય | |

| | |
|---|---|
| **કુલ** | ૪૪ |

*કોષ્ટક૦૬: કૌલગી સમિતિના ક્ષેત્રીય સૂચકો*

ઉપરોક્ત ૪૪ સૂચકો ૨૦૦૬થી પછાતપણાને માપવા માટેના મૂળ માપદંડ હતા પરંતુ ડેટાની ઉપલબ્ધતા, નિરીક્ષણ પદ્ધતિઓ અને પ્રણાલીમાં ફેરફાર થયા છે. ૨૦૧૯થી, સરકારે આરોગ્ય, પોષણ, કૃષિ, શિક્ષણ, રોજગાર, માળખાગત સુવિધા અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રોમાં ચોક્કસ પ્રક્રિયા સૂચકાંકોને ટ્રેક કરવાનું પણ શરૂ કર્યું. તેમાં ૪૫ માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે. દરેક માપદંડ માટે ક્ષેત્ર, ડેટા પ્રદાન કરતી કચેરી અને તેને આપવામાં આવેલું મહત્વ નીચેના કોષ્ટકમાં સૂચિબદ્ધ છે.

૫૧ વિકાસશીલ તાલુકાઓ માટે સ્ત્રોત કાર્યાલય, મહત્વ ભાર અને સૂચકોની સંખ્યા-

| ક્રમ | ક્ષેત્ર | સ્ત્રોત કચેરી | મહત્વ | સૂચકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સ્વાસ્થ્ય અને પોષણ | આરોગ્ય કમિશનર કચેરી | ૩૦ | ૧૪ |
| | | મહિલા અને બાળ વિકાસ | | ૪ |
| | | કુલ | | ૧૮ |
| ૨ | શિક્ષણ | પ્રાથમિક શિક્ષણ | ૩૦ | ૧૩ |
| | | સ્કૂલ કમિશનર કચેરી | | ૨ |
| | | કુલ | | ૧૫ |
| ૩ | રોજગાર અને કૌશલ્ય વિકાસ | ગ્રામીણ વિકાસ કમિશનર કચેરી | ૩૦ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની | | ૧ |
| | | રોજગાર અને તાલીમ નિયામક કચેરી | | ૫ |
| | | કુલ | | ૯ |
| ૪ | ગ્રામીણ વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ગ્રામીણ વિકાસ કમિશનર કચેરી | ૧૦ | ૧ |
| | | વાસ્મો | | ૧ |
| | | માર્ગ અને મકાન | | ૧ |
| | | કુલ | | 3 |

| | | |
|---|---|---|
| **કુલ** | **૧૦૦** | **૪૫** |

*કોષ્ટક ૦૭: 51 તાલુકાઓ માટે SDG આધારિત 45 સૂચકો (સંપૂર્ણ યાદી પરિશિષ્ટ ૩માં)*

**આ ૪૫ સૂચકો અંતર્ગત રેન્કના આધારે તાલુકાઓને ચાર સ્તરોમાં વિભાજિત કરવામાં આવ્યા છે:**

- એચિવર્સ: ટોચના ૨૫% તાલુકા
- ફ્રન્ટ રનર્સ: ઉચ્ચ મધ્યમ ૨૫%
- પર્ફોર્મર્સ: નિમ્ન મધ્યમ ૨૫%
- એસ્પિરન્ટ્સ: નિમ્ન ૨૫%

વિકાસશીલ તાલુકાઓ નક્કી કરવા માટે વપરાતા માપદંડો લગભગ વીસ વર્ષ જૂના માળખા પર આધારિત છે. સમયાંતરે, ઘણી વસ્તુઓ બદલાઈ ગઈ છે જેમ કે ડેટાનું એકત્રિકરણ અને નિરીક્ષણ, વિકાસને માપવાની રીત, કલ્યાણકારી યોજનાઓમાં વધારો અને સ્થળાંતર જેવા વસ્તી વિષયક ફેરફારો. આજે, ટકાઉ વિકાસ લક્ષ્યો (વિઝન ૨૦૩૦) અને વિકસિત ગુજરાત ૨૦૪૭ના વિઝનની નવી પ્રાથમિકતાઓ સાથે, પછાત તાલુકાઓને વર્ગીકૃત કરતી વર્તમાન પ્રણાલીને અપડેટ કરવાની જરૂર છે.

આગળ જતાં, તાલુકાઓના પછાતપણાને વર્ગીકૃત કરવા માટે ગતિશીલ માપદંડો સાથે એક નવી પ્રણાલી વિકસિત કરી શકાય છે. આ માપદંડોમાં વિશ્વસનીય ડેટાની ઉપલબ્ધતાના આધારે પરિણામ-આધારિત સૂચકો અને પ્રક્રિયા-આધારિત

સૂચકોને આવરી લેવા જોઈએ. ત્યારબાદ વિકાસશીલ તાલુકાઓને ઓળખવા માટે એક નવો સૂચકાંક બનાવી શકાય છે. વધુ સચોટ અને ઔપચારિક રેન્કિંગ પદ્ધતિ બનાવવા માટે કોઈપણ અન્ય સુસંગત અને સરળતાથી ઉપલબ્ધ માપદંડોનો ઉપયોગ પણ કરવો જોઈએ.

વિસ્તૃત કવાયત હાથ ધરવા માટે રાજ્યની મુખ્ય થિંક-ટેન્ક, ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ને મુખ્ય સત્તા બનાવી શકાય છે જે સામાજિક-આર્થિક સુધારાઓને વેગ આપવા અને સમાવેશી અને વ્યાપક વિકાસને આગળ વધારવાના ઉદ્દેશથી કાર્યરત છે. આ કામગીરીમાં નીચેની બાબતો સામેલ રહેશે:

I. અગાઉના સૂચકોમાંથી ક્ષમતાઓ અને પડકારોનું વિશ્લેષણ કરવું,

II. વર્તમાન વાસ્તવિકતાઓ અને વિકાસ પ્રાથમિકતાઓના આધારે નવા અને સુસંગત માપદંડો સૂચવવા, અને

III. ભંડોળની ફાળવણી માટે માર્ગદર્શિકા પ્રસ્તાવિત કરવી.

સમકાલીન સૂચકો અને મેટાડેટાને અંતિમ સ્વરૂપ આપવા માટે GRIT સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યો, મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ, મહત્વાકાંક્ષી બ્લોક કાર્યક્રમ, CM ડેશબોર્ડ, Techo+, સર્વ શિક્ષા અભિયાન, પોષણ ટ્રેકર વગેરે જેવા વિવિધ લક્ષ્યો/પોર્ટલનો અભ્યાસ કરીને ગતિશીલ માપદંડો વિકસાવી શકે છે. આ સૂચકો ગતિશીલ અને લવચીક હશે, અને બદલાતી પ્રાથમકિતાઓ સાથે સુસંગત રહેવા માટે દર પાંચ વર્ષે તેમાં સુધારો કરવામાં આવશે. તે રાજ્યના તમામ ૨૫૧ તાલુકાઓને લાગુ પડશે. નવી માર્ગદર્શિકા હેઠળ, ભંડોળની ફાળવણી વિકાસશીલ તાલુકાઓના રેન્કિંગ પર આધારિત હશે, જે વાસ્તવિક જરૂરિયાતો અનુસાર વાજબી ગ્રાંટ ફાળવણી સુનિશ્ચિત કરશે. સાથો સાથ, સ્વસ્થ સ્પર્ધા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે કાર્યક્ષમ તાલુકાઓ માટે ગ્રાંટ ચાલુ રહેશે.

**સૂક્ષ્મ ભલામણ:** વિકાસશીલ તાલુકા યોજના હેઠળ કામોની પસંદગી કરતી વખતે, પ્રત્યક્ષ પરિણામો ધરાવતા કાર્યો અને પરોક્ષ પરિણામો ધરાવતા કાર્યો (જેમ કે આરોગ્ય, પોષણ અને સુખાકારીમાં સુધારો જે વ્યવહારમાં પરિવર્તન અને સામાજિક પ્રગતિમાં પ્રતિબિંબિત થાય છે), બંનેનું એકસાથે આયોજન કરવું જોઈએ. પ્રત્યક્ષ અને પરોક્ષ પરિણામો તરફ કેટલું કામ કરવું જોઈએ તેનું પ્રમાણ સરકાર નક્કી કરી શકે છે.

પંચવર્ષીય સમીક્ષા: રાજ્યભરના તમામ તાલુકાઓ (હાલમાં પછાત તરીકે વર્ગીકૃત ન હોય તેવા તાલુકાઓ સહિત) દર પાંચ વર્ષે એક વ્યાપક સમીક્ષા પ્રક્રિયામાંથી પસાર થશે. આ નિયમિત સમીક્ષા દ્વારા એ સુનિશ્ચિત થશે કે પછાતપણાનું મૂલ્યાંકન ગતિશીલ રીતે અને બદલાતી વિકાસલક્ષી પરિસ્થિતિ અનુસાર થાય છે.

## અન્ય રાજ્યોના ઉદાહરણ

તમિલનાડુએ ૨૦૧૨માં પછાત વિસ્તારોને સહયોગ કરવા માટે SBGF ની શરૂઆત કરી હતી. ગરીબી, આવક, આરોગ્ય, શિક્ષણ અને લિંગ તફાવત જેવા સામાજિક-આર્થિક સૂચકોવાળા સંયુક્ત સૂચકાંકનો ઉપયોગ કરીને, રાજ્યએ ૧૦૦થી વધુ સૌથી પછાત તાલુકાઓની ઓળખ કરી હતી. આ તાલુકાઓને ખાસ ગ્રાંટ આપવામાં આવ્યું અને બદલાતા વિકાસ સૂચકો અનુસાર યાદીની નિયમિતપણે સમીક્ષા કરવામાં આવી હતી. ગુજરાત આ પ્રકારના મોડેલની યોજના ધરાવે છે જેમાં વૈજ્ઞાનિક સૂચકાંકનો ઉપયોગ કરીને તાલુકા સ્તરે સંસાધનોની ફાળવણીને સુદૃઢ બનાવવામાં આવશે. SBGF હેઠળ, દરેક તાલુકાએ એક પરિપ્રેક્ષ્ય યોજના પણ તૈયાર કરવાની હતી અને તે વિસ્તારોમાં યોજનાઓનું વધુ સારું સંકલન સુનિશ્ચિત કરવાનું હતું.

નીતિ પંચનો મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ (ADP): મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમની શરૂઆત ૨૦૧૮માં કરવામાં આવી હતી જેમાં આરોગ્ય, શિક્ષણ, કૃષિ, નાણાકીય સમાવેશ, મૂળભૂત માળખાગત સુવિધા સહિતના સૂચકોનો ઉપયોગ કરીને ૧૧૨ સૌથી પછાત જિલ્લાઓની ઓળખ કરવામાં આવી હતી. ૪૯ મુખ્ય પ્રદર્શન સૂચકો અનુસાર લાઇવ ડેશબોર્ડ દ્વારા આ જિલ્લાઓનું નિરીક્ષણ કરવામાં આવે છે અને સ્પર્ધાને પ્રોત્સાહન આપવા મટે દર મહિને રેન્કિંગને અપડેટ કરવામાં આવે છે.


**ભલામણ ૪.૮** - રાજ્ય ગતિશીલ સમીક્ષા પ્રક્રિયા દ્વારા તમામ તાલુકાઓના પછાતપણાના મૂલ્યાંકન માટે એક વ્યાપક, સામયિક સમીક્ષા પ્રણાલી વિકસાવી શકે છે, અને વિવિધ વિકાસ ઉદ્દેશ્યો અનુસાર સંસાધનોની ફાળવણી કરી શકે છે.


**સુધારો ૯: આયોજન માટે બજેટ ફાળવણીમાં વધારો**

ઝડપથી વિકસી રહેલા ગુજરાત રાજ્યના વિકાસ અને આકાંક્ષાઓને અનુરૂપ વિકેન્દ્રિત આયોજન માટે બજેટની ફાળવણીને ઓછામાં ઓછી ચાર ગણી કરવી જરૂરી છે જે અત્યારે ₹૧૪૯૦.૫૦ કરોડ (૨૦૨૫-૨૬) છે. ફુગાવો, કામ અને શ્રમનો ખર્ચ, માનવશક્તિની જરૂરિયાત વગેરેને ધ્યાનમાં લેતા આ જરૂરી બન્યું છે. ફાળવણી હજુ પણ ઠરાવની જૂની જોગવાઈઓ અનુસાર થતી હોવાથી, નોંધપાત્ર વિકાસ કામગીરી કરવા માટે વર્તમાન બજેટ અપૂરતું બની જાય છે.

હાલમાં ફક્ત લઘુત્તમ ગ્રાંટ મેળવતા વિકાસ કાર્યો હાથ ધરવા માટે, ફુગાવો, વધેલા મજૂરી ખર્ચ અને કાચા માલના ઊંચા ભાવોને ધ્યાનમાં લેવા જરૂરી છે. જિલ્લા સ્તરીય વિવેકાધીન ગ્રાંટ માટે, રાજ્યના કુલ બજેટના લગભગ ૪-૭%ની ફાળવણી કરી શકાય છે. આની તુલનામાં, વર્તમાન ફાળવણી ખૂબ ઓછી છે. છેલ્લા વીસ વર્ષોમાં રાજ્યના કુલ બજેટ સામે આયોજન

બજેટનો ચિતાર નીચે આકૃતિ ૨૮માં રજૂ કરવામાં આવ્યો છે.





*આકૃતિ ૨૮: રાજ્ય બજેટ સામે આયોજન બજેટ, અને વર્તમાન ભંડોળ સામે વધેલા ભંડોળ સાથેની વૈકલ્પિક સ્થિતિ*

જે રીતે ઉપર દર્શાવવામાં આવ્યું છે, રાજ્યના બજેટમાં સતત વધારો થઈ રહ્યો છે અને બહુ-સ્તરીય આયોજન માટેના બજેટમાં સ્પષ્ટ રીતે અંતર જોવા મળે છે, જે રાજ્યના ઝડપી વિકાસ અને વધતા વાર્ષિક બજેટ અનુરૂપ સમાન ગતિએ વધ્યું નથી. આ અસંતુલનને દૂર કરવા માટે, બહુ-સ્તરીય આયોજન માટેના બજેટમાં તબક્કાવાર પાંચ વર્ષના સમયગાળામાં વર્તમાન ફાળવણી કરતાં લગભગ ૪ થી ૫ ગણો વધારો કરવો જોઈએ.

જો ૨૦૩૦-૩૧સુધી દર વર્ષે બજેટમાં તબક્કાવાર અને સ્થિર વધારો કરવામાં આવે, તો પ્રસ્તાવિત ફાળવણી આકૃતિ ૨૯ માં દર્શાવ્યા પ્રમાણે જોવા મળશે-




*આકૃતિ ૨૯: આગામી પાંચ વર્ષ માટે વાર્ષિક ૪% ના દરે આયોજન બજેટમાં વધારાનો પ્રસ્તાવ*

ઉપરોક્ત આંકડા બે મુખ્ય ધારણાઓ પર આધારિત છે:

I. વર્તમાન આયોજન બજેટ આગામી પાંચ વર્ષ માટે લગભગ સમાન રીતે વધશે, જેમાં ફુગાવાને આવરી લેવા માટે દર વર્ષે ૪% સમાયોજન કરવામાં આવશે.

II. નીતિ વિષયક પ્રાથમિકતાઓ અને આર્થિક વૃદ્ધિને ધ્યાનમાં રાખીને, રાજ્યનું એકંદર બજેટ દર વર્ષે લગભગ ૬% ના દરે વધશે.

આ અભિગમ સાથે, આયોજન ફાળવણી ૨૦૩૦-૩૧ સુધીમાં લગભગ ₹ ૧૦,૦૦૦ કરોડ સુધી પહોંચવાની અપેક્ષા છે.આ વધારો માત્ર ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોને જ નહીં પરંતુ C અને D શ્રેણીની નગરપાલિકાઓ જેવા નાના શહેરી વિસ્તારોને પણ લાભ આપશે, જ્યાં સતત વિકાસ થવાથી વિસ્તરણ થવાની અપેક્ષા છે.

ગ્રાંટમાં વધારો કરવાની સાથે, એ સૂચન કરવામાં આવે છે કે લગભગ ૬૦% કામોની ₹૧૦ લાખથી વધુ અને મહત્તમ ₹૫૦ લાખ સુધીના મૂલ્યના હોવા જોઈએ, અને આ કામગીરી ટેન્ડર પ્રક્રિયા દ્વારા થવી જોઇએ. ભંડોળના ઉપયોગ અને ખર્ચનું આકલન કરવા માટે, ફાળવણીની આ મર્યાદાની દર પાંચ વર્ષે સમીક્ષા કરી શકાય છે. એક સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરીને એ સુનિશ્ચિત કરવું જોઇએ કે નાણાકીય નિયમોની ઉપરવટ જવા માટે કાર્યોનું વિભાજન ન થાય. જો જીઓ-ટેગિંગ દ્વારા કોઈ ખામીઓ ધ્યાનમાં આવશે, તો સંબંધિત અધિકારી જવાબદાર રહેશે. માર્ગદર્શિકામાં ગુણવત્તા તપાસ માટેના ધોરણો પણ વ્યાખ્યાયિત કરવા જોઈએ, જેમ કે તૃતીય પક્ષકાર દ્વારા નિરીક્ષણો, વ્યાવસાયિક એજન્સીઓ દ્વારા ઓડિટ અને તમામ સ્તરે સંકલિત પોર્ટલ પર નિયમિત રિપોર્ટને અપલોડ કરવા. નિયમિત નિરીક્ષણ મોટી પરિયોજના શરૂ કરવા માટે પ્રોત્સાહિત પણ કરી શકે છે જેનાથી વધારે ગામોને ફાયદો થશે.

## અન્ય રાજ્યોના ઉદાહરણ

મધ્યપ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક: ઉત્તરોતર નાણા પંચોની ભલામણો અનુસાર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોએ પંચાયતોને અપાતી અનટાઇડ ગ્રાન્ટમાં પણ વધારો કર્યો છે. ૨૦૧૯માં, રાજસ્થાને વિવિધ યોજનાઓના ભંડોળને એક મોટા પૂલમાં ભેળવીને તેના પંચાયત રાજ બજેટમાં વધારો કર્યો. તેવી જ રીતે, ૧૪મા નાણા પંચ બાદ, કર્ણાટકે નિર્ણય કર્યો હતો કે રાજ્ય યોજના ભંડોળનો મોટો હિસ્સો (જેમ કે નગરોથાના મ્યુનિસિપલ ગ્રાન્ટ અને ગ્રામ વિકાસ ભંડોળ) સીધો સ્થાનિક સંસ્થાઓને આપવામાં આવશે.

## અમલીકરણ માર્ગદર્શિકા

**૪.૯.૧ ફાળવણીમાં વધારો કરવા માટે વ્યાપક મૂલ્યાંકન અને વાજબીપણું:**

વિકેન્દ્રિત આયોજન બજેટની વિગતવાર નાણાકીય ફેરઆકારણી હાથ ધરવામાં આવશે, જેમાં ફુગાવો, સામગ્રી અને શ્રમ માટેના છેલ્લા બજાર દર, ભાવ-અનુસૂચિ અને વાસ્તવિક માનવ સંસાધન જરૂરિયાતોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવામાં આવશે. આ મૂલ્યાંકન ગુજરાતની વિકાસ આકાંક્ષાઓને પણ ધ્યાનમાં લેશે, જે વર્તમાન ફાળવણી અને વાસ્તવિક નાણાકીય જરૂરિયાત વચ્ચેના નોંધપાત્ર અંતરને સ્પષ્ટપણે પ્રકાશિત કરશે. તેના આધારે, આ અંતરને અસરકારક રીતે દૂર કરવા અને પ્રભાવી પરિયોજનાઓ શરૂ કરવા માટે બજેટ ફાળવણીમાં વર્તમાન રકમ કરતા ઓછામાં ઓછો ચાર ગણો વધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવશે. આ પ્રસ્તાવામાં નવીનતમ ભાવ-અનુસૂચિને પણ ધ્યાનમાં લેવામાં આવશે.

૪.૯.૨. અનુકૂલનક્ષમ બજેટ અને અમલીકરણ પગલાં:

બજેટને ભવિષ્ય માટે અનુકૂલનક્ષમ બનાવવા માટે, નવી નીતિમાં એવી પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવશે જે ફાળવણીને સામયિક રીતે સમાયોજિત કરશે. ભવિષ્યના બજેટમાં વધારો ફુગાવાના સૂચકાંક સાથે જોડવામાં આવશે, અને આ વધારાનો એક ભાગ તાલુકા આયોજન મંડળ દ્વારા ભંડોળના કાર્યક્ષમ ઉપયોગ અને પ્રત્યક્ષ પરિણામો પ્રાપ્ત કરવા પર નિર્ભર રહેશે. ભંડોળ ઝડપથી પાયાના સ્તરે પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે, પારદર્શક પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવશે. ભંડોળનો અસરકારક રીતે ઉપયોગ થઈ રહ્યો છે તે સાબિત કરવા માટે, સામાજિક સૂચકો અને ત્રિમાસિક સમીક્ષાઓનો ઉપયોગ કરીને મજબૂત નિરીક્ષણ પદ્ધતિઓ દ્વારા જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે. પરિણામે સિસ્ટમમાં વિશ્વાસ દૃઢ બનશે અને નિરંતર વધારાનું ભંડોળ પ્રાપ્ત કરવામાં સહયોગ મળશે.

**ભલામણ ૪.૯** - રાજ્યવ્યાપી આયોજન માટે બજેટ ફાળવણી ઉભરતી જરૂરિયાતો અને પ્રાથમિકતાઓને અનુરૂપ આગામી પાંચ વર્ષમાં વર્તમાન **₹૧૪૯૧** કરોડની ફાળવણીથી આશરે **₹** ૧૦,૦૦૦ કરોડ સુધી વધારી શકાય છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને C અને D શ્રેણીની નગરપાલિકાઓને વધુ ફાળવણી સાથે, મોટા કામો ટેન્ડર-આધારિત પ્રક્રિયા દ્વારા શરૂ કરી શકાય છે અને વધુ જરૂરિયાત-આધારિત આયોજનને મંજૂરી આપી શકાય છે.

## જોડાણો

<u>પરિશિષ્ટ ૧: નવું સંકલિત GR ફોર્મેટ</u>

બહુ સ્તરીય જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ એકીકૃત સૂચનાઓ પ્રસિધ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

આયોજન પ્રભાગ

સચિવાલય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંક:

તારીખ: DD/MM/YYYY

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮

(૨) ગુજરાત જિલ્લા આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬

**પ્રસ્તાવના:**

રાજયના દરેક જિલ્લા, તાલુકા તેમજ ગામોનો સમતુલિત વિકાસ થાય તે હેતુથી સને-૧૯૮૦ થી ન્યૂનતમ જરૂરિયાતના ખૂટતા કડીરૂપ સામૂહિક વિકાસના પાયાની સુવિધાવાળા કામો હાથ ધરવાના મૂળભૂત આશય સાથે વિકેન્દ્રિત

જિલ્લા આયોજન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએ જિલ્લા આયોજન મંડળ અને તાલુકા કક્ષાએ તાલુકા આયોજન સમિતિની રચના કરીને તેઓ હસ્તક નાણાંકીય ભંડોળ ઉપલબ્ધ કરાવીને ગ્રામ્ય કક્ષાએ કામો નિયત કરી તેની મંજૂરી અંગેની સઘળી કાર્યવાહીની જવાબદારી જિલ્લા આયોજન મંડળોને સોંપી વિકેન્દ્રિકરણની દિશામાં પ્રથમ પગલું ભરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સૌપ્રથમ ૧૦૦ ટકા સરકારી ફંડ ફાળવીને વિકાસના કામો હાથ ધરી શકાય તે માટે વિવેકાધીન જોગવાઈ અને, ગ્રામ્ય પ્રજાને વિકાસની આ પ્રક્રિયામાં સહભાગીદાર બનાવી શકાય તે હેતુથી, લોકો દ્વારા એકત્રિત કરવાના લોકફાળાની રકમ સાથે પ્રોત્સાહક જોગવાઈની શરૂઆત કરવામાં આવી હતી. સમયાંતરે, આ કાર્યક્રમમાં ખાખરીયા ટપ્પા, ભાલ, નળકાંઠા, ખારાપાટ, પાંચાલ, ઘેડ અને ઉકાઈ અસર ગ્રસ્ત જેવા ભૌગોલિક રીતે ખાસ પછાત વિસ્તારોનો સમાવેશ કરતી યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સને ૧૯૮૯થી રાજયમાં વિધાનસભામાં ચૂંટાયેલા માન.ધારાસભ્યશ્રીઓ પણ તેમના મતવિસ્તારની વિકાસની આ પ્રક્રિયામાં સહભાગીદાર થઈ શકે તે હેતુથી સ્થાનિક અગત્યતા ધરાવતા સામૂહિક વિકાસના કામો( ધારાસભ્ય ફંડ) નામની યોજના શરૂ કરી માન.ધારાસભ્યશ્રીઓ હસ્તક પ્રતિ વર્ષ ચોક્કસ રકમ ફાળવી વિકાસની આ પ્રક્રિયામાં સહભાગીદાર બનાવવામાં આવ્યા છે. તદ્ઉપરાંત સને-૨૦૦૭માં ભરૂચ ખાતે યોજાયેલ ચિંતન શિબિરમાં રાજયના તમામ જિલ્લાના કલેકટરશ્રીઓ દ્વારા પણ માન.ધારાસભ્યશ્રીઓની જેમ તેઓને પણ વિકાસની આ પ્રક્રિયામાં સહ-ભાગીદાર બનાવવા કરેલ રજૂઆતને સરકારશ્રી દ્વારા ગ્રાહ્ય રાખીને રાજ્યના તમામ કલેકટશ્રીઓ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પ્રતિ વર્ષ ચોક્કસ રકમ ફાળવીને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવતી વિકાસના કામોની આ પ્રક્રિયામાં તેઓને પણ સહભાગીદાર બનાવવામાં આવ્યા છે.

પરંતુ જિલ્લા વિકાસ સ્તરે નોંધપાત્ર અસર નિપજાવી શકે તેવી પાયાની સેવાઓમાં કાયમી અસ્કયામતો ઉભી થઈ શકે તે માટે કેવા પ્રકારના કામો હાથ ધરવા તે અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજય સરકારશ્રીનું અવાર-નવાર માર્ગદર્શન

માંગવામાં આવતું હતુ. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવતી રજૂઆત ધ્યાને લઈ વિવેકાધીન તથા પ્રોત્સાહક જોગવાઈ હેઠળ મંજૂર કરી શકાય તેવા વિકેન્દ્રિત જિલ્લા આયોજનના હાર્દને સુસંગત કામોની સદરવાર દ્રષ્ટાંત રૂપ કામોની યાદી સરકારશ્રી દ્વારા સૌપ્રથમ એપ્રિલ-૧૯૮૪માં બહાર પાડવામાં આવી હતી. જેમાં સમયાંતરે સુધારા-વધારા કરીને ડિસેમ્બર-૧૯૯૯ અને ત્યારબાદ ડિસેમ્બર-૨૦૦૨માં આ યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી અને છેલ્લે આ યાદી વર્ષ ૨૦૧૪ મા બહાર પાડવામા આવેલ હતી.

ગુજરાત વહીવટી સુધારણા પંચ દ્વારા સામાન્ય વહીવટ વિભાગ/આયોજન પ્રભાગના સચિવશ્રી તેમજ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે બહુ સ્તરીય આયોજન હેઠળ આવતી પાંચ મુખ્ય યોજનાઓ જેમા વિવેકાધીન ગ્રાન્ટ, માન. ધારાસભ્યશ્રીઓને ફાળવવામાં આવતી ગ્રાન્ટ, વિકાસશીલ તાલુકા યોજના, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો(એટીવીટી) અને રાષ્ટ્રીય પર્વ અન્વયે વિકાસના કામો માટે ફાળવવામા આવતી ગ્રાન્ટનો સમાવેશ થાય છે, સંબંધિત કામોની યાદીને આજના સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વધુ સરળ અને પ્રાસંગિક બનાવવા તથા આયોજન પ્રક્રિયાને વધારે પારદર્શક અને સુદ્રઢ બનાવવા અંગે વિશદ વિચારણા ધરાયેલ હતી અને આ અન્વયે ગુજરાત વહીવટી સુધારણા પંચ દ્વારા પણ અત્રેથી પ્રસિધ્ધ કરવામાં આવેલ વર્ષ ૨૦૧૪ ની યાદીમા ધરમૂળથી ફેરફાર કરીને નવેસરથી પ્રસિધ્ધ કરવા તેમજ પ્રોત્સાહક જોગવાઇમાં લોકફાળો ગ્રામ પંચાયતો સક્ષમ ન હોવાથી ભરી ન શકાતો હોઇ આ યોજનાની ગ્રાન્ટ લેપ્સ જતી હોઇ તેને વિવેકાધીન જોગવાઇમાં મર્જ કરવાઇ અંગે ભલામણ કરવામાં આવેલ છે.

આમ, ઉક્ત વિગતો ધ્યાનમાં રાખતા જઇને આ યોજના હેઠળ હાથ ધરી શકાય તેવા કામોની યાદી નવેસરથી પ્રસિધ્ધ કરવા, આયોજન પ્રક્રિયાને વધારે પારદર્શક અને સુદ્રઢ બનાવવા તથા વિવિધ સદરો હેઠળની જોગવાઇઓ એક જ સદર હેઠળ લાવવાની બાબત પણ સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા અન્વયે આ યોજનાના અમલીકરણ માટે આથી એકીકૃત સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**ઠરાવ:**

નિરંતર ચાલતી વિકાસની આ પ્રક્રિયામાં પ્રતિ વર્ષ સમાજ ઉપયોગી નવા કામોનો સમાવેશ કરવાની થતી રજૂઆતો તથા એકજ પ્રકારના હેતુ માટે જિલ્લા કક્ષાએથી મંજૂર થતા વિવિધ આયોજનોને એક જ ફ્લક પર મૂકી ઉપલબ્ધ સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ અને અમલીકરણમાં સરળતા અને ઝડપ આવે તે બાબતો ધ્યાને લઈ સરકારશ્રી તરફથી મળેલ મંજૂરી અન્વયે વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ અને માન. ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટના આયોજન પ્રકિયા માટે આ એકીકૃત સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આથી વિકેંદ્રિત જિલ્લા આયોજન હેઠળની ખાસ પછાત વિસ્તાર અને પ્રોત્સાહક જોગવાઇને રદ્દ કરવા ઠરાવવામાં આવે છે. ખાસ પછાત વિસ્તાર અને પ્રોત્સાહક જોગવાઇ હેઠળ મળવાપાત્ર જોગવાઇ તાલુકા કક્ષાએ વિવેકાધીન જોગવાઇ હેઠળ ઉપલબ્ધ કરાવવા આથી ઠરાવવામાં આવે છે.

વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ બે મુખ્ય સદર (૧) વિવેકાધીન જોગવાઇ (૨) ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના રહેશે.

વિવેકાધીન જોગવાઇ હેઠળ જિલ્લા કક્ષાની વિવેકાધીન જોગવાઇ, તાલુકા કક્ષાની વિવેકાધીન જોગવાઇ, જિલ્લા વહિવટી તંત્રની જોગવાઇ, વિકાસશીલ તાલુકાની જોગવાઇ, એટીવીટી તાલુકા કક્ષાની જોગવાઇ, એટીવીટી વિવેકાધીન જોગવાઇ તથા એટીવીટી વિકાસશીલ તાલુકા જોગવાઇ નો સમાવેશ થશે.

૧. આયોજન પ્રક્રિયા અને અમલીકરણ

યોજના હેઠળ પ્રતિવર્ષ સરકારશ્રી દ્વારા મંજૂર થયા મુજબની જોગવાઇ સંબંધિત જિલ્લાના કલેક્ટરશ્રી હસ્તક ઉપલબ્ધ કરાવવામાં આવશે. બહુ સ્તરીય જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ અને માન. ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી કામોની પસંદગીથી લઇને કામો પૂરા થાય ત્યાં સુધી પરિશિષ્ઠ – ૩ની જોગવાઇ મુજબની સમયસારણીનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આયોજન પ્રક્રિયા બાદ ઉપલબ્ધ જોગવાઇની મર્યાદામાં જે-તે વર્ષની ૧ એપ્રિલ થી યોજના હેઠળના કામોને અમલીકરણ હાથ ધરવા મંજૂરી આપી શકાશે.

૨. કામોની પસંદગી અને મંજૂરી

નિરંતર ચાલતી વિકાસની આ પ્રક્રિયામાં પ્રતિ વર્ષ સ્થાનિક કક્ષાએ ખૂટતી કડીરુપ હોય તેવા બહોળા ઉપયોગી નવા કામોનો સમાવેશ કરવાની થતી રજૂઆતોને ધ્યાને લઈ સરકારશ્રી તરફથી મળેલ મંજૂરી અન્વયે વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ અને માન. ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી હાથ ધરી શકાય તેવા કામોની યાદી આ ઠરાવ સાથે જોડવામાં આવેલ પરિશિષ્ઠ - ૧ મુજબ પ્રસિધ્ધ કરવામા આવે છે તથા આ યોજનાઓ અંતર્ગત નિષેધાત્મક કામોની યાદી પરિશિષ્ઠ – ૨ મુજબ છે. કામોની પસંદગી કરતા પહેલા નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે:

૨.૧ તાલુકા કક્ષાની જોગવાઇ

( તાલુકા વિવેકાધીન, એટીવીટી કાર્યવાહક આયોજન અને એટીવીટી વિકાસશીલ તાલુકા જોગવાઇ )

૨.૧.૧ તાલુકાના કામો પસંદ કરતાં પહેલા તાલુકામાં સમાવિષ્ટ તમામ ગામોમાં ઉપલબ્ધ અને ખૂટતી ભૌતિક સુવિધાઓનો સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીએ કરાવવાનો રહેશે જેમા તાલુકાના લગત તમામ વિભાગોએ જરૂરી માહિતી પૂરી પાડવાની રહેશે.

૨.૧.૨ આ સર્વેને આધારે ગામવાઇઝ ગામમાં ખૂટતી ભૌતિક સુવિધાઓ, કામની ઉપયોગીતા તથા તે માટે જરૂરી અંદાજીત રકમની યાદી તૈયાર કરવાની રહેશે.

૨.૧.૩ આ સર્વેના આધારે ગેપ એનાલિસિસ કરી ગામનો વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કરવાનો રહેશે.

૨.૧.૪ આ તૈયાર કરેલ વિલેજ ડેવલોપમેન્ટ પ્લાનની વિગતો સહિત જરુરી સુધારા વધારા સાથે ગ્રામ પંચાયત દ્વારા તૈયાર કરવામાં આવેલ વિકાસનાં કામોની અગ્રતાક્રમ નિયત કરી તે મુજબની યાદી ગ્રામસભામાં ઠરાવથી મંજૂર કરાવી તાલુકા કક્ષાની સમિતિમાં રજૂ કરવાની રહેશે.

૨.૧.૫ તાલુકા કક્ષાની સમિતિ દ્વારા ગ્રામ્ય કક્ષાનાં કામોની પસંદગી ગામનો સંતુલિત વિકાસ થાય તે ધ્યાને રાખી વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન માંથી જ કામો પસંદ કરવાનાં રહેશે.

૨.૧.૬ તાલુકા આયોજન સમિતિએ પરિશિષ્ઠ -૧ તથા પરિશિષ્ઠ – ૨ ધ્યાને લઇ ગ્રામ્ય કક્ષાનાં  કામો મંજૂર કરતાં પહેલાં નીચે મુજબનાં સદર મુજબનાં કામોને અગ્રતા આપવાની રહેશે.

૧. પાણી પુરવઠા

૨. ગટર વ્યવસ્થાના કામો

૩. શિક્ષણ

૪. આરોગ્ય

૫. વીજળીકરણ

૬. પોષણ

૭. અન્ય

૨.૧.૭ તાલુકા આયોજન સમિતિએ તાલુકા સેંટ્રીક અપ્રોચ ધ્યાને લઇ અન્ય યોજનાઓ હેઠળ જેમ કે, ટ્રાઇબલ એરીયા સબ-પ્લાન, બોર્ડર એરિયા ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, નાણાપંચથી પ્રાપ્ત થતી ગ્રાન્ટ કે અન્ય કોઇ યોજના વગેરે અંતર્ગત કરવાના થતા આયોજન પણ સંબંધિત યોજનામાં મંજૂર કરવા કામો ધ્યાને લઇ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે કોઇ પણ કામ એક કરતા વધુ યોજનામા બેવડાય નહી.

૨.૧.૮ તાલુકા આયોજન સમિતિ દ્વારા મંજૂર થયેલ તાલુકા ડેવલોપમેન્ટ પ્લાન જિલ્લા આયોજન સમિતિમાં મંજૂરી માટે જિલ્લા આયોજન કચેરીને રજૂ કરવાનુ રહેશે.

૨.૧.૯ જિલ્લા આયોજન કચેરીએ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીના પરામર્શમાં રહી તાલુકા કક્ષાએથી મળેલ આયોજન ચકાસણી કરી જિલ્લા આયોજન સમિતિમાં મંજૂરી માટે રજૂ કરવાનું રહેશે.

૨.૨. જિલ્લા કક્ષાની વિવેકાધીન જોગવાઇ

જિલ્લા આયોજન કચેરીએ તાલુકા કક્ષાએથી તૈયાર કરાયેલ વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન, જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી, જિલ્લાના પ્રભારી સચિવશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાના સંસદસભ્યશ્રીઓ, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ તથા જિલ્લાના અન્ય વિભાગો દ્વારા મળેલ રજૂઆતો ધ્યાને લઇ એક કરતા વધારે તાલુકાને લાભ થનાર હોય તેવા કામોનો જ સમાવેશ થાય તે રીતે જિલ્લાકક્ષાની વિવેકાધીન જોગવાઇનું આયોજન તૈયાર કરી જિલ્લા કાર્યવાહક આયોજન સમિતિમાં મંજૂર કરાવી જિલ્લા આયોજન સમિતિમાં મંજૂરી માટે રજૂ કરવાનું રહેશે.

### ૨.૩. વિકાસશીલ તાલુકા યોજના

વિકાસશીલ તાલુકા યોજના અંતર્ગત તાલુકા કક્ષાએથી તૈયાર કરાયેલ વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન, જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી, જિલ્લાના પ્રભારી સચિવશ્રી, વિકાસશીલ તાલુકાના પ્રભારી સચિવશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાના સંસદસભ્યશ્રીઓ, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ તથા જિલ્લાના અન્ય વિભાગો દ્વારા મળેલ રજૂઆતો ધ્યાને લઇ સંબંધિત વિભાગો દ્વારા યોજનાનું અમલીકરણ થવાથી વિકાસશીલ તાલુકા હેઠળના નિર્દેશાંકોમાં થનાર ફેરફારની વિગતવાર દરખાસ્ત મેળવી જિલ્લા કાર્યવાહક આયોજન સમિતિની મંજૂરી મેળવી જિલ્લા આયોજન સમિતિમાં મંજૂરી અર્થે રજૂ કરવાનું રહેશે. આ યોજના હેઠળ પરિશિષ્ઠ – ૧ મુજબના ઉપરાંત વિકાસશીલ તાલુકા હેઠળના નિર્દેશાંકોમાં હકારાત્મક સુધારો લાવી શકાય તેમ હોય તેવા કામોનો પણ સમાવેશ કરી શકાશે.

### ૨.૪. નગરપાલિકા વિવેકાધીન યોજના

નગરપાલિકા વિવેકાધીન યોજના હેઠળની જોગવાઇ માટે નગરપાલિકાની કારોબારી સમિતિમાં તૈયાર કરી જિલ્લા આયોજન સમિતિમાં મંજૂરી માટે જિલ્લા આયોજન કચેરી મારફતે રજૂ કરવાનુ રહેશે.

ઉક્ત ૨.૧ થી ૨.૪ની તમામ આયોજન જિલ્લા કક્ષાએથી એક સાથે જ જિલ્લા આયોજન સમિતિમાં મંજૂરી માટે જિલ્લા આયોજન કચેરી મારફતે રજૂ કરવાના રહેશે.

### ૨.૫ રાષ્ટ્રીય પર્વની જોગવાઇ

૨.૫.૧ રાષ્ટ્રીય પર્વની જોગવાઇ પૈકી રાજ્ય કક્ષાના પર્વની જોગવાઇ શહેરી અને ગ્રામ્ય વસતિને ધ્યાને લઇ તે મુજબ શહેરી અને ગ્રામ્ય વિસ્તાર માટે અંકિત કરવાની રહેશે. જેનું આયોજન વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન, જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી, જિલ્લાના પ્રભારી સચિવશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાના સંસદસભ્યશ્રીઓ, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ તથા જિલ્લાના અન્ય વિભાગો દ્વારા મળેલ રજૂઆતો ધ્યાને લઇ જિલ્લા કાર્યવાહક આયોજન સમિતિમા તૈયાર કરી જિલ્લા આયોજન સમિતિની મંજૂરી મેળવવાની રહેશે.

૨.૫.૨ રાષ્ટ્રીય પર્વની જોગવાઇ પૈકી જિલ્લા કક્ષાના પર્વની જોગવાઇ જે તાલુકામાં થયેલ હોય તે તાલુકાની શહેરી અને ગ્રામ્ય વસતિને ધ્યાને લઇ તે મુજબ શહેરી અને ગ્રામ્ય વિસ્તાર માટે અંકિત કરવાની રહેશે. જેનું આયોજન વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન, જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી, જિલ્લાના પ્રભારી સચિવશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાના સંસદસભ્યશ્રીઓ, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ તથા જિલ્લાના અન્ય વિભાગો દ્વારા મળેલ રજૂઆતો ધ્યાને લઇ તાલુકા આયોજન સમિતિ / નગરપાલિકાની કારોબારી સમિતિએ આયોજન મંજૂર કરી જિલ્લા કાર્યવાહક આયોજન સમિતિની મંજૂરી મેળવવાની રહેશે.

૨.૫.3 રાષ્ટ્રીય પર્વની જોગવાઇ પૈકી તાલુકા કક્ષાના પર્વની જોગવાઇ જે ગામમાં થયેલ હોય તે ગ્રામ પંચાયતની ગ્રામ સભામાં મંજૂર કરી તાલુકા પંચાયત મારફતે જિલ્લા આયોજન કચેરીને રજૂ કરી જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા જિલ્લા કલેક્ટરશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

૨.૪ રાષ્ટ્રીય પર્વની જોગવાઇ હેઠળ રૂ. ૨.૦ લાખથી ઓછી રકમના કામ મંજૂર કરી શકાશે નહીં.

૨.૬. જિલ્લા વહિવટી તંત્રની જોગવાઇ

જિલ્લા વહિવટી તંત્રની જોગવાઇ હેઠળ જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા પ્રાંત અધિકારીશ્રી હસ્તક મૂકવામાં આવતી વિવેકાધીન જોગવાઇના કામો તેઓ માર્ગદર્શક યાદી મુજબના કામો વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન, જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી, જિલ્લાના પ્રભારી સચિવશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાના સંસદસભ્યશ્રીઓ, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ  તથા જિલ્લાના અન્ય વિભાગો દ્વારા મળેલ રજૂઆતો ધ્યાને લઇ  ધ્યાને લઇ સૂચવવાના રહેશે તથા જિલ્લા આયોજન કચેરી મારફતે જિલ્લા કલેક્ટરશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

૨.૭. ધારાસભ્યશ્રી સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના:

૨.૭.૧ માન. ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી હાથ ધરી શકાય તેવા પરિશિષ્ઠ-૧ મુજબના કામોની યાદી પૈકીના કામો સૂચવી શકશે.

૨.૭.૨ માન. ધારાસભ્યશ્રી સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના હેઠળ વિધાનસભાની બેઠક જે જિલ્લાના જિલ્લા કલેક્ટરશ્રી જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત થયેલ હોય તે જિલ્લો નોડલ જિલ્લા તરીકે રહેશે.

૨.૭.3 માન. ધારાસભ્યશ્રી જે વિસ્તાર તેઓની વિધાનસભા બેઠકમાં સમવેશ થયેલ હોય તે વિસ્તારમાં જ કામો સૂચવી શક્શે.

૨.૭.૪ માન. ધારાસભ્યશ્રી દ્વારા નોડલ જિલ્લા બહારના વિસ્તારમાં તેઓના મતવિસ્તારમાં કામો સૂચવવા માટે કામની દરખાસ્ત નોડલ જિલ્લાને આપવાની રહેશે. આ દરખાસ્ત નોડલ જિલ્લા દ્વારા સંબંધિત જિલ્લાને મોકલી આપવાની રહેશે તથા આ કામે સંબંધિત જિલ્લા દ્વારા વહીવટી મંજૂરી આપતા પહેલા નોડલ જિલ્લા પાસેથી નાણાકીય જોગવાઇ ઉપલબ્ધતા પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે તથા વહીવટી મંજૂરી અપાયા બાદ તુરંત નોડલ જિલ્લા પાસેથી તે મુજબની નાણાંકીય જોગવાઇ મેળવી લેવાની રહેશે.

૨.૭.૫ માન.ધારાસભ્યશ્રી દ્વારા સૂચિત થયેલ કામોને સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીએ અમલીકરણ માટે મંજૂરી આપવાની રહેશે.

૨.૮. ઉક્ત તમામ યોજનાઓના અમલીકરણ દરમિયાન આ સાથે પરિશિષ્ટ – ૪ મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

## ૩. વિવિધ સમિતિઓનું માળખુ:

### ૩.૧. જિલ્લા આયોજન સમિતિ

વંચાણ (૧) અને (૨) થી નિયુક્ત થયેલ સભ્યો ઉપરાંત નીચેની વિગતના આમંત્રિત સભ્યોને જિલ્લા આયોજન સમિતિની બેઠકમાં ઉપસ્થિત રાખવાના રહેશે. આ આમંત્રિત સભ્યો કોરમની ગણતરી અથવા સમિતિની કાર્યવાહિમાં મત માટે ગણતરી માટે ધ્યાને લેવાના રહેશે નહિ.

| ક્રમ | જિલ્લા આયોજન સમિતિનાં આમંત્રિત સભ્યો |
|---|---|
| ૧ | જિલ્લાની તમામ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ |
| ૨ | જિલ્લાની તમામ નગરપાલિકાના પ્રમુખશ્રીઓ તથા નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રીઓ |
| ૩ | જિલ્લાની મહાનગરપાલિકાના નગરપતિશ્રી તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી |
| ૪ | જિલ્લાના પ્રભારી સચિવશ્રી |
| ૫ | વિકાસશીલ તાલુકાના પ્રભારી સચિવશ્રી |
| ૬ | જિલ્લાની લીડબેંકના એક પ્રતિનિધિ |
| ૭ | જિલ્લાની મદયસ્થ સહકારી બેંકના ચેરમેનશ્રી |
| ૮ | અધિક કલેકટરશ્રી |
| ૯ | આદિજાતિ વિસ્તાર વિકાસ પ્રાયોજના વહીવટદારશ્રી |
| ૧૦ | જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી |
| ૧૧ | જિલ્લા પંચાયતના એક જાગરુક મહિલા સભ્ય |

| | |
|---|---|
| ૧૨ | જિલ્લા આંકડા અધિકારી |
| ૧૩ | સમિતિને યોગ્ય જણાય તે મુજબના અન્ય સરકારી વિભાગો |

### ૩.૨ તાલુકા કક્ષાએ તાલુકા આયોજન સમિતિ

| ક્રમ | સમિતિનાં સભ્યો | હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષ |
| ૨ | તાલુકા પંચાયત પ્રમુખ | ઉપાધ્યક્ષ |
| ૩ | તાલુકામાં મત વિસ્તાર આવેલ હોય તેવા લોકસભાના સંસદસભ્યશ્રી | સભ્ય |
| ૪ | તાલુકામાં મત વિસ્તાર આવેલ હોય તેવા ધારાસભ્યશ્રીઓ | સભ્ય |
| ૫ | તાલુકામાં મત વિસ્તાર આવેલ હોય તેવા જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ | સભ્ય |
| ૬ | તાલુકાનાં સામાજિક ન્યાય સમિતિનાં અધ્યક્ષ | સભ્ય |
| ૭ | મામલતદારશ્રી | સભ્ય |
| ૮ | તાલુકા વિકાસ અધિકારી | સભ્ય સચિવ |
| ૯ | તાલુકા આરોગ્ય અધિકારી | સભ્ય |
| ૧૦ | તાલુકા આંકડા મદદનીશ | સહ સભ્ય સચિવ |
| ૧૧ | બાળ વિકાસ યોજના અધિકારી | સભ્ય |
| ૧૨ | તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી | સભ્ય |
| ૧૩ | નાયબ કાર્યપાલક ઇજનેર(સિંચાઇ) | સભ્ય |
| ૧૪ | નાયબ કાર્યપાલક ઇજનેર(બાંધકામ) | સભ્ય |
| ૧૫ | મદદનીશ ખેતી નિયામક | સભ્ય |
| ૧૬ | પશુ ચિકિત્સા અધિકારી | સભ્ય |
| ૧૭ | મદદનીશ પ્રાયોજના અધિકારી (મનરેગા) | સભ્ય |
| ૧૮ | એન.આર.એલ.એમ. ના પ્રતિનિધિ | સભ્ય |
| ૧૯ | મદદનીશ ઇજનેર | સભ્ય |
| ૨૦ | પ્રાંત અધિકારીશ્રીને જરુર જણાય તે અન્ય તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ | આમંત્રિત |

૩. જિલ્લા કક્ષાએ જિલ્લા કાર્યવાહક આયોજન સમિતિ

| ક્રમ | સમિતિનાં સભ્યો | હોદો |
|---|---|---|
| ૧ | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લા પંચાયત પ્રમુખ | ઉપાધ્યક્ષ |
| ૩ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૪ | જિલ્લામાં મત વિસ્તાર આવેલ હોય તેવા લોકસભાના સંસદસભ્યશ્રી | સભ્ય |
| ૫ | જિલ્લામાં મત વિસ્તાર આવેલ હોય તેવા ધારાસભ્યશ્રીઓ | સભ્ય |
| ૬ | જિલ્લા પંચાયતનાં સામાજિક ન્યાય સમિતિનાં અધ્યક્ષ | સભ્ય |
| ૭ | જિલ્લા કલેક્ટરશ્રીને યોગ્ય જણાય તેવા સરકારી વિભાગોના પ્રતિનિધિ | સભ્ય |
| ૮ | જિલ્લા આયોજન અધિકારી | સભ્ય સચિવ |
| ૯ | જિલ્લા આંકડા અધિકારી | સહ સભ્ય સચિવ |

પરિશિષ્ટ – ૧

મંજૂર કરવાપાત્ર કામોની યાદી

૧. માર્ગો :

- ગામ્ય, શહેરી, શહેરી આઉટગ્રોથ વિસ્તારના આંતરિક તથા એપ્રોચ રોડના ડામર રોડ, સી.સી રોડ તથા પેવર બ્લોકના કામો
- એક કરતા વધારે ગ્રામ્ય / શહેરી વિસ્તારને જોડતા રસ્તાના ડામર રોડ, સી.સી રોડ તથા પેવર બ્લોકના કામો
- ખુટતી કડીરુપ નાળા, નાના પુલો, ડીપ કોઝવે, ક્રોસ ડ્રેનેજના/ નાના કામો તેમજ ગામના આંતરિક રસ્તા ઉપર ખડિયાવાટના કામો

- હયાત રસ્તાની સુધારણાના કામો (માત્ર જાનહાનીનો ભય હોય તેવા કિસ્સામાં. હયાત કામ પૂર્ણ થયાની તારીખથી ઓછામા ઓછા 5 વર્ષના સમયગાળા પછી આવું કામ હાથ ધરી શકાશે. આમા રાજ્ય માર્ગ કે જિલ્લા માર્ગોનો સમાવેશ કરી શકાશે નહિ.)
- શહેરી વિસ્તારમાં ટ્રાફિક નિયમન માટે રોડ ડીવાઇડર તથા ટ્રાફિક સર્કલ બનાવવાના કામ (સુશોભન વગર)
- ફક્ત ધારાસભ્યશ્રીની જોગવાઇમાંથી હાથ ધરી શકાય તેવા કામો
    - શહેરી વિસ્તારોમાં કો.ઓ.હાઉસીંગ સોસાયટીઓ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, હુડકો, ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ વગેરે પ્રકારની રહેણાંક સોસાયટીઓમાં રસ્તાનાકામો
    - શહેરી વિસ્તારની ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ ઉપરાંત અન્ય સોસાયટીઓ રસ્તાના કામો માટે માન.ધારાસભ્યશ્રીઓ દ્વારા ૧૦ ટકા લોકફાળાની રકમ સોસાયટીવતી માન.ધારાસભ્યશ્રી ગ્રાન્ટમાંથી ફાળવી શકાશે

૨. ગટર વ્યવસ્થાના કામો

- ગટર વ્યવસ્થાના નવા કામો
- તાલુકા પંચાયત તથા નગરપાલિકા માટે ફરતું ટોઇલેટ
- જાહેર શૌચાલય તથા મૂતરડી
- વરસાદી પાણીના નિકાલ માટે ડ્રેનેજ વ્યવસ્થાના નવા કામો
- તાલુકા પંચાયત તથા નગરપાલિકા કક્ષાએ ગટર સાફ કરવાના જેટીંગ મશીન તથા યાંત્રિક સાધનો

૩. શિક્ષણ

- સરકારી પ્રાથમિક, માધ્યમિક શાળા, આઇ.ટી.આઇ., પોલીટેકનિકમાં વર્ગખંડ તથા પ્રયોગશાળાના બાંધકામ, ગેટથી સંસ્થાના મકાન સુધી રસ્તા માટે પેવર બ્લોક, કંમ્પાઉંડ વોલ – ગેટ સહિત, શૌચાલય, ગટર, પીવાના પાણીને લગત સુવિધાના કામો, લાઈબ્રેરી બાંધકામ, વિજળીકરણના કામો, અગ્નિશામક સાધનો વસાવવા, વર્ગખંડોના મરામતને લગતા કામો ( જાનહાનીનો ભય હોય તેવા કિસ્સામાં)
- સરકારી પ્રાથમિક, માધ્યમિક શાળા, આઇ.ટી.આઇ., પોલીટેકનિકમાં વિધ્યાર્થીઓ માટે બેંચીસ/ખુરશી, ટેબલ, બ્લેકબોર્ડ, લાયબ્રેરીમાં પુસ્તકો રાખવા માટે કબાટ (એક શાળાને આજીવન કુલ ૫.૦૦ લાખ)
- સરકારી પ્રાથમિક શાળામાં મદયાહ્ન ભોજન શેડ, ભોજન માટે પ્લેટફોર્મ તથા મદયાહ્ન ભોજન રસોડાનું બાંધકામ, સાંસ્કુતિક પ્રવુત્તિઓ માટે સાદા શેડ સહિત પ્લેટફોર્મ, પીવાના પાણીની સુવિધાની જગ્યાએ પેવર બ્લોક
- સરકારી પ્રાથમિક, માધ્યમિક શાળા, આઇ.ટી.આઇ., પોલીટેકનિક ને સ્માર્ટ ક્લાસ બનાવવાના પ્રોજેક્ટમાં, કોમ્પ્યુટર, તાલીમના સાધનો, લેબોરેટરીના સાધનો(સરકારશ્રીની અમલમાં હોય તે યોજનાના સ્પેસીફિકેશન મુજબ તથા તે રકમની મર્યાદામાં)
- સરકારી હોસ્ટેલોના બાંધકામ, હોસ્ટેલના ગેટથી શાળાના મકાન સુધી પેવર બ્લોક, કંમ્પાઉંડ વોલ – ગેટ સહિત, શૌચાલય, પીવાના પાણીને લગત સુવિધા, વિજળીકરણના કામો
- સરકારી પ્રાથમિક, માધ્યમિક શાળા, આઇ.ટી.આઇ., પોલીટેકનિક તથા વ્યામામશાળામાં વ્યાયામ, રમત-ગમત અને અંગકસરતના સાધનો.
- દિવ્યાંગજનો માટેના શૈક્ષણિક સાધનો તથા સુવિધા ઉભી કરવાના કામો

૪. આરોગ્ય

- સરકારી હોસ્પીટલો,દવાખાના તથા આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ, વધારાના વોર્ડ, વેઇટીંગ રુમ, ઓપરેશન થિયેટર, લેબરરુમ , સ્ટોરરુમ, રસોડુ, પીવાના પાણીને લગત સુવિધા, જાહેર શૌચાલય તેમજ કમ્પાઉન્ડ વોલ
- સરકારી હોસ્પીટલો, દવાખાના તથા આરોગ્ય કેન્દ્રોમાં ઇલાજ માટેના જરુરી સાધનો, દવા સ્ટોરેજ કરવા રેફ્રિજરેટર, જનરેટર, વિજળીકરણના કામો, દર્દીઓના વોર્ડ અને ઓપરેશન થિયેટર તથા લેબરરુમમાં એરકંડીશનર, અગ્નિશામક સાધનો વસાવવા, મેડીકલ વેસ્ટના નિકાલ માટેના સાધનો
- સરકારી હોસ્પીટલો,દવાખાના તથા આરોગ્ય કેન્દ્રોના મકાનોના અનિવાર્ય હોય તેવા મરામતના કામો
- સરકારી હોસ્પીટલો, દવાખાના, આરોગ્ય કેંદ્ર, નગરપાલિકા તથા મહાનગરપાલિકા હસ્તક એમ્બ્યુલંસ તથા સબવાહિની ખરીદવા
- સરકારી હોસ્પીટલો, દવાખાના તથા આરોગ્ય કેન્દ્રોમાં જાહેર આરોગ્ય માટે મચ્છર નિવારણ માટેના ફોગીંગ મશીન તથા સ્પ્રે મશીન
- જિલ્લા, તાલુકા, નગરપાલિકા તથા મહાનગરપાલિકા હસ્તક ફરતુ દવાખાનું
- સરકારશ્રી દ્વારા માન્યતા અપાયેલ હોય તેવા સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ફીઝીયોથેરપી, બ્લડબેંક તથા ડાયાલીશીશ સેન્ટર માટે ઇલાજ ને લગત સાધનો વસાવવા

૫. પાણી પુરવઠા

- પાણી પૂરવઠાની નવી સુવિધા તૈયાર કરવા તથા વિતરણ માટે જરુરી સમ્પ, ટાંકીઓ તથા પાઇપલાઇનના કામો, હેંડ પંપ, પીવાના પાણીની સ્ટેંડ પોસ્ટ, સામુદાયિક પીવાના પાણીના પ્લાન્ટ સ્થાપિત કરવા (વિજ જોડાણ સંબંધિત

સ્થાનિક સ્વરાજ સંસ્થાના નામે હોવા જોઇશે. આ કામો સંબંધિત સત્તા મંડળના પાણી પુરવઠા વિભાગ મારફતે હાથ ધરવા જોઇશે.)

- તાલુકા પંચાયત, નગરપાલિકા તથા મહાનગરપાલિકા ને વોટર ટેન્કર વસાવવા
- જાહેર સ્નાનઘાટ અને ધોબીઘાટ
- સરકારી બિલ્ડીંગો / ઇમારતોમાં વરસાદી પાણીના જળ સંગ્રહ તથા ભુમિગત જળના રીચાર્જિંગના નવા પાકા કામો
- જાહેર જગ્યાઓએ પીવાના પાણીની પરબ તથા તે માટેના યાંત્રિક સાધનો,
- ફક્ત ધારાસભ્યશ્રીની જોગવાઇમાંથી હાથ ધરી શકાય તેવા કામો
  - શહેરી વિસ્તારોમાં કો.ઓ.હાઉસીંગ સોસાયટીઓ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, હુડકો, ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ વગેરે પ્રકારની રહેણાંક સોસાયટીઓમાં પાણીની પાઈપલાઈનના કામો નીચેની શરતે લઈ શકાશે

૬. વિજળીકરણ

- વિજળીકરણના નવા કામો, સ્ટ્રીટ લાઇટ તથા એલ ઇ ડી હાઇ માસ્ટ લાઇટ ના કામો,
- સરકારી બિલ્ડીંગો / ઇમારતોમાં સૌર વીજળી ઉત્પન્ન કરવાના કામો (સરકારશ્રીની પ્રવર્તમાન યોજના મુજબના દરે તથા ઉપલબ્ધ સબસીડીનો ઉપયોગ કરવાનો રહેશે.)
- સરકારી આંગણવાડી, શૈક્ષણિક તથા આરોગ્ય સંસ્થાઓને ડીપોઝીટ સિવાયની બાકિની રકમ માટે વીજળી જોડાણ આપવાની યોજના
- ફક્ત ધારાસભ્યશ્રીની જોગવાઇમાંથી હાથ ધરી શકાય તેવા કામો

- ○ શહેરી વિસ્તારોમાં કો.ઓ.હાઉસીંગ સોસાયટીઓ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, હુડકો, ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ વગેરે પ્રકારની રહેણાંક સોસાયટીઓમાં સ્ટ્રીટ લાઈટના કામો

૭. પોષણ

- સરકારી આંગણવાડીના નવા મકાનો (રાજ્ય સરકારની પ્રવર્તમાન ટાઇપ ડીઝાઇન મુજબ)
- સરકારી આંગણવાડીના કમ્પાઉન્ડ વોલ, ગેટથી આંગણવાડીના મકાન સુધી પેવર બ્લોક, પીવાના પાણીને લગત સુવિધા
- સરકારી આંગણવાડીમાં રશોડુ, સ્ટોરરુમ તથા બાળકો માટે ભોજન બનાવવા તથા પીરશવાના સાધનો, અગ્નિશામક સાધનો વસાવવા
- સરકારી આંગણવાડીમાં બાળકોની તાલીમ માટે સંગીતના તથા રમત ગમતના શૈક્ષણિક સાધનો
- સરકારી આંગણવાડીના મકાનોની ભારે મરામત (માત્ર જાનહાનીનો ભય હોય તેવા કિસ્સામાં)

૮. નાની સિંચાઇ

- નવા ચેક ડેમ
- સિંચાઇની કેનાલના નવા કામો તથા અતિજરુરીઆતના રીપેરીંગ (સંબંધિત સિંચાઇ યોજનાની કચેરી દ્વારા અમલીકરણની શરતે)

૯. કૃષિ અને પશુપાલન

- સરકારી પશુ દવાખાનાનું બાંધકામ, કંપાઉન્ડ વોલ, પશુ દવાખાનાના કંમ્પાઉન્ડમાં પેવર બ્લોક અને સીસી પાથરવાનું કામ, શૌચાલય, પાણી પુરવઠાના કામ, ગટર, વીજળીકરણના કામ, ટ્રેવીસ
- ટ્રેવીસ, ઢોર પુરવાના ડબ્બા
- ગામમાં પશુઓને પીવાના પાણી માટે હવાડા
- ગ્રામ પંચાયતની ગૌશાળાને કમ્પાઉન્ડ વોલ, છાપરુ, હવાડા, ઘાસ ગોડાઉન, ટ્રેવીસ, શૌચાલય, પાણી પુરવઠા, ગટર, વીજળીકરણના કામ
- તાલુકા, નગરપાલિકા તથા મહાનગરપાલિકા હસ્તક ફરતુ પશુ દવાખાનું
- પક્ષીઘર બનાવવા
- પ્રોસેસિંગ પ્લાન્ટ, કોલ્ડ સ્ટોરેજ, બરફ પ્લાન્ટ, ફ્રીઝીંગ અને પેકિંગ પ્લાન્ટ સ્થાપવા સમુદાયના ઉપયોગ માટે માછલી અને માછીમારી ઉત્પાદનો
- માટી પરીક્ષણ પ્રયોગશાળાઓની સ્થાપના

૧૦. સમુહ વિકાસ અને પંચાયતો

- પંચાયત ઘરનું બાંધકામ, કમ્પાઉડ વોલ ગેટ સહિત (રાજ્ય સરકારની પ્રવર્તમાન ટાઇપ ડીઝાઇન મુજબ)
- ગ્રામ્ય અથવા શહેરી કક્ષાએ લાઇબ્રેરી ઉપલબ્ધ ન હોયતો લાઈબ્રેરી બાંધકામ તથા પુસ્તકો રાખવા કબાટ
- પંચાયત ઘરમાં શૌચાલય, પીવાના પાણીના કામો, ગટર, વીજળીકરણના કામ, પંચાયત ઘરના ગેટથી પંચાયતના મકાન સુધી પેવર બ્લોક

- ગ્રામ્ય કક્ષાએ વિકેન્દ્રિત જિલ્લા આયોજન અથવા એ.ટી.વી.ટી. યોજના હેઠળ દર પાંચ વર્ષે એક વાર ગ્રામ પંચાયત હસ્તકના કોમ્યુનીટી હોલનું બાંધકામ અથવા વધારાના રુમ

૧૧. સ્થાનિક વિકાસ

- એસ ટી પીકઅપ સ્ટેન્ડ
- સ્મશાનગૃહ- કબ્રસ્તાન (આ સિવાય અન્ય નામે ઓળખાતી જગ્યાઓ સહિત) સ્મશાન સગડી, પાણી પૂરવઠા, સ્મશાન શેડ, શૌચાલય, ઘાંસ- લાકડા ભરવા ગોડાઉન, સ્નાના ગૃહ, ગટરના કામો, નનામી અને કમ્પાઉન્ડ વોલ
- સામુદાયિક ડસ્ટબીન તેમજ ડોર ટુ ડોર કચરાના કલેક્શન માટે વાહન
- તાલુકા કક્ષાએ તથા શહેરી વિસ્તારમાં ફાયર ફાઇટર
- જાહેર સ્થળોએ બાંકડા (કુલ જોગવાઇના ૨.૫ ટકાની મર્યાદામાં)
- એસ.ટી. ડેપોમાં ડામર રોડ, સીસી રોડ, પેવર બ્લોક, જાહેર સૌચાલય, તથા પીવાના પાણીને લગત સુવિધાના કામો
- શહેરી વિસ્તારમાં કચરો એકત્રિત કરવા માટેના કન્ટેનર તથા રોડ સ્વીપર
- નગરપાલિકા, મહાનગરપાલિકા સંચાલિત સ્પોર્ટ્સ મેદાનોમાં Indoor game નાં મકાન બાંધકામની યોજના
- નગરપાલિકા, મહાનગરપાલિકા સંચાલિત લાયબ્રેરી માટે મોબાઇલ લાઇબ્રેરીઓ માટે વાહનોની ખરીદી

૧૨. આપત્તિ નિવારણ

- જિલ્લા ડીઝાસ્ટર મેનેજમેંટના પ્લાન અનુશાર અસરકારક આપત્તિ નિવારણ માટે લોકોને ચેતવણી આપવાના સાધનો, લાઇફ જેકેટ, લાઇફ બોટ, શેલ્ટર હોમ, વોટર પંપીંગ મશીન

- તાલુકા કક્ષા, નગરપાલિકા તથા મહાનગર પાલિકા કક્ષાએ ફાયર ફાયટર
- પૂર સંરક્ષણ દીવાલના કામો (ગામથળ બચાવવાના હેતુ માટે જ જોગવાઇના ૫%ની મર્યાદામાં )

૧૩. દિવ્યાંગજનો માટે સુવિધા

- સરકારી કચેરીઓ તથા સંસ્થાઓ માટે વ્હીલચેર, ટેકણઘોડી વસાવવા
- આ યોજના હેઠળ બનેલ મિલકતોમાં દિવ્યાંગજનોની સુવિધા માટે રેમ્પ
- સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં દિવ્યાંગોના શિક્ષણ માટે શૈક્ષણિક સાધનો

૧૪. મહિલા કલ્યાણ

- સરકારી સંસ્થાઓમાં સ્ત્રીઓ માટે અલાયદા રુમના બાંધકામ
- સરકારી પ્રાથમિક, માધ્યમિક શાળાઓ, આઇ.ટી.આઇ. તથા પોલીટેકનીકમાં શેનીટરી પેડ ઇનકાર્શીનેટર

૧૫. વાતાવરણીય સુધારણા

- તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા હસ્તક સામુદાયિક વાતાવરણ, પીવાના પાણી, ડ્રેનેજના ગંદા પાણી, તળાવો તથા નદિઓના શુધ્ધિકરણ માટેના મશીનરી તથા જરૂરી બાંધકામનાં કામો

૧૬. પ્રકિર્ણ

જિલ્લા આયોજન કચેરી દ્વારા કરવામાં આવતી ક્ષેત્રીય કામગીરી તથા વિનિયમનની કામગીરી માટે વાહન ખરીદી

મળવાપાત્ર કુલ જોગવાઇના મહત્તમ ૫ ટકા

- જિલ્લા આયોજન કચેરીનું મકાન તેમજ મિટીંગ હોલમાં જરુરી વ્યવસ્થા ઉભી કરવા
- જિલ્લા આયોજન કચેરી જિલ્લા આયોજનને લગતા અહેવાલો પ્રસિધ્ધ કરવા
- જિલ્લા આયોજન મંડળની લાયબ્રેરી માટે પુસ્તકો વસાવવા / સામાયિકો માટે
- જિલ્લા આંકડા અધિકારીની કચેરી તથા જિલ્લા આયોજન અધિકારીની કચેરી ખાતે આંકડાકીય કામગીરી માટે સાધનો વસાવવા

વિકેન્દ્રિત જિલ્લા અયોજન મંડળ હેઠળ બનેલ કે બનાવવામાં આવનાર અસ્કયામતોના નિભાવ અને મરામત માટે સંબંધિત યોજના હેઠળ

પરિશિષ્ઠ : ૨

નિષેધાત્મક કામોની યાદી

- આ યોજના હેઠળની કોઈપણ પ્રકારના ફક્ત મેટલ – માટી કામ, આવર્તક કે આ નિયમો હેઠળ સ્પષ્ટ દરશાવેલ ન હોય તેવા રિપેરીંગ પ્રકારના કામો થઈ શકશે નહી.
- કોઈપણ પ્રકારના રહેણાંક હેતુ માટેના મકાનો બનાવી શકાશે નહી.
- કોઈપણ પ્રકારના વાણિજ્યિક અથવા ખાનગી એકમો માટે ઉપયોગ શકાશે નહી.
- કોઈપણ યોજના હેઠળ તૈયાર થતી મિલકતોને કોઈપણ જીવીત કે મૃત વ્યક્તિનું માનકરણ આપી શકાશે નહી.

- કોઈપણ પ્રકારની ગ્રાંન્ટ,લોન, એડવાન્સ કે ડિપોઝીટની રકમ ઉપલબ્ધ કરાવવા માટે ઉપયોગ થઈ શકશે નહી.
- કોઈપણ પ્રકારની અન્ય કેન્દ્ર કે રાજ્ય સરકારના રાહત ફંડમાં કે અન્ય યોજનાઓમાં ફાર્મ બજાવવા ઉપયોગ થઈ શકશે નહી.
- આ યોજના હેઠળ કોઈપણ જમીન ખરીદી અથવા કોઈપણ પ્રકારના વળતર, નુકશાની ભરપાઈ માટે ઉપયોગ થઈ શકશે નહી.
- કોઈપણ પ્રકારના પૂર્ણ થયેલા અથવા અધુરા રહેલા કામના રીએમ્બર્સમેન્ટ, ત્યજી દેવાયેલા કામો, પ્રગતિમાં હોય તેવા કામો માટે જોગવાઈ કરી શકાશે નહી.
- આ યોજના હેઠળ કોઈપણ સંજોગોમાં વ્યક્તિગત લાભ, ચોક્કસ ધર્મ, જાતિ સમુદાયના હોય તે પ્રકારના કામો હાથ ધરી શકાશે નહી.
- જે- તે હેતુ માટે ઉપલબ્ધ ન હોય તેવી જગ્યાએ ગેરકાયદેસર વસાહતી વિસ્તારો, દબાણ થયેલ હોય તેવી જગ્યાઓ પર યોજના હેઠળ કામ ધરી શકાશે નહી.
- કોઈપણ પ્રકારના આવર્તક ખર્ચ માટે જોગવાઈ થઈ શકશે નહી.

પરિશિષ્ઠ – 3

| ક્રમ | વિગત | સંભવિત માસ / મર્યાદા |
|---|---|---|
| ૧ | વિલેજવાઇઝ  સર્વેની કામગીરી | જુલાઇ – ઓગષ્ટ |
| ૨ | ગેપ એનાલિસિસ કરી Village Development Plan તૈયાર કરવો | સપ્ટેમ્બર અંત સુધી |
| 3 | Village Development Plan ગ્રામસભામાં મંજૂર કરાવવો | ઓક્ટોમ્બર |
| ૪ | તાલુકા આયોજન મંડળ દ્વારા કામો મંજૂર કરવા | નવેમ્બર |
| ૫ | જિલ્લા આયોજન મંડળ દ્વારા કામો મંજૂર કરવા | ડીસેમ્બર |

| ક્રમ | વિગત | સંભવિત માસ / મર્યાદા |
|---|---|---|
| ૬ | કામોના તાંત્રીક અંદાજો રજૂ કરવા | જાન્યુઆરી |
| ૭ | વહીવટી મંજૂરી આપવાની કામગીરી | ફેબ્રુઆરી |
| ૮ | વર્ક ઓર્ડર આપવાની કામગીરી અને જ્યાં ટેન્ડર બહાર પાડવાનું થાય તેવા સંજોગોમાં ટેન્ડરીંગની પ્રક્રીયા પૂરી કરવા) | માર્ચ |
| ૯ | કામો શરુ કરવા | ૧લી એપ્રિલ |
| ૧૦ | કામો પૂર્ણ કરવા | ૩૧મી માર્ચ |

પરિશિષ્ઠ – ૪

યોજનાઓ હેઠળ અમલીકરણ માટે ધ્યાને લેવાની વિગતો

૧. તાલુકા આયોજન સમિતિ, જિલ્લા કાર્યવાહક આયોજન સમિતિમાં એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવે પરંતુ, એવું શક્ય ન હોય તેવા સમયે અધ્યક્ષશ્રીનો નિર્ણય આખરી નિર્ણય ગણાશે.

૨. આ યોજના હેઠળની સમિતિનીબેઠક દરમિયાન અધ્યક્ષશ્રી હાજર રહી શકે તેમ ના હોય તેવા કિસ્સામાં ઉપાધ્યક્ષ સમિતિના અધ્યક્ષ તરીકે ફરજ બજાવશે.

૩. તાલુકા આયોજન સમિતિએ રજૂ કરેલ આયોજન પૈકી જિલ્લા કલેક્ટરશ્રી તથા જિલ્લા આયોજન સમિતિ યોગ્ય કારણો દર્શાવી કોઇપણ કામ રદ્દ અથવા ફેરફાર કરી શકશે.

૪. તાલુકા આયોજન સમિતિ નિયત સમયમર્યાદામાં જિલ્લા આયોજન સમિતિ સમક્ષ રજૂ કરવા આયોજન રજૂ ન કરી શકે તેવા કિસ્સામાં જિલ્લા કલેક્ટરશ્રી તાલુકા આયોજન સમિતિની સત્તા પોતાના હસ્તક કરી સંબંધિત તાલુકાનું

આયોજન જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત તૈયાર કરાવી જિલ્લા આયોજન સમિતિમાં રજૂ કરશે તથા તાલુકા આયોજન સમિતિની નિષ્ફળતા બદલ કાર્યવાહિ હાથ ધરવાની રહેશે.

૫. તમામ યોજનાઓ હેઠળ કોઇપણ એક કામ રુ. ૨૫.૦૦ લાખની મર્યાદામાં મંજૂર કરી શકે છે.

૬. તમામ યોજનાઓ હેઠળ ૧૦%ની મર્યાદામાં બાંકડાના કામો મંજૂર કરવાના રહેશે.

૭. જિલ્લા આયોજન સમિતિ હેઠળ મંજૂર કરવાની થતી યોજનાઓ માટે જે તે વર્ષની ફળવાયેલ રકમના ૧૫%ની મહત્તમ મર્યાદામાં સી સી રોડ તથા ૧૦%ની મર્યાદામાં પેવરબ્લોક ના કામો મંજૂર કરવાના રહેશે.

૮.એટીવીટી યોજના હેઠળ ફક્ત ગામતળના જ કામો મંજૂર કરી શકાશે.

૯. આ યોજના હેઠળના દરેક કામ પર તક્તી મૂકવી. સાઇઝ : 2' X 11/2'  મૂકવાની રહેશે. જેનો ખર્ચ કિંમતના 1% અથવા રુ. ૧૦૦૦ જે ઓછુ હોય તે. ખર્ચની જોગવાઇ કામના કન્ટીજન્સી ખર્ચમાં કરવી તથા કામની તાંત્રિક મંજૂરી સમયે, કામ પ્રગતિમાં હોય તે સમયે તથા કામ પૂર્ણ થયેથી જિઓ ટેગિંગ અનિવાર્યપણે કરવાનું રહેશે. જે કામના ચૂકવણા પહેલા સૂનિચ્ચિત કરવાનું રહેશે. ધારાસભ્યશ્રી ગ્રાન્ટના કામોમાં તક્તિમાં ધારાસભ્યનું નામ લખવું.

૧૦.આયોજનના તમામ કામોમાં દિવ્યાંગજનો માટે સુગમ્યતા ઊભી કરવાની રહેશે.

૧૧.તમામ કામોના તાંત્રિકા અંદાજો તથા અમલીકરણ સંબધિત વિભાગના નિયત ધોરણો અનુશાર નિયત કરવાના રહેશે.

૧૨.યોજના હેઠળ કામને પ્રાથમિક મંજૂરી મળેથી નક્શા અંદાજ 30 દિવસમાં આપવાના રહે છે.

૧૩.મહાનગરપાલિકાના ધારાસભ્ય સમગ્ર મહાનગરપાલિકામાં કામ સૂચવી શકે.

૧૪. ધારાસભ્યશ્રી તથા જિલ્લા વહિવટી તંત્રની વિવેકાધીન જોગવાઇ હેઠળ વર્ષની શરુઆતના ૪ માસમાં કામો સૂચવે તે ઇચ્છનીય છે.

૧૫.ધારાસભ્ય ફંડમાંથી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગરીબ અને પછાત વરગની સોસાયટીઓ ઉપરાંત અન્ય તમામ ખાનગી સોસાયટીઓમાં રસ્તા અને સ્ટ્રીટલાઇટ માટે લોકફાળા હેઠળ સંબંધિત યોજનાની પ્રવર્તમાન જોગવાઇ મુજબ રકમ ફાળવી શકે છે.

૧૬.વિનિયમ અહેવાલ નિયત નમૂનામાં દરમાસે જિલ્લા આયોજન અધિકારીએ કલેક્ટર અને જિલ્લા આંકડા અધિકારીએ જિલ્લા વિકાસ અધિકારીને રજૂ કરવા તથા એક નકલ નાયબ સચિવ(એમ એલ પી) તથા એક નકલ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રને મોકલવી.

૧૭.જે સમિતિઓમાં ધારાસભ્ય સભ્ય તરીકે હોય તેવી સમિતિઓની બેઠક વિધાનસભા સત્ર ચાલુ હોયતો વિધાનસભાના કામકાજના દિવશે ન બોલાવતા શનિવાર અથવા રવિવારે બોલાવવી

૧૮.વિકેંદ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની વિવિધ યોજનાઓ હેઠળના જે કામોને મહાનગરપાલિકા / નગરપાલિકા અસ્તિત્વમાં આવી તે પહેલા ગ્રામ્ય વિસ્તાર/નગરપાલિકા વિસ્તાર તરીકે ગણી આયોજનમાં લેવામાં આવેલ હોય અને મંજૂરી આપવામાં આવેલ હોય તેવા કામો લગત અમલીકરણ અધિકારી મારફતે નિયમાનુશાર કાર્યવાહી કરીને સત્વરે સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

૧૯. જિલ્લા આયોજન સમિતિમાં જિલ્લા કક્ષાની તમામ યોજનાઓ હેઠળ હાથ ધરાયેલ તમામ કામોની સમિક્ષા હાથ ધરવાની રહેશે.

૨૦. યોજના હેઠળના તમામ કામો માટે ૧) કામ શરુ થયા પહેલા ૨) કામ પ્રગતિમાં હોય તથા ૩) કામ પૂર્ણ થયાના તબક્કાના જિયો ટેગિંગ નિયત વેબ સાઇટ પર થયા બાદ તે કામના ચૂકવણા કરવાના રહેશે. અન્યથા આ બાબતો નાણાકિય જોગવાઇના દુરઉપયોગ સમકક્ષ ગણી કાર્યવાહિ હાથ ધરવાની રહેશે.

## પરિશિષ્ટ 2: કૌલાગી સમિતિના 44 પછાતપણું પરિમાણો –

| Sl. No. | Sector |
|---|---|
| 1 | Density of Population |
| 2 | Percentage of Scheduled Castes and Scheduled Tribes to Total population |
| 3 | Percentage of Children in the Age group of 0-6 to total population |
| 4 | Percentage of Cultivators and Agricultural Labourers to total Workers |
| 5 | Percentage of Urban population to total population |
| 6 | Number of persons employed in non-agricultural establishments to total population |
| 7 | Percentage of households without electricity facilities |
| 8 | Percentage of households without latrine facilities |
| 9 | Percentage of households without drainage facilities |
| 10 | Percentage of households without access to tap water facilities |
| 11 | Percentage of Families living Below Poverty Line. |
| 12 | Percentage of irrigated area to gross cropped area |
| 13 | Percentage of areas sown more than once to net area sown |

| Sl. No. | Sector |
|---|---|
| 14 | Area under food crop to gross cropped area |
| 15 | Area under horticulture crops to gross cropped area |
| 16 | Number of Electric pump sets and diesel engines per thousand Hectares of gross cropped area |
| 17 | Number of Power operated farm equipment other than above, per thousand hectares of gross cropped area |
| 18 | Percentage of Milch Animals to Total Population |
| 19 | Mechanism in Livestock Management |
| 20 | Total number of Poultry birds (indigenous and improved variety) per thousand population |
| 21 | Number of registered small scale industrial units per lakh of population |
| 22 | Employment in registered small scale industrial units per lakh of population |
| 23 | Investment in small scale industrial units per lakh of population |
| 24 | Number of medium and large scale industrial units per lakh of population |
| 25 | Employment in medium and large scale industrial units per lakh of population |
| 26 | Investment in medium and large scale industrial units per lakh of population |
| 27 | Percentage of villages getting three phase power supply for 24 hours (Jyoti Gram) |
| 28 | Length of surfaced roads (pucca) per lakh of population |
| 29 | Length of surfaced roads (pucca) per 100 sq. kms. of area |
| 30 | Percentage of villages having no. of trips by State Transport Bus Services to total inhabited villages |
| 31 | Percentage of villages having one trip to State Transport Buses to total inhabited villages |
| 32 | Number of post offices per lakh of population |
| 33 | Number of Scheduled Commercial Bank branches per lakh of population |
| 34 | Number of Co-operative bank branches per lakh of population |
| 35 | General Literacy Rate of Talukas |
| 36 | Rural Female literacy rate |
| 37 | Extent of physical amenities available in primary schools (drinking water, electricity, toilet facility, compound wall and playground) |

| Sl. No. | Sector |
|---|---|
| | (i) Percentage of School without electricity |
| | (ii) Percentage of School without T.V. |
| | (iii) Percentage of School without drinking water facility |
| | (vi) Percentage of School with sanitation unit |
| 38 | Number of secondary and higher secondary schools per lakh of population |
| 39 | Number of secondary and higher secondary schools per lakh of population |
| 40 | Number of students appearing in H.S.C. examination (average of last three years) per lakh of population |
| 41 | Number of Hospitals beds per lakh of population |
| 42 | Doctors (Ayurvedic and Homeopathic) population ratio |
| 43 | Percentage of Institutional deliveries |
| 44 | Percentage of mal-nourished children (0 to 6 age group) |

## પરિશિષ્ટ ૩: પછાત તાલુકો માટે ૪૫ HDI-આધારિત સૂચકાંકો –

### 2.1 Health & Nutrition –

| Sl. No. | Theme | # | Indicator Name | Weight |
|---|---|---|---|---|
| 1 | Health & Nutrition | 1 | Percentage of Pregnant Women receiving three or more antenatal care check-ups against total early ANC registrations | 1.00 |
| 2 | Health & Nutrition | 2 | Percentage of ANC registered within the first trimester against total ANC registrations | 1.00 |
| 3 | Health & Nutrition | 3 | Percentage of pregnant women (PW) registered for ANC against estimated pregnancies | 2.00 |
| 4 | Health & Nutrition | 4 | Percentage of Pregnant women having severe anemia treated against PW having | 1.50 |

| Sl. No. | Theme | # | Indicator Name | Weight |
|---|---|---|---|---|
| | | | severe anemia tested cases | |
| 5 | Health & Nutrition | 5 | Percentage of pregnant women tested for hemoglobin 4 or more than 4 times for respective ANCs against total ANC registration | 1.00 |
| 6 | Health & Nutrition | 6 | Sex Ratio at birth | 2.00 |
| 7 | Health & Nutrition | 7 | Percentage of institutional deliveries out of total registered deliveries | 2.00 |
| 8.1 | Health & Nutrition | 8.1 | Tuberculosis (TB) case notification rate (Public and Private Institutions) as against estimated cases | 0.75 |
| 8.2 | Health & Nutrition | 8.2 | TB treatment success rate among notified TB patients (public and private)(in %) | 0.75 |
| 9 | Health & Nutrition | 9 | Percentage of low birth weight babies (Less than 2500 gms) | 1.50 |
| 10 | Health & Nutrition | 10 | Proportion of live babies weighed at birth | 1.50 |
| 11 | Health & Nutrition | 11 | Percentage of children fully immunized (9-11 months) (BCG+ DPT3 + OPV3 + Measles1) | 2.50 |
| 12 | Health & Nutrition | 12 | Infant mortality against total birth | 3.00 |
| 13 | Health & Nutrition | 13 | Percentage of Severe Acute Malnutrition (SAM) | 2.00 |
| 14 | Health & Nutrition | 14 | Percentage of Moderate Acute Malnutrition (MAM) | 2.00 |
| 15 | Health & Nutrition | 15 | Percentage of pregnant women taking Supplementary Nutrition under the ICDS Programme regularly | 2.00 |
| 16 | Health & Nutrition | 16 | % of Zero month - Five year old children weighed at AWCs | 1.50 |
| 17 | Health & Nutrition | 17 | Percentage of Anganwadis centers reported to have conducted at least one Village Health Sanitation & Nutrition day in the last one month (Mamta divas) | 1.00 |
| 18 | Health & Nutrition | 18 | Percentage of AWCs having toilet facility | 1.00 |
| Total weightage of Health & Nutrition | | | | 30 |

## 2.2 Education

| Sl. No. | Theme | # | Indicator Name | Weight |
|---|---|---|---|---|
| 19 | Education | 1 | % of students having more than 80% attendance in elementary (overall) | 2.25 |

| Sl. No. | Theme | # | Indicator Name | Weight |
|---|---|---|---|---|
| 20 | Education | 2 | % of students having more than 80% attendance in secondary (overall) | 2.25 |
| 21 | Education | 3 | % students having more than 60% marks in SAT in std. 3 (Maths) | 2.25 |
| 22 | Education | 4 | % students having more than 60% marks in SAT in std. 3 (EVS) | 2.25 |
| 23 | Education | 5 | % students having more than 60% marks in SAT in std. 3 (Gujarati) | 2.25 |
| 24 | Education | 6 | % students having more than 60% marks in SAT in std. 5 (Maths) | 2.25 |
| 25 | Education | 7 | % students having more than 60% marks in SAT in std. 5 (EVS) | 2.25 |
| 26 | Education | 8 | % students having more than 60% marks in SAT in std. 5 (Gujarati) | 2.25 |
| 27 | Education | 9 | % students having more than 60% marks in SAT in std. 8 (Maths) | 2.25 |
| 28 | Education | 10 | % students having more than 60% marks in SAT in std. 8 (Science) | 2.25 |
| 29 | Education | 11 | % students having more than 60% marks in SAT in std. 8 (Gujarati) | 2.25 |
| 30 | Education | 12 | Proportion of schools with Access to Disabled Friendly Toilet | 1.25 |
| 31 | Education | 13 | Proportion of schools with Access to Disabled Friendly Ramp | 1.00 |
| 32 | Education | 14 | ICT enablement of Government Secondary and Higher Secondary schools (%) | 1.50 |
| 33 | Education | 15 | %age of Schools having Smart class under Gyankunj Project to total schools | 1.50 |
| Total weightage of Education | | | | 30 |

## 2.3 Employment & Skill Development

| Sl. No. | Theme | # | Indicator Name | Weight |
|---|---|---|---|---|
| 34 | Employment & Skill Development | 1 | % Achievement under Mukhyamantri Apprenticeship Yojana | 3.25 |
| 35 | Employment & Skill Development | 2 | % age of Women youth certified trained under short term and long term training to total youth certified trained | 3.25 |
| 36 | Employment & Skill Development | 3 | % age of SC youth certified trained under short term and long term training to total youth certified trained | 3.25 |
| 37 | Employment & Skill Development | 4 | % age of ST youth certified trained under short term and long term training to total youth certified trained | 3.25 |
| 38 | Employment & Skill | 5 | % age of OBC youth certified trained under short term and long term training to | 3.25 |

| Sl. No. | Theme | # | Indicator Name | Weight |
|---|---|---|---|---|
| | Development | | total youth certified trained | |
| 39 | Employment & Skill Development | 6 | Timely Payment Under MNREGA (in %) | 3.25 |
| 40 | Employment & Skill Development | 7 | % Cash credit to SHGs achieved under NRLM | 3.5 |
| 41 | Employment & Skill Development | 8 | % Persondays generated against yearly target under MGNREGA | 3.5 |
| 42 | Employment & Skill Development | 9 | % Households benefitted employment under MGNREGA | 3.5 |
| Total weightage of Employment & Skill Development | | | | 30 |

## 2.4 Rural Development & Infrastructure

| Sl. No. | Theme | # | Indicator Name | Weight |
|---|---|---|---|---|
| 43 | Rural Development & Infrastructure | 1 | % Houses completed under PMAY(Rural) | 4.00 |
| 44 | Rural Development & Infrastructure | 2 | %Households with Tap water connectivity in Rural Area | 4.00 |
| 45 | Rural Development & Infrastructure | 3 | % of roads completed under MMGSY | 2.00 |
| Total weightage of Rural Development & Infrastructure | | | | 10 |

## પરિશિષ્ટ ૪: રાજ્યભરમાં જિલ્લા આયોજન કચેરીઓમાં ગુજરાત સ્ટેટિસ્ટિકલ સર્વિસ કેડરમાં સ્ટાફમાં વધારો પ્રસ્તાવિત

**જિલ્લા આયોજન કચેરી ખાતે ગુજરાત આંકડાકીય સેવા સંવર્ગમાં હાલની મંજૂર મહેકમની પરિસ્થિત સામે સૂચિત મહેકમ વધારાની વિગત**

| અ. નં. | જિલ્લા આયોજન કચેરીનું નામ | વિકેન્દ્રિત જીલ્લા આયોજન અંતર્ગત મળવાપાત્ર ગ્રાંટ (રુ. કરોડમાં) | | માન.સંસદ સભ્યશ્રીઓ | માન.ધારા સભ્યશ્રીઓ | તાલુકાઓની સંખ્યાઓ | વિકાસશીલ તાલુકા | એસ્પીરિશન તાલુકા | સંશોધન અધિકારી | સંશોધન મદદનીશ | આંકડા મદદનીશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૫-૨૬ | ૨૦૨૪-૨૫ | | | | | | | | |
| ૧ | પોરબંદર | ૧૬.૪૫ | ૧૪.૭૦ | ૧ | ૨ | ૩ | ૦ | ૦ | | | ૧ |
| ૨ | બોટાદ | ૨૨.૫૫ | ૨૦.૫૫ | ૦ | ૨ | ૪ | ૧ | ૦ | | | ૧ |
| ૩ | દેવભૂમિ દ્રારકા | ૨૩.૮૦ | ૨૧.૮૦ | ૦ | ૨ | ૪ | ૧ | ૦ | | | ૧ |
| ૪ | ડાંગ | ૨૪.૭૦ | ૨૩.૭૦ | ૦ | ૧ | ૩ | ૩ | ૧ | | ૧ | ૦ |
| ૫ | મોરબી | ૨૫.૯૦ | ૨૨.૯૦ | ૦ | ૩ | ૫ | ૦ | ૦ | | | ૨ |
| ૬ | ગાંધીનગર | ૨૮.૦૫ | ૨૩.૦૫ | ૧ | ૫ | ૪ | ૦ | ૦ | | | ૦ |
| ૭ | ગીર સોમનાથ | ૩૦.૨૫ | ૨૬.૨૫ | ૦ | ૪ | ૬ | ૦ | ૦ | | | ૨ |
| ૮ | નવસારી | ૩૦.૭૫ | ૨૭.૦૦ | ૧ | ૪ | ૬ | ૦ | ૦ | | | ૨ |
| ૯ | નર્મદા | ૩૦.૯૦ | ૨૮.૯૦ | ૦ | ૨ | ૫ | ૨ | ૧ | | | ૨ |
| ૧૦ | અરવલ્લી | ૩૧.૦૦ | ૨૮.૦૦ | ૦ | ૩ | ૬ | ૦ | ૦ | | | ૨ |
| ૧૧ | જામનગર | ૩૩.૭૫ | ૨૮.૭૫ | ૧ | ૫ | ૬ | ૦ | ૦ | | | ૨ |
| ૧૨ | વલસાડ | ૩૭.૭૫ | ૩૩.૦૦ | ૧ | ૫ | ૬ | ૧ | ૦ | | | ૧ |

| અ. નં. | જિલ્લા આયોજન કચેરીનું નામ | વિકેન્દ્રિત જીલ્લા આયોજન અંતર્ગત મળવાપાત્ર ગ્રાંટ (રુ. કરોડમાં) | | માન.સંસદ સભ્યશ્રીઓ | માન.ધારા સભ્યશ્રીઓ | તાલુકાઓની સંખ્યાઓ | વિકાસશીલ તાલુકા | એસ્પીરિશન તાલુકા | સંશોધન અધિકારી | સંશોધન મદદનીશ | આંકડા મદદનીશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૫-૨૬ | ૨૦૨૪-૨૫ | | | | | | | | |
| ૧૩ | મહિસાગર | ૩૯.૦૦ | ૩૬.૦૦ | ૦ | ૩ | ૬ | ૩ | ૦ | | ૧ | ૨ |
| ૧૪ | સાબરકાંઠા | ૩૯.૨૦ | ૩૫.૨૦ | ૧ | ૪ | ૮ | ૦ | ૦ | | | ૨ |
| ૧૫ | તાપી | ૪૦.૩૫ | ૪૩.૧૦ | ૦ | ૨ | ૭ | ૪ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧૬ | જૂનાગઢ | ૪૨.૫૫ | ૩૭.૫૫ | ૧ | ૫ | ૧૦ | ૦ | ૦ | | | ૫ |
| ૧૭ | છોટા ઉદેપુર | ૪૩.૨૫ | ૪૦.૨૫ | ૧ | ૩ | ૬ | ૪ | ૨ | | ૧ | ૨ |
| ૧૮ | આણંદ | ૪૩.૭૦ | ૩૭.૪૫ | ૧ | ૭ | ૮ | ૦ | ૦ | | | ૩ |
| ૧૯ | ભરૂચ | ૪૬.૫૫ | ૪૧.૫૫ | ૧ | ૫ | ૯ | ૧ | ૦ | | | ૩ |
| ૨૦ | ખેડા | ૪૭.૧૫ | ૪૬.૧૫ | ૧ | ૬ | ૧૦ | ૦ | ૦ | | | ૫ |
| ૨૧ | અમરેલી | ૪૮.૨૫ | ૪૩.૦૦ | ૧ | ૫ | ૧૧ | ૦ | ૦ | | | ૩ |
| ૨૨ | પાટણ | ૪૮.૮૦ | ૪૪.૮૦ | ૧ | ૪ | ૯ | ૩ | ૧ | | ૧ | ૪ |
| ૨૩ | મહેસાણા | ૫૦.૪૦ | ૪૩.૬૫ | ૧ | ૭ | ૧૦ | ૦ | ૦ | | | ૪ |
| ૨૪ | વડોદરા | ૫૨.૯૫ | ૪૨.૯૫ | ૧ | ૧૦ | ૮ | ૦ | ૦ | ૧ | | ૩ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૫૩.૪૦ | ૪૮.૬૫ | ૧ | ૫ | ૧૦ | ૩ | ૧ | | ૧ | ૩ |

| અ. નં. | જિલ્લા આયોજન કચેરીનું નામ | વિકેન્દ્રિત જીલ્લા આયોજન અંતર્ગત મળવાપાત્ર ગ્રાંટ (રુ. કરોડમાં) | | માન.સંસદ સભ્યશ્રીઓ | માન.ધારા સભ્યશ્રીઓ | તાલુકાઓની સંખ્યાઓ | વિકાસશીલ તાલુકા | એસ્પીરિશન તાલુકા | સંશોધન અધિકારી | સંશોધન મદદનીશ | આંકડા મદદનીશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૫-૨૬ | ૨૦૨૪-૨૫ | | | | | | | | |
| ૨૬ | ભાવનગર | ૫૩.૬૫ | ૪૬.૬૫ | ૧ | ૭ | ૧૦ | ૧ | ૦ | | | ૪ |
| ૨૭ | રાજકોટ | ૫૪.૫૦ | ૪૬.૫૦ | ૧ | ૮ | ૧૧ | ૦ | ૦ | ૧ | | ૪ |
| ૨૮ | પંચમહાલ | ૫૫.૧૦ | ૪૫.૧૦ | ૧ | ૫ | ૭ | ૪ | ૧ | | ૧ | ૩ |
| ૨૯ | કચ્છ | ૫૬.૬૫ | ૫૦.૯૦ | ૧ | ૬ | ૧૦ | ૨ | ૨ | ૧ | | ૨ |
| ૩૦ | દાહોદ | ૬૮.૮૦ | ૬૨.૮૦ | ૧ | ૬ | ૯ | ૮ | ૧ | | ૨ | ૪ |
| ૩૧ | સુરત | ૭૩.૫૫ | ૫૭.૫૫ | ૨ | ૧૬ | ૧૦ | ૧ | ૦ | ૧ | | ૩ |
| ૩૨ | અમદાવાદ | ૮૧.૮૦ | ૬૦.૮૦ | ૨ | ૨૧ | ૧૦ | ૦ | ૦ | ૧ | | ૩ |
| ૩૩ | બનાસકાંઠા | ૯૮.૦૫ | ૮૯.૦૫ | ૧ | ૯ | ૧૪ | ૯ | ૧ | ૧ | ૨ | ૫ |
| | **કુલ** | **૧૪૭૩.૫૦** | **૧૨૯૮.૨૫** | **૨૬** | **૧૮૨** | **૨૫૧** | **૫૧** | **૧૩** | **૭** | **૯** | **૬૪** |

પરિશિષ્ટ ૫: જિલ્લા આયોજન કાર્યાલય અને સામાન્ય વહીવટ વિભાગ વચ્ચે મધ્યસ્થી તરીકે કાર્ય કરવા માટે જિલ્લા આયોજન કાર્યાલય ખાતે દેખરેખ સેલ અને પોસ્ટ્સ/કેડરની રચનાનો પ્રસ્તાવ.

| Sl. No. | Designation | No. of posts |
|---|---|---|
| 1 | Joint Director, Class I | 1 |
| 2 | Deputy Director, Class I | 2 |
| 3 | Research Officer, Class II | 3 |
| 4 | Research Assistant, Class III | 3 |
| 5 | Statistical Assistant, Class III | 3 |
| Total | | 2.00 |

## સ્વીકૃતિઓ:

ગુજરાત વહીવટી સુધારા આયોગે નીચેના અધિકારીઓની નિમણૂક કરી છે. –

| નામ અને હોદ્દો | કમિશનમાં ભૂમિકા |
|---|---|
| ડો. હસમુખ અઢિયા, IAS (નિવૃત્ત)<br>મુખ્ય સલાહકાર માન. મુખ્ય પ્રધાન | અધ્યક્ષ |
| શ્રી પંકજ જોશી, IAS<br>માનનીય મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય | સભ્ય |
| શ્રીમતી સુનૈના તોમર, IAS<br>અધિક મુખ્ય સચિવ,<br>સામાન્ય વહીવટ વિભાગ (કાર્મિક), ગુજરાત સરકાર | સભ્ય |
| ડૉ. ટી. નટરાજન, IAS<br>મુખ્ય સચિવ,<br>નાણા વિભાગ, ગુજરાત સરકાર | સભ્ય |
| શ્રી હરીત શુક્લા, IAS<br>મુખ્ય સચિવ, ARTD/NRI, ગુજરાત સરકાર | સભ્ય સચિવ |
| શ્રીમતી પી. ભારતી, IAS<br>સચિવ,<br>વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ | સભ્ય |

નીચેના વ્યક્તિઓએ કમિશન માટે સંશોધન અને વિચારધારાને ટેકો આપ્યો છે:

| નામ | હોદ્દો |
|---|---|
| હિતેશ પટેલ | ઉપસચિવ, ગુજરાત સરકાર |
| સૌમ્યા લાઠિયા | મુખ્યમંત્રીના ફેલો, ગુજરાત |
| તુષાર મેશ્રામ | મુખ્યમંત્રીના ફેલો, ગુજરાત |
| કુણાલ અપસ્તંબ | મુખ્યમંત્રીના ફેલો, ગુજરાત |

| નામ | હોદ્દો |
|---|---|
| નિકિતા ટાંક | મુખ્યમંત્રીના ફેલો, ગુજરાત |

## આભારની ખાસ નોંધ

ગુજરાત વહીવટી સુધારા આયોગ આ અહેવાલના વિકાસમાં અમૂલ્ય યોગદાન બદલ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) ના નીચેના અધિકારીઓનો આભાર માને છે –

૧. સુશ્રી આર્દ્રા અગ્રવાલ IAS, સચિવ, GAD (આયોજન)

૨. સુશ્રી માયા ડાભી, નાયબ સચિવ, GAD (આયોજન)

૩. શ્રી. ગિરિરાજ સોલંકી, ડેપ્યુટી સેક્રેટરી (આઇ/સી), GAD (આયોજન)

૪. ડૉ. આર. આર. પંડ્યા, નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર

૫. શ્રી બી.એ. ગોહિલ, સંયુક્ત નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર

૬. શ્રી બી.કે. જોશી, સંયુક્ત નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર

૭. શ્રી સી.એ. ભટ્ટ, સંયુક્ત નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર

૮. શ્રી એન.જી. પટેલ, પ્રાદેશિક સંયુક્ત નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર

૯. કુમ. એસ.બી. ડાભી, નાયબ નિયામક, આરોગ્ય કમિશનરેટ, ગાંધીનગર

૧૦. શ્રી. એન.જી. પટેલ, જિલ્લા આંકડા અધિકારી, જિલ્લા પંચાયત, અમદાવાદ

૧૧. શ્રી. એમ.બી. ગામીત, નાયબ નિયામક, મૂલ્યાંકન નિયામકની કચેરી, ગાંધીનગર

૧૨. કુમ. એસ.બી. ડાભી, નાયબ નિયામક, આરોગ્ય કમિશનરેટ, ગાંધીનગર

૧૩. શ્રી. જે.બી. વિરપુરા, સંશોધન અધિકારી, ગાંધીનગર

ઉપરોક્ત અધિકારીઓએ તેમના મૂલ્યવાન ડેટા યોગદાન અને સમજદાર દ્રષ્ટિકોણથી આ અહેવાલના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેણે બહુ-સ્તરીય આયોજન પરના પ્રથમ GARC અહેવાલને વિકસાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

GAD (આયોજન) તરફથી સમર્પિત સંડોવણી, વિશ્લેષણાત્મક કુશળતા અને પારદર્શિતા પ્રત્યેની પ્રતિબદ્ધતાએ આ અહેવાલની ગુણવત્તા અને સુસંગતતાને ખૂબ જ સમૃદ્ધ બનાવી છે. આ પ્રક્રિયા દરમ્યાન દર્શાવવામાં આવેલી સહયોગી ભાવના અને પ્રતિભાવ અસરકારક શાસન અને આંતર-વિભાગીય સંકલન પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રદર્શન છે.